પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૯-૪-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૫, અંક : ૪૫

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

જયારે અક્કલ ઉપર
પડદો લાગી જાય
ત્યારે સમજાવાવાળા જ
ખોટા લાગે છે...




# જનાદેશનો આજ ટ્રેન્ડ જળવાઈ રહેશે તો વિધાનસભામાં ચૂંટણીમાં ભાજપ ૧૭૦થી વધુ બેઠકો જીતશે

## સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં શાનદાર જીતે ભાજપ માટે ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં જીતનો માર્ગ વધુ સરળ અને મજબુત બનાવી દીધોઃ હવે વિધાનસભામાં પણ ભાજપ અખતરા કરતા અચકાશે નહીં

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપનો શાનદાર વિજય થયો છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં તમામ ૧૫ મહાપાલિકામાં ભાજપ તોતીંગ બહુમતિ સાથે વિજેતા બન્યું છે. જ્યારે ૩૪ જિલ્લા પંચાયતમાંથી ભાજપે ૩૩ જિલ્લા પંચાયત અંકે કરી છે. ૮૪ નગરપાલિકાઓમાંથી ૭૬ નગરપાલિકાઓમાં ભાજપને પૂર્ણ બહુમત પ્રાપ્ત થયો છે. જ્યારે ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકાપંચાયતમાં કમળ પૂર્ણ બહુમત સાથે સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. મોટાભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કોંગ્રેસને માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેટલી બેઠકો પણ મળી નથી. જો જનાદેશનો આ જ ટ્રેન્ડ યથાવત રહે તો દોઢ વર્ષ પછી એટલે કે, વર્ષ ૨૦૨૭ના અંતમાં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૧૭૦ બેઠકો જીતી રાજ્યમાં સતત ૮ મી વખત સત્તારૂઢ થાય તેવા સંજોગો હાલ દેખાઈ રહ્યા છે. સત્તાના સેમિફાઈનલ સમા જંગમાં ભાજપની શાનદાર જીતે વિધાનસભાની આગામી ચૂંટણીમાં પક્ષની જીતનો માર્ગ વધુ સરળ સાથે મજબુત બનાવી દીધો છે. કારમાં પરાજય બાદ જો હવે કોંગ્રેસ ચિંતન કરવાના બદલે ગંભીરતાથી ચિંતા નહીં કરે તો ગુજરાતની રાજનીતિ માંથી પંજાનું અસ્તિત્વ સંપૂર્ણપણે વિખેરાઈ જશે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી. ગમે તેટલી મોટી જીત મળી હોય છતાં ભાજપ ક્યારેય જીતના ઉન્માદમાં રહેતો નથી એક ચૂંટણી પૂરી થાય કે બીજી ચૂંટણીમાં ફતેહ મેળવવા માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવે છે. હવે મહાપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પદાધિકારીઓને નિમણુંક કર્યા બાદ ભાજપ દ્વારા તુરંત જ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભી દેવામાં આવશે.

ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ભાજપ પૂર્ણ બહુમત સાથે સત્તાસુખ ભોગવી રહ્યુ છે. ૧૯૯૫માં પ્રથમવાર ગુજરાતમાં ભાજપને સત્તાસુખ મળ્યું હતું. ત્યારબાદ સરકાર દ્વારા એક માત્ર વિકાસની રાજનીતિને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. જેના કારણે કમળ વિધાનસભાની છેલ્લી સાત ચૂંટણીથી પૂર્ણ બહુમત સાથે સોળે કળાએ ખીલી રહ્યું છે. ૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને રેકોર્ડબ્રેક ૧૫૬ બેઠકો મળી હતી. ત્યાર બાદ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના

(અનુ. આઠમા પાને)




## મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પદાધિકારીઓની નિમણુંક બાદ આરામ કરવાના બદલે ભાજપ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ આરંભી દેશે

### કોંગ્રેસ કારમાં પરાજય બાદ હવે ચિંતન કરવાને બદલે ગંભીરતા સાથે ચિંતા નહીં કરે તો ગુજરાતની રાજનીતિમાંથી પંજાનું અસ્તિત્વ સંપૂર્ણપણે વિખેરાઈ જશે

### સરકાર અને સંગઠનની જોડીના કારણે સુંદર પરિણામ

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા વચ્ચે જબરજસ્ત સંકલન છે. સરકાર અને સંગઠન એક જોડી બનીને પ્રજાલક્ષી કાર્યો કરી રહી છે.

જેના કારણે ગુજરાતમાં ભાજપને ધાર્યા કરતા સવાયા પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. સરકાર દ્વારા લેવામાં આવતા પ્રજાલક્ષી નિર્ણયોને સંગઠનના કાર્યકરો છેક છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચાડી દે છે એટલું જ નહીં ચુંટાયેલા જનપ્રતિનિધિઓના લોકસંપર્ક કાર્યાલયો પણ સતત ધમધમતા રહે છે. જેના કારણે લોકોને સરળતાથી સરકારી સુવિધાઓ પ્રાપ્ત થઈ જાય છે. સરકાર અને સંગઠન વચ્ચેના સુંદર સમનવયના કારણે ભાજપને ધાર્યા કરતા સારા પરિણામો પ્રાપ્ત થાય છે.

# મહાપાલિકાઓમાં ભાજપનો વોટ શેર ૫૯.૩૬ ટકા અને જિલ્લા પંચાયતમાં ૫૨.૨૩ ટકા રહ્યો!

## નગરપાલિકાઓમાં ભાજપને મળેલા મતની ટકાવારી ૫૨.૫૧ ટકા અને તાલુકા પંચાયતમાં ૫૧ ટકાથી વધુ નોંધાઈ : વોટ શેરમાં કોંગ્રેસ ભાજપથી માઈલો દૂર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં કમળના વાવાઝોડાએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને તહસ-નહસ કરી નાખ્યું છે. શહેરી વિસ્તારોમાં તો વરસોથી ભાજપનું વર્ચસ્વ જોવા મળી રહ્યુ છે. હવે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કમળ કાઠુ કાઢી રહ્યું હોય તેવું લાગી રહ્યુ છે. વોટ શેરની દ્રષ્ટિએ કોંગ્રેસ કરતા ભાજપ ઘણું આગળ છે. ચૂંટણી હોય કે ન હોય ભાજપની સંગઠનની ટીમ હંમેશા પક્ષનો વોટ શેર કેવી રીતે વધે તેના માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. કાયમી ધોરણે પ્રજા વચ્ચે રહેવાની પક્ષની નીતિના કારણે ગુજરાતમાં ભાજપ છેલ્લા ત્રણ દાયકાથી એકહથુ શાસન ધરાવે છે. મહાપાલિકામાં ભાજપનો વોટ શેર ૫૯.૩૬ ટકા જેવો રહેવા પામ્યો હતો. જ્યારે જિલ્લા પંચાયતોમાં ભાજપનો વોટ શેર ૫૨.૨૩ ટકા જેવો રહ્યો છે.

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં ભાજપની જીત થઈ છે. જેમાં વોટ શેરની વાત કરવામાં આવે તો ભાજપનો વોટ શેર ૫૯.૩૬ ટકા રહેવા પામ્યો હતો. જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૨૬.૪૬ ટકા રહ્યો છે. ૧૫ મહાપાલિકાની ૧૦૪૪ બેઠકો માંથી ભાજપ ૯૩૭ બેઠકો જીત્યું છે. જ્યારે કોંગ્રેસ તેનાથી ૧૦ ટકા બેઠકો જીતી શક્યું છે. કોંગ્રેસના ફાળે માત્ર ૯૫ બેઠક આવી છે. જ્યારે અન્ય પક્ષોના ફાળે ૧૨ બેઠક આવી છે. ૩૪ જિલ્લા પંચાયતો પૈકી ૩૩ જિલ્લા પંચાયતોમાં ભાજપને પૂર્ણ બહુમત પ્રાપ્ત થયો છે. જિલ્લા પંચાયતમાં ભાજપના વોટ શેરની ટકાવારી ૫૨.૨૩ ટકા રહી છે. જ્યારે સામાપક્ષે કોંગ્રેસનો વોટ શેર ૩૩.૭૦ ટકા રહ્યો છે. જિલ્લા પંચાયતની કુલ ૧૦૯૦ બેઠકો માંથી ભાજપ ૮૯૨ બેઠકો જીત્યું છે. સામાપક્ષે કોંગ્રેસ ૧૩૬ બેઠકો જીતવામાં સફળ રહ્યુ છે. જ્યારે અન્યના ફાળે ૬૨ બેઠકો આવી છે. ૮૪ નગરપાલિકાઓમાંથી ૭૮ નગરપાલિકાઓમાં ભાજપનું કમળ સોળેકળાએ ખીલી ઉઠ્યું છે. નગરપાલિકાઓમાં ભાજપનો વોટ શેર ૫૨.૫૧ ટકા રહ્યો છે. સામાપક્ષે કોંગ્રેસનો વોટ શેર ૩૦.૭૮ ટકા રહેવા પામ્યો છે. નગરપાલિકાઓની કુલ ૨૬૨૪ બેઠકમાંથી ભાજપે ૧૯૯૧ બેઠકો જીતી છે. જ્યારે કોંગ્રેસના ફાળે ૪૫૯ બેઠક આવી છે. અને

(અનુ. આઠમા પાને)

# બંગાળમાં અંતિમ તબક્કાનું મતદાન શરૂ વોટીંગની ટકાવારી વચ્ચે હિંસા ફાટી નિકળશે?

## સામાન્ય રીતે ભારતમાં કોઈ પણ ચૂંટણીમાં ૯૦%થી વધુ મતદાન થવું એ ખૂબ જ દુર્લભ ઘટના માનવામાં આવે છે ત્યારે પહેલા તબક્કામાં ૯૩% થી પણ વધુ મતદાન નોંધાયું હતું

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાનું મતદાન શરૂ થઈ ગયું છે, પરંતુ આ વખતે લડાઈ માત્ર પક્ષો વચ્ચે નથી, પણ આંકડાઓ અને 'ડર' વચ્ચે પણ છે. પ્રથમ તબક્કામાં થયેલા ૯૩% જેટલા તોતિંગ મતના ટકાએ રાજકીય પંડિતોને વિચારતા કરી દીધા છે. જે વિસ્તારો અત્યાર સુધી તૃણમૂલ કોંગ્રેસ માટે સુરક્ષિત માનવામાં



આવતા હતા, ત્યાં હવે કાંટાની ટક્કર જોવા મળી રહી છે. આ વખતે એસઆઈઆર (જેના કારણે મતદાર યાદીમાંથી લાખો નામો કપાયા છે) ના કારણે મતદારોમાં એક પ્રકારનો ડર અને જાગૃતિ છે, જેના લીધે તેઓ મોટી સંખ્યામાં બહાર નીકળી રહ્યા છે.

૭ જિલ્લાની ૧૪૨ બેઠકો પર મતદાન. આ ૧૪૨ બેઠકોમાંથી ટીએમસી પાસે ૧૨૩ અને બીજેપી પાસે માત્ર ૧૮ બેઠકો હતી. એસઆઈઆર પ્રક્રિયા પહેલા ૩.૬૯ કરોડ મતદારો હતા, જે હવે ઘટીને ૩.૨૩ કરોડ થઈ ગયા છે. લગભગ ૪.૬૪ લાખ મતદારોના નામ યાદીમાંથી કમી કરવામાં આવ્યા છે. ચૌરંગી, મેટિયાબ્રુઝ અને કોલકાતા પોર્ટ જેવા વિસ્તારોમાં હજારો મતદારોના નામ ડિલીટ થયા છે.

આ તબક્કો ટીએમસી માટે એટલે મહત્વનો છે કારણ કે મમતા બેનર્જીની કેબિનેટના મોટાભાગના મંત્રીઓ અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી સામે શુભેન્દુ અધિકારીની એન્ટ્રીએ આ બેઠકને હાઈ-પ્રોફાઈલ જંગ બનાવી દીધો છે. ફિરહાદ હકીમ, બ્રત્યા બસુ અને અરૂપ વિશ્વાસ જેવા દિગ્ગજોનું નસીબ પણ આજે ઈવીએમમાં કેદ થશે.પહેલા તબક્કામાં ૯૩% થી પણ વધુ મતદાન નોંધાયું હતું. સામાન્ય રીતે ભારતમાં કોઈ પણ ચૂંટણીમાં ૯૦% થી વધુ મતદાન થવું એ ખૂબ જ દુર્લભ ઘટના માનવામાં આવે છે. આ જ કારણ છે કે રાજકીય વિશ્લેષકો મૂંઝવણમાં છે.






## દરેક પગલામાં સંસ્કૃતિ, દરેક તાલમાં દુનિયા

# માનવ શરીર જ્યાં સુધી ધબકશે ત્યાં સુધી "નૃત્ય" જીવંત રહેશે

### નૃત્ય એટલે પોતાની લાગણી, સંસ્કૃતિ, ભક્તિ અને કલાને અભિવ્યક્ત કરવાનું ઉત્તમ માધ્યમ: ભારતમાં કુચીપુડી, ભારત નાટ્યમ, કથ્થક, ઓડિસી, કથ્થકકલી, ગરબા, મણિપુરી, ભાંગડા જેવા વિવિધ નૃત્યોના પ્રકારો છેઃ ગુજરાતના ગરબા જે દેશ વિદેશોમાં પણ આજે પ્રસિદ્ધ છે : ભારતના દરેક રાજ્યોમાં પોતાના નૃત્યો અને લોક કલાઓનો અમૂલ્ય વારસો છે

**નોલેજ કોર્નર**




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ગઈકાલનું નૃત્ય એ સંસ્કૃતિ, ધર્મ અને પરંપરાનું પ્રતિબિંબ હતું. ભારતમાં ભરતનાટ્યમ, કથક, કુચીપુડી જેવા શાસ્ત્રીય નૃત્યો મંદિરો અને રાજદરબાર સાથે જોડાયેલા હતા, તો ગરબા, ભાંગડા, ઘૂમર જેવા લોકનૃત્યો ઉત્સવો અને ઋતુચક્ર સાથે વણાયેલા હતા. નૃત્ય ગુરુ-શિષ્ય પરંપરાથી શીખવાતું અને તેનો હેતુ ભકિત, કથાકથન કે સામાજિક એકતા હતો. આજનું નૃત્ય વૈશ્વિક અને પ્રાયોગિક બન્યું છે. શાસ્ત્રીય નૃત્યો મંચ, ફિલ્મો અને ડિજિટલ પ્લેટફોર્મ પર પહોંચ્યા છે, જ્યારે હિપ-હોપ, કન્ટેમ્પરરી, સાલ્સા અને બોલીવુડ જેવી શૈલીઓએ યુવાનોને નવો અવકાશ આપ્યો છે. સોશિયલ મીડિયા, રિયાલિટી શો અને ઓનલાઈન ક્લાસીસના કારણે નૃત્ય શીખવું અને રજૂ કરવું સરળ બન્યું છે. આજે નૃત્ય માત્ર કલા નથી, પણ ફિટનેસ, થેરાપી, અને અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ પણ છે.

આવતીકાલનું નૃત્ય ટેકનોલોજી અને સર્જનાત્મકતાના સમન્વયનું હશે. VR/AR સ્ટેજ, મોશન કેપ્ચર અને અઈ-આધારિત કોરિયોગ્રાફી નવા પ્રયોગો શકય બનાવશે.ભૌગોલિક સીમાઓ વધુ ભૂંસાશે અને ભારતીય શાસ્ત્રીય મુદ્રાઓ પશ્ચિમી સ્ટ્રીટ સ્ટાઈલ સાથે ભળીને નવી 'ફ્યુઝન' ભાષા રચશે. છતાં, નૃત્યનો મૂળ આત્મા લાગણી, લય અને વાર્તા કહેવાની તાકાત અકબંધ રહેશે, કારણ કે માનવ શરીર જ્યાં સુધી ધબકશે ત્યાં સુધી નૃત્ય જીવતું રહેશે. આજનો દિવસ વિશ્વમા નાચો, ગાવો અને ઝુમવાનો છે. પૃથ્વી પર વસતો ગમે તે માનવી કે પશુ-પંખીઓ આનંદ વ્યકત કરવા ઝુમવા લાગે છે, નૃત્ય કરે છે. આજે વૈશ્વિક નૃત્ય કે ડાન્સ દિવસ છે. નૃત્ય માનવ જીવન સાથે જન્મજાત જોડાયેલો ભાગ છે.

નાનકડા બાળકો પણ ગીત, સંગીત સાંભળે છે, ત્યારે ઝુમવા લાગે છે. નવરાત્રીમાં પ્રાચિન અર્વાચિન ગરબા નૃત્ય કે ડિસ્કો દાંડીયા નર્તનનો એક ભાગ છે. નૃત્ય માનવ ઈતિહાસમાં ૮૦૦૦ બીસી પૂર્વે ભારતના ગુફા ચિત્રોમાં પણ જોવા મળે છે, આ અગાઉ ૩૩૦૦ બીસીથી ઈજિપ્તવાસીઓના આશ્રય સ્થાનોમાં તેના ચિત્રો જોવા મળ્યા હતા. માનવસૃષ્ટિના વિકાસ સાથે ૧૬૦૦ મી સદીમાં કથક નૃત્યનો ભારતમાં પ્રારંભ થયો હતો. ભારતમાંથી ઉદભવતા નૃત્યના વિવિધ આઠ સ્વરુપોમાંથી તે એક છે. મંદિરો અને ધાર્મિક નૃત્યનો પણ આપણાં દેશમાં ઈતિહાસ જોવા મળે છે.વિશ્વની પ્રથમ સત્તાવાર ડાન્સ સ્કુલ, રોયલ એકેડમી ઓફ ડાન્સની સ્થાપના ફ્રાન્સ દેશમાં થઈ હતી. ૧૮૦૦ મી સદીમાં આધુનિક ડાન્સ કે નૃત્યની શરુઆત થઈ હતી. શાસ્ત્રીય નૃત્યો જેવા કે જાઝ, ટેપ, સાલસા અને હિપ-હોપ તરફ આગળ વધીને નૃત્યનો વિકાસ થયો હતો. ડાન્સ થીમ આધારીત ડર્ટી ડાન્સીંગ, બિલી ઈલિયટ, બ્લેક સ્વાન અને ફુટલુઝ જેવી હોલીવુડ ફિલ્મો પણ ઘણી સફળ રહી હતી. નૃત્ય એક કસરતના ભાગરુપે સમજીને શરીર સ્વાસ્થ્ય માટે સારુ ગણાય છે. આનાથી સુગમતા, સંતુલન, સંકલન જેવી ઘણી બાબતો શીખવા મળે છે. નૃત્ય આપણને એરોબિક કસરત આપે છે. જેનાથી હ્રદય અને ફેફસાના ફાયદો થાય છે. માનસિક સ્વાસ્થ્ય માટે પણ નૃત્ય શારીરિક પ્રવૃતિના ફાયદા સાથે હોર્મોન્સમાં બદલાવ લાવીને તણાવ ઘટાડે છે. ડાન્સ નૃત્યના ફાયદામાં સૌથી સારી બાબત એ છે કે તે આપણી યાદ શકિત બુસ્ટ અપ કરે છે. આધુનિક બેલેના પ્રણેતા જીન જ્યોર્જ નોવરની જન્મજયંતી અવસરે આ દિવસ વિશ્વના ૨૦૦થી વધુ દેશો ઉજવાય છે. વિવિધ કલાઓમાં નૃત્યકલા પણ આપણા દેશમાં વર્ષોથી પ્રચલિત છે. ૧૯૮૨માં આઈ.ટી.આઈ.ની ડાંસ કમિટી દ્વારા આજે



આંતરરાષ્ટ્રીય ડાન્સ દિવસની ઉજવણી કરવાનું નકકી કરાયું હતું.

નૃત્ય અને ડાન્સ શબ્દોમાં ભલે ફેર ન દેખાય પણ ભારતીય નૃત્ય કલાનાં વિવિધ પ્રકારો અને પાર્ટીમાં કે દાંડિયા રાસના ડાન્સ અવશ્ય જુદા પડી શકે છે. ભારત નાટયમ કે વિવિધ રાજયોનાં પારંપરીક નૃત્ય એ આપણી સંસ્કૃતિ છે. જીન જર્યોજ નોવરે જેનો સમયગાળો ૧૭૨૭ થી ૧૮૧૦ સુધીનો હતો. તે આધુનિક બેલે નૃત્યનાં પ્રણેતા કહેવાય છે. આપણે ત્યાં નૃત્યનાં પ્રકારોમાં કુચીપુડી ભારત નાટયમ, કથ્થક, ઓડીસી, કથ્થકકલી અને મણીપુરી જેવા વિવિધ નૃત્યનાં પ્રકારો છે આ બધાને ઈન્ડિયન કલાસિકલ ડાન્સ કે નૃત્ય કહેવામાં આવે છે. વૈશ્વિક આઈટીઆઈ સંસ્થા દર વર્ષે શ્રેષ્ઠ કોરિયોગ્રાફર કે ડાન્સરનો એક સંદેશ દુનિયાભરમાં પ્રસારિત કરે છે. ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટીટયુટનું મુખ્યાલય શાંઘાઈ-ચીનમાં આવેલું છે. પેરીસમાં પણ આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થાન કાર્યરત છે. વૈશ્વિક સ્તરે વિવિધ કાર્યક્રમો જેવા કે ઓપન, ડોર, કોર્સ, પ્રદર્શની, લેખ, સ્ટ્રીટ શો વિગેરે જેવાનું આયોજન થાય છે. આપણે ત્યાં ઉત્સવો સાથે નૃત્ય કલાને વર્ષોથી જોડેલ છે. સામાન્યજન સુધી પણ જનજાગૃતિનાં ભાગરૂ પે આપણી પ્રાચિન ધરોહર નૃત્ય કલાને વેગ મળે એ આશયથી પણ વિવિધ સંસ્થાનો કાર્યરત થઈને સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ આયોજન કરે છે. ભારતમાં વિવિધ રાજ્યોના લોક નૃત્ય કલા પણ વૈશ્વિક લેવલે નોંધ લેવાયને સરાહના કરી છે. નૃત્યનાં વિવિધ આર્ટ સ્વરૂપોમાં મહત્વનાં દસ પ્રકારો પ્રચલિત છે.

ઓડિસી ડાન્સ આ નૃત્યની શુધ્ધ શાસ્ત્રીય શૈલી છે. મોહક મુદ્રાઓથી સમૃધ્ધ છે. આ નૃત્યમાં ભાવવાહી સાથે વાર્તાતત્તુ હોય છે. ઓડિશાના મંદિરોમાં થતી પ્રાચિનકલા છે. ભરત નાટયમ તે સૌથી પ્રાચીન શાસ્ત્રીય પરફોર્મિંગ કલા છે. જે સમગ્ર વિશ્વમાં પ્રચલિત છે. આ નૃત્યના સ્વરૂપનું મુળ તામિલનાડુથી છે. સમકાલિન ડાન્સ તે થીમ સ્ટાઈલવાળા નૃત્ય સાથે સંકળાયેલ છે. એનું સ્વરૂપ આજે ચલણમાં છે.નિયો કલાસિકલ ડાન્સ તે પરફોર્મિંગ આર્ટસનું નવિનતમ સ્વરૂપ છે. ૨૦૧૯ની વર્તમાન ઝેન એકસ સાથે મેળ ખાતી આધુનિક શૈલીથી ઓળખાય છે. તાંડવ નૃત્ય શિવતાંડવ નૃત્ય સ્વરૂપમાં પૌરાણિક કલા છે, જે ભગવાન શિવ સાથે સંબંધિત છે. જેમાં તેના વિવિધ સ્વરૂપોમાં ચિત્રિત કરવામાં આવેલ છે. કુચિપુડી નૃત્ય મૂળ આંધ્રપ્રદેશની શાસ્ત્રીય નૃત્યકલા છે.કથ્થક નૃત્ય ભારતના અત્યાર સુધીના સૌથી આકર્ષક શાસ્ત્રીય નૃત્યમાંની એક કલા છે. આની ઉત્પતિ બનારસ, લખનઉ, જયપુર જેવા વિવિધ સ્થળોએ જોવા મળે છે. ચૌ નૃત્ય તે સ્ટેજ ડાન્સનું અર્ધ શાસ્ત્રીય સ્વરૂપ છે અને તે ભારતીય ઉપખંડના પૂર્વ ભાગમાંથી શરૂઆત થઈ હતી.કથકલી નૃત્ય તે ડાન્સનું કલ્પિત સ્ટેજ આર્ટ ફોર્મ છે, જે ભારતીય ઉપખંડનાં દક્ષિણ ભાગમાંથી ઉદભવેલ છે. આજ સુધીનાં સૌથી મુશ્કેલ નૃત્ય સ્વરૂપ માનવામાં આવે છે. મણિપુરી નૃત્ય નામ ઉપરથી ખ્યાલ આવે કે તે મણિપુર રાજ્યનાં ઉત્તર-પૂર્વ ભાગમાંથી શરૂ થયેલ છે. તે એક જીવંત શાસ્ત્રીય નૃત્ય છે જે ભારતીય દેવી-દેવતાઓની શુધ્ધ ભારતીય પૌરાણિક કથાઓની આસપાસ ફરે છે.

### હિન્દુ શાસ્ત્ર અનુસાર બ્રહ્માએ ભરતમુનિને નાટ્ય શાસ્ત્ર લખવા પ્રેરિત કર્યા હતા

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ કલાઓ સાથે નૃત્ય કલાનો પણ ઘણો વિકાસ થયો છે. પ્રાચીન કાળથી જ આપણા દેશમાં નૃત્યનું મહત્વ રહ્યું છે. હિન્દુ શાસ્ત્ર અનુસાર બ્રહ્માએ ભરતમુનિને નાટ્ય શાસ્ત્ર લખવા પ્રેરિત કર્યા હતા. આ શાસ્ત્રમાં નૃત્ય અને અભિનયને લગતા વિષયો સામેલ કર્યા હતા. ઋગ્વેદમાંથી પથ્ય અર્થાત શબ્દ, યજુર્વેદમાંથી અભિનય, સામવેદમાંથી ગીત અને અથર્વવેદમાં રસ લઈને બધાના સંગમથી આ ગ્રંથ લખાયો હતો જે, નાટ્યવેદ તરીકે ઓળખાય છે.વિવિધ કલાઓમાં નૃત્યકલા પણ આપણા દેશમાં વર્ષોથી પ્રચલિત છે. પ્રાચિન કાળથી રાજ દરબારમાં નર્તન કલાને વિશેષ દરજજો આપવામાં આવ્યો છે.

### હિન્દુઓના દેવતા શિવ ભગવાનને નૃત્યના દેવતા તરીકે પૂજાય છે, તેનું શિવતાંડવ, શ્રીકૃષ્ણનો ગોપીરાસ અને મહાકાલી માતાનું ઉગ્ર અને પ્રકોપી નૃત્ય પ્રાચીન કાળમાં જોવા મળેલ છે, આમ દેવી-દેવતાના યુગથી જ ભારતીય સંસ્કૃતિનો એક ભાગ નૃત્ય રહ્યો છેઃ આઠ હજાર વર્ષ પહેલાના ગુફા ચિત્રોમાં પણ નૃત્યનાં ચિત્રો જોવા મળ્યા હતા

# વિશ્વ ભારતીય સંસ્કૃતિને અપનાવવા તત્પર છે, આપણે ફેંકી દીધેલી સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છીએ

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

ભારત પ્રાચીન કાળથી જ આધ્યાત્મિકતા, સંસ્કાર, નૈતિકતા અને માનવતાના મૂલ્યો માટે વિશ્વમાં પ્રસિદ્ધ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિને 'દિવ્ય' અને 'ભવ્ય' કહેવાનું કારણ એ છે કે તેમાં માત્ર જીવન જીવવાની રીત જ નહીં, પરંતુ જીવનને અર્થપૂર્ણ અને સુખમય બનાવવાની પ્રણાલિકા પણ સમાયેલ છે. 'વસુધૈવ કુટુમ્બકમ્', 'સર્વે ભવન્તુ સુખિનઃ' અને 'અહિંસા પરમો ધર્મઃ' જેવાં સૂત્રો ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્ત્વોને વ્યક્ત કરે છે. આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં એક પ્રશ્ન વારંવાર ઊભો થાય છે કે શું આ દિવ્ય અને ભવ્ય સંસ્કૃતિના આદર્શો ફરી સમાજમાં સ્થાપિત કરી શકાય? ભારતીય સંસ્કૃતિનો આધાર સદીઓથી ધર્મ, કર્તવ્ય, નૈતિકતા અને સહ અસ્તિત્વના સિદ્ધાંતો પર રહેવા પામ્યો છે. પ્રાચીન સમયમાં સમાજની વ્યવસ્થા એવી હતી કે દરેક વ્યકિત પોતાના કર્તવ્યને શ્રેષ્ઠ રીતે નભાવતી. ગુરુકુલ પ્રણાલીમાં શિક્ષણ માત્ર પુસ્તકના જ્ઞાન પૂરતું સીમિત નહોતું, પરંતુ સંસ્કાર, શિસ્ત, નૈતિકતા અને જીવન મૂલ્યોના પણ સંસ્કાર આપવામાં આવતા, પરિણામે વ્યક્તિ માત્ર વિદ્વાન જ નહીં, પરંતુ ઉત્તમ ચરિત્ર વાળો નાગરિક બનતો.

સમયના વહેણ સાથે સમાજમાં અનેક પરિવર્તનો આવ્યાં. ઔદ્યોગિકરણ, પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, ટેક્નોલોજીનો વધતો ઉપયોગ અને ભૌતિક સુખ- સાધનોની દોડને કારણે લોકો ધીમે ધીમે મૂળ મૂલ્યોને ભૂલતા ગયા. આજના યુગમાં પૈસા અને પ્રતિષ્ઠાને વધારે મહત્ત્વ આપવામાં આવે છે, જ્યારે સદાચાર, સત્ય અને કરુણાનાં મૂલ્યો પાછળ ધકેલાઈ ગયાં છે. પરિવારમાં પણ સંસ્કારનું શિક્ષણ ઓછું થતું જોવા મળે છે.

તેમ છતાં, એવું માનવું યોગ્ય નથી કે ભારતીય સંસ્કૃતિના આદર્શો ફરી સ્થાપિત થઈ ન શકે! ખરેખર જો સમાજમાં યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો આ દિવ્ય પરંપરા ફરી જીવંત બની શકે છે. તેની શરૂઆત વ્યક્તિગત સ્તરેથી થવી જોઈએ. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં સત્ય, અહિંસા, સહનશીલતા અને કરુણા જેવા ગુણોને સ્થાન આપવું જોઈએ.

પરિવાર પણ સંસ્કૃતિના સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. માતા-પિતા જો બાળકોને બાળપણથી જ સારા સંસ્કાર આપે, વડીલોનો આદર કરવાનું શીખવે અને ભારતીય પરંપરાઓ વિશે સમજાવે, તો નવી પેઢી પણ આ મૂલ્યોને સ્વીકારશે. સંસ્કૃતિ માત્ર પુસ્તકોમાં નહીં પરંતુ જીવવાની બાબત છે. શિક્ષણ ક્ષેત્રમાં પણ સંસ્કૃતિનાં મૂલ્યોને પ્રાથમિકતા આપવાની જરૂર છે. શાળાઓ અને મહા વિદ્યાલયોમાં માત્ર રોજગારલક્ષી શિક્ષણ પૂરતું નથી, પરંતુ નૈતિક શિક્ષણ, આધ્યાત્મિક વિચારધારા અને ભારતીય પરંપરાઓ વિશે પણ માર્ગદર્શન આપવામાં આવવું જોઈએ. આ રીતે શિક્ષિત યુવાનો માત્ર બુદ્ધિશાળી જ નહીં પરંતુ સંસ્કારી નાગરિક બની શકે.




આજના સમયમાં મીડિયા અને ટેક્નોલોજી પણ મહત્વપૂર્ણ સાધન બની શકે છે. જો ફિલ્મો, ટીવી કાર્યક્રમો અને સામાજિક માધ્યમો દ્વારા ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યોનો પ્રચાર કરવામાં આવે, તો તેનો સમાજ ઉપર સકારાત્મક પ્રભાવ પડી શકે છે. આધુનિક સાધનોનો ઉપયોગ કરીને પ્રાચીન મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાની જરૂર છે. ભારતીય સંસ્કૃતિનું એક મહત્વપૂર્ણ તત્ત્વ સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવ છે. વિવિધ ધર્મો, ભાષાઓ અને પરંપરાઓ હોવા છતાં ભારતીય સમાજ સદીઓથી એકતામાં બંધાયેલો રહ્યો છે. આ એકતા અને સહ અસ્તિત્વની ભાવના જ ભારતને વિશ્વમાં અલગ પાડે છે. જો આપણે આ ભાવનાને ફરી મજબૂત બનાવી શકીએ, તો સમાજમાં શાંતિ અને સુખનું વાતાવરણ સર્જાઈ શકે. આ ઉપરાંત, આધ્યાત્મિકતા પણ ભારતીય સંસ્કૃતિનો આધારસ્તંભ છે. યોગ, ધ્યાન અને સત્યના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપતી પરંપરાઓ આજે વિશ્વભરમાં સ્વીકારવામાં આવી રહી છે. ઘણા વિદેશી લોકો પણ ભારતીય સંસ્કૃતિ તરફ આકર્ષાઈ રહ્યાં છે. જયારે વિશ્વ ભારતની સંસ્કૃતિને અપનાવવાની કોશિશ કરી રહ્યું છે, ત્યારે આપણે વિશ્વએ ફેંકેલી સંસ્કૃતિનું અનુકરણ કરી રહ્યા છીએ. અંતમાં કહી શકાય કે ભારતીય સંસ્કૃતિના દિવ્ય અને ભવ્ય આદર્શો ક્યારેય નષ્ટ થશે નહીં. તે ક્યારેક સમયના ધુમ્મસમાં ઝાંખા થઈ જાય છે, પરંતુ યોગ્ય પ્રયત્નોથી ફરી પ્રકાશિત થઈ શકે છે. વ્યક્તિ, પરિવાર, શિક્ષણ અને સમાજ-આ ચાર સ્તરે જો સંકલિત પ્રયાસ કરવામાં આવે, તો ભારતીય સંસ્કૃતિની મહાન પરંપરા ફરી જીવંત બની શકે છે.

અર્થાત ભારતીય સંસ્કૃતિના આદર્શો અને પ્રણાલિકા સમાજમાં ફરી ઊભા કરી શકાય. આ માટે જરૂર છે, સંકલ્પ, સંસ્કાર અને સંયુક્ત પ્રયાસની...! જો આપણે આપણા મૂળ મૂલ્યોને ઓળખી અને જીવનમાં ઉતારી શકીએ, તો ભારત ફરીથી વિશ્વમાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક નેતૃત્વ કરી શકે છે.

# જગતમંદિરમાં કાલે નૃસિંહ જયંતિની ઉજવણી

### શ્રીજીના દર્શન ક્રમમાં ફેરફાર





**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાધીશ જગતમંદિરમાં આગામી વૈશાખ સુદ ચતુર્દશી તા.૩૦-૦૪-૨૦૨૬ને ગુરૂવારના રોજ નૃસિંહ જયંતિની ધર્મમય ઉજવણી કરવામાં આવશે. જગતમંદિરના વહીવટદાર હિમાંશુ ચૌહાણની યાદીમાં જણાવ્યાનુસાર ઉત્સવને અનુલક્ષીને શ્રીજીના દર્શન ક્રમમાં જરૂરી ફેરફાર નોંધાયો છે. જે અનુસાર ગુરૂવારે શ્રીજીની મંગલા આરતી સવારે ૬:૩૦ કલાકે, સવારના અન્ય ક્રમ નિત્યક્રમાનુસારથ રહેશે. બપોરે ૧ થી ૫ વાગ્યા સુધી અનોસર (મંદિર બંધ) રહેશે. સાંજે ૫ કલાકે શ્રીજીના ઉત્થાપન દર્શન, સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહેશે. સાંજે ૬ થી ૭:૩૦ સુધી અભિષેક પૂજા બંધ પડદે યોજાશે. સાંજે ૭:૩૦ કલાકે નૃસિંહ જયંતિ ઉત્સવ તેમજ સંધ્યા આરતી યોજાશે. સાંજના અન્ય ક્રમ નિત્યક્રમાનુસાર યોજાશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૯-૦૪-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૧૨:૦૦ ગૌધામ શિવ કથા' અંતર્ગત 'દિવ્ય ભક્તિ સંધ્યા'(લાઈવ)

**તારીખ ૩૦-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩૦-૪-૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** વૈશાખ શુદ ચૌદશ શ્રી નૃહસિંહ જયંતી
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** વજ **કરણઃ** ગર
**સુર્યોદય** ૬.૧૭ **સુર્યાસ્તઃ** ૭.૧૨
**ચંદ્ર રાશી** કન્યા બપોરે ૧.૧૬થી તુલા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ/ર.ત
**દિશાશૂળ** દક્ષીણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા**
શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા**
અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૨ થી ૧.૧૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | ૬ | | ૯ |
| | ૩ | | ૬ | ૮ | | ૭ | | |
| | ૧ | ૮ | | | ૯ | ૫ | ૪ | |
| | ૬ | ૩ | | ૫ | | | ૨ | ૮ |
| | | ૨ | | | | | ૫ | |
| | | ૧ | | | | ૯ | | |
| ૩ | ૨ | ૪ | ૧ | ૯ | | | ૬ | |
| | | | | ૪ | ૩ | | ૯ | |
| ૫ | | | ૨ | ૬ | | | | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૧૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૨ | ૯ | ૫ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૧ | ૭ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૧ | ૯ | ૨ | ૪ | ૬ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૮ |
| ૨ | ૩ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૮ | ૧ | ૪ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ |
| ૯ | ૫ | ૩ | ૭ | ૬ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૭ | ૨ | ૪ | ૮ | ૩ | ૧ | ૬ | ૫ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૦.૪.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, વૈશાખ સુદ ચતુર્દશી, ચિત્રા નક્ષત્ર, વજ યોગ, વણિજ કરણ આજે બપોરે ૧.૧૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કન્યા (પ,ઠ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ)** : તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.

**સિંહ (મ,ટ)** : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.

**તુલા (ર,ત)** : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**વૃશ્ચિક (ન,ય)** : ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદથી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ)** : કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કુંભ (ગ,સ,શ)** : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રૂકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

# ગોંડલ નગરપાલિકામાં ભાજપનો ભવ્ય વિજય: વિપક્ષના સૂપડા સાફ

## લોકશાહીના જંગમાં વિપક્ષ સમ ખાવા પૂરતી એક પણ બેઠક ના મેળવી શક્યું ૨૦ બેઠકો બિનહરીફ થયા બાદ બાકીની ૨૪ બેઠકો પર પણ કેસરીયો છવાયો

### ચુંટાયેલ પ્રતિનિધિ

| | |
|---|---|
| બિન્દુબેન અમિતભાઇ સોલંકી | સોનલબેન ગૌરવભાઇ ઘડુક |
| શીતલબેન સમીરભાઇ કોટડિયા | પ્રતાપભાઇ મનુભાઇ રાઠોડ |
| ક્રિપાલસિંહ પૃથ્વીસિંહ જાડેજા | આસિફ મજીદભાઇ ઝકરીયા |
| હંસાબેન મંગુભાઇ શિયાળ | શૈલેષભાઇ વસંતભાઇ ગોરી |
| સ્વીટી ગીરધરભાઇ દાફડા | ઓમદેવસિંહ પ્રભાતસિંહ જાડેજા |
| ભરતભાઇ ગોરધનભાઇ ઢોલરીયા | નિલ્પાબેન રસીકભાઇ વીરડીયા |
| ભરતસિંહ વજુભા જાડેજા (ઋષિરાજસિંહ) | માનસીબેન અંકુરભાઇ સાટોડીયા |
| સુમીતાબેન ધર્મેશભાઇ પીપળીયા | અનિલભાઇ જગદીશભાઇ ચાવડા |
| પ્રિયંકા દિનેશભાઇ માધડ | મનીષભાઇ દુર્લભજીભાઇ ચનીયારા |
| રાહુલ દિપકભાઇ ડાભી | રાજવી તેજસ શીંગાળા |
| સલીમભાઇ એહમદભાઇ ચૌહાણ | સીમા હિરેનભાઇ વઘાસીયા |
| ધારાબેન સંજીવભાઇ ધીણોજા | અશ્વિન માધાભાઇ રૈયાણી |



### બિનહરીફ પ્રતિનિધિ

| | |
|---|---|
| દિપાલીબેન હિરેનભાઇ વાડોદરીયા | પાયલબેન સંજયભાઇ પીપળીયા |
| મયુરીબેન મયુરભાઇ આચાર્ય | મિતલબેન ચિરાગભાઇ ધાનાણી |
| ગૌતમભાઇ રતાભાઇ સિંધવ | બીનાબેન શૈલેષભાઇ રોકડ |
| રાજેન્દ્રસિંહ રઘુરાજસિંહ જાડેજા | દિનેશભાઇ મોહનભાઇ ઉમરાળીયા |
| હર્ષદભાઇ મોહનભાઇ વાઘેલા | અશ્વિનભાઇ જગજીવનભાઇ પાચાણી |
| રશ્મીબેન રાજેશભાઇ મહેતા | પ્રકાશભાઇ વિઠ્ઠલભાઇ ચડોતરા |
| ક્રિષ્નાબેન રાજેશભાઇ તન્ના | કોમલબેન ભાવેશભાઇ ઝરેર |
| રફીકભાઇ અલારખાભાઇ કઇડા | આરતી મનીષ ટોળીયા |
| મનસુખભાઇ હરીભાઇ રૈયાણી | જગદીશભાઇ બચુભાઇ રામાણી |
| મનિષાબેન દિપકભાઇ ગોવાણી | નિલેશભાઇ ગોકળભાઇ કાપડીયા |

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

સૌરાષ્ટ્રના રાજકારણમાં હંમેશા કેન્દ્રસ્થાને રહેતા ગોંડલ શહેરે ફરી એકવાર સાબિત કરી દીધું છે કે અહીં ભાજપનો ગઢ અજેય છે. ગોંડલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના આજે જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય અને જવલંત વિજય હાંસલ કર્યો છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના મજબૂત નેતૃત્વ અને સંગઠનાત્મક માઇક્રો પ્લાનિંગ સામે વિપક્ષી દળો ટકી શક્યા નથી.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ગોંડલ નગરપાલિકા પર ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીએ ભગવો લહેરાવ્યો છે. ભાજપે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને પરાસ્ત કરીને તમામ બેઠકો પર કબજો જમાવ્યો છે, જેના પરિણામે નગરપાલિકા ફરી એકવાર 'વિપક્ષ વિહીન' બની છે.

પાલિકાની કુલ ૪૪ બેઠકોમાંથી ૨૦ બેઠકો પર ભાજપના ઉમેદવારો અગાઉ જ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.બાકી રહેલી ૨૪ બેઠકો માટે યોજાયેલા મતદાન બાદ આજે થયેલી મતગણતરીમાં તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજયી થયા છે. પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ભાજપના સંગઠન અને માઇક્રો પ્લાનિંગને કારણે વિપક્ષનો સંપૂર્ણ સફાયો થયો છે. પ્રજાએ ગુંડાગીરી અને નકારાત્મક પરિબળોને નકારીને વિકાસને મત આપ્યો છે.

# ગોંડલ તાલુકા પંચાયતમાં કમળ ખીલ્યું ૧૮ બેઠક પર ભાજપ, ૪ આપના ખાતામાં

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ તાલુકા પંચાયત ની ચુંટણીનાં પરીણામ જાહેર થતા ભાજપે તાલુકા પંચાયત માં સતા જાળવી રાખીછે.

તાલુકા પંચાયત ની કુલ બાવીસ બેઠકો પૈકી દાળીયા બેઠક ભાજપ ને બીનહરીફ મળી હતી.ત્યારે ૨૧ બેઠકો ની યોજાયેલ ચુંટણી માં ભાજપ નો ૧૭ બેઠક ઉપર વિજય થયો છે.જ્યારે તાલુકા નાં રાજકારણ માં પ્રથમવાર એન્ટ્રી મારનાર આમ આદમી પાર્ટી ને ચાર બેઠક મળીછે.ત્રિપાંખીયા જંગ માં કોંગ્રેસ ત્રીજા ક્રમે ધકેલાઇ છે.વર્ષ ૨૦૨૧ ની ચુંટણીમા તમામ ૨૨ બેઠકો ભાજપે અંકે કરી હતી.આ ચુંટણીમાં ભાજપ ની ચાર બેઠકો ઓછી થઈ છે.

મોટો અપસેટ જીલ્લા પંચાયત ની બેઠકો માં સર્જાયો છે.ગોંડલ તાલુકા નાં રાજકારણ નું એપી સેન્ટર ગણાતા મોવિયા જીલ્લા પંચાયત બેઠક માં ભાજપ નાં ધુરંધર રાજુભાઇ ડાંગર ની હાર થઇ છે.આ બેઠક ઉપર આપ નાં આરતીબેન જેતાણી નો વિજય થયો છે.રાજુભાઇ ડાંગર જીલ્લા પંચાયત નાં પુર્વ ઉપપ્રમુખ છે.

જીલ્લા પંચાયત ની અન્ય દેરડી,ચરખડી,કોલીથડ અને શિવરાજગઢ બેઠક ઉપર ભાજપ નો વિજય થયો છે.



## જીલ્લા પંચાયતની બેઠક પર અપસેટ સર્જાયો: મહત્વની ગણાતી મોવિયા બેઠક ભાજપ પાસેથી આંચકી લેતુ આપ

તાલુકા પંચાયત ની આંબરડી,કોલીથડ, શેમળા,ચરખડી,ગોમટા,નવાગામ, ત્રાકુડા,દેરડી,કેશવાળા,મોટીખીલોરી, શિવરાજગઢ, દેવચડી,ગુંદાળા, કમઢીયા,શ્રીનાથગઢ,મોવિયા-૨,તથા દડવા હમીરપરા ની બેઠકો ભાજપ નાં ઉમેદવારો વિજયી બન્યા છે.જ્યારે ઘોઘાવદર, મોવિયા-૧,વાંસાવડ તથા સુલતાનપુર બેઠકો ઉપર આપ નાં ઉમેદવાર વિજયી બન્યા છે.

આપ ના નેતા જીગીશા પટેલ દ્વારા છેલ્લા છ સાત મહીના થી તાલુકા નાં રાજકારણ માં સક્રીય બની ભાજપ નાં ગઢ ને તોડવા કરાયેલો પ્રયાસ સફળ રહ્યો છે.ખાસ કરીને મોવિયા બેઠક પર અપસેટ સર્જાયો છે.

**ગોમટા સીટ પર ભાજપના ઉમેદવાર ભાવેશભાઈ શિયાળ - ૭૦૫ મતે વિજય**

ભાવેશભાઈ શિયાળ - ભાજપ - ૧૬૦૪
જયેશભાઈ ડાભી - કોંગ્રેસ - ૧૮૫
સતીશ મેનિયા - આપ - ૮૯૯
નોટા - ૪૩

**ઘોઘાવદર આપના ઉમેદવાર નયનાબેન મકવાણા નો ૭૭૫ મત થી ભવ્ય વિજય...**

નયના સંદીપભાઈ મકવાણા - આપ - ૨૨૧૭
હંસાબેન ગીરીશભાઈ જેઠવા - ભાજપ - ૧૪૪૨
નોટા - ૬૨

**દડવા હમીપરા સીટ પર ભાજપના વર્ષાબેન સોજીત્રા - ૩૨ મતે વિજય...**

વર્ષાબેન સોજીત્રા - ભાજપ - ૨૧૭૮
વનીબેન જાપડા - કોંગ્રેસ - ૨૪૩
ફોરમબેન સાકરીયા - આપ - ૨૧૪૬
નોટા - ૬૮

**તાલુકા પંચાયત ચરખડી સીટ ભાજપના પુષ્પાબેન લીલા - ૧૨૦૬ મતે ભવ્ય વિજય**

પુષ્પાબેન લીલા - ભાજપ - ૨૦૭૭
જસુબેન વોરા - કોંગ્રેસ - ૩૦૧
સંગીતા કાછડીયા - આપ - ૮૭૧
નોટા - ૫૪

**દેરડી સીટ પર ભાજપના ઉમેદવાર વૈશાલીબેન ગોલ - ૮૯ મતે વિજય...**

વૈશાલીબેન ગોલ - ભાજપ - ૧૬૭૮
રીંકલબેન ખાતરા - આપ - ૧૫૮૯
નોટા - ૫૯

**કેશવાળા સીટ પર ભાજપના ઘનશ્યામભાઈ દેવમુરારી - ૧૨૩૮ મતે વિજય...**

ઘનશ્યામભાઈ દેવમુરારી - ભાજપ - ૨૦૫૯
અમીન મોણવેલવાલા - કોંગ્રેસ - ૧૪૮
અવિનાશ રાઠોડ - આપ - ૮૨૧
નોટા - ૩૮

**કમઢીયા સીટ પર ભાજપના ઉમેદવાર અંજલિબેન ઠુંમર - ૬૨૫ મતે વિજય...**

અંજલિબેન ઠૂંમર - ભાજપ - ૧૩૪૨
ગીતાબેન સાવલિયા - કોંગ્રેસ - ૩૪૩
સંગીતાબેન બેડીયા - આપ - ૭૧૭
નોટા - ૩૫

**ગુંદાળા સીટ પર ભાજપના ઉમેદવાર દક્ષાબેન સોલંકી ૧૩૮૨ - મતે વિજય...**

દક્ષાબેન સોલંકી - ભાજપ - ૨૪૭૬
મંજુલાબેન જાદવ - કોંગ્રેસ - ૪૦૬
ચંદ્રિકાબેન મકવાણા - આપ - ૧૦૯૪
કીર્તિબેન મકવાણા - અપક્ષ - ૩૨
નોટા - ૪૩

**મોવિયા - ૨ સીટ પર આપના અંકિતાબેન આંદીપરા - ૨૮૦ મતે વિજય...**

અંકિતાબેન આંદીપરા - ભાજપ - ૧૭૯૩
રંજનબેન દુધાત - આપ - ૧૪૫૨
નોટા - ૬૧

**મોવિયા - ૧ સીટ પર આપના જયંતીભાઈ ભાલાળા - ૨૮૩ મતે વિજય...**

પારસ ભાલાળા - ભાજપ - ૧૩૬૪
વલ્લભભાઈ કાલરીયા - કોંગ્રેસ - ૭૩
જયંતીલાલ ભાલાળા - આપ - ૧૬૪૭
નોટા - ૨૨

**મોટી ખીલોરી સીટ પર ભાજપના પરેશભાઈ આસોદરિયા - ૧૨૫૫ મતે વિજય...**

પરેશભાઈ આસોદરિયા - ભાજપ - ૨૨૪૫
ધીરજલાલ ખૂંટ - કોંગ્રેસ - ૧૪૪
જગદીશભાઈ લુણાગરિયા - આપ - ૯૯૦
નોટા - ૩૧

**કોલીથડ સીટ પર ભાજપના ઉમેદવાર ભૂપતભાઈ ડાભી - ૬૮૬ મતે વિજય...**

ભૂપતભાઈ ડાભી - ભાજપ - ૧૯૭૬
પ્રતાપભાઈ સિંધવ - આપ - ૧૨૯૦
નોટા - ૧૦૧

**શેમળા સીટ પર ભાજપના રંજનબા સહદેવસિંહ જાડેજા - ૪૫૫૨ મતે વિજય**

રંજનબા સહદેવસિંહ જાડેજા - ભાજપ - ૪૮૧૪
રેખાબેન ડાભી - કોંગ્રેસ - ૨૬૨
સરોજબા જાડેજા - આપ - ૩૯
નોટા - ૨૪

**નવાગામ સીટ પર ભાજપના ભરતભાઈ ઢોલરીયા - ૧૩૫૫ મતે વિજય...**

ભરતભાઈ ઢોલરીયા - ભાજપ - ૨૨૪૦
જયેશભાઈ કોઠીયા - કોંગ્રેસ - ૩૩૧
મેહુલકુમાર આસોદરિયા - આપ - ૮૮૫
નોટા - ૫૪

**વાસાવડ સીટ પર આપ ના ઉમેદવાર કાજલબેન મુળિયા - ૮૧ મતે વિજય...**

વિપુલાબેન સુદાણી - ભાજપ - ૧૩૨૧
કાજલબેન મુળિયા - આપ - ૧૪૦૨
લાલીતાબેન ખોખાણી - ૫૬
નોટા - ૬૪

**ત્રાકુડા સીટ પર ભાજપ ના ઉમેદવાર રાહુલભાઈ ખુમાણ - ૬૧૭ મતે વિજય...**

રાહુલભાઈ ખુમાણ - ભાજપ - ૧૭૮૨
ચંદુભાઈ રાઠોડ - આપ - ૧૧૬૫
નોટા - ૮૮

**સુલતાનપુર સીટ પર આપ ના ઉમેદવાર હરેશભાઈ બોરડ - ૧૩૧ મતે વિજય...**

હિતેશભાઈ ગોંડલીયા - ભાજપ - ૧૪૨૧
હરેશભાઈ બોરડ - આપ - ૧૫૫૨
નોટા - ૬૪

**શિવરાજગઢ સીટ પર ભાજપના ઉમેદવાર મનોજભાઈ વોરા - ૩૫૨ મતે વિજય...**

મનોજભાઈ વોરા - ભાજપ - ૧૨૬૪
ચિરાગભાઈ રાદડિયા - કોંગ્રેસ - ૨૪૩
દીપકભાઈ વઘાસિયા - આપ - ૯૧૨
નોટા - ૩૮

**દેરડી જીલ્લા પંચાયત સીટ પર ભાજપના જયશ્રીબેન ચોવટીયા ૨૧૨૨ મતે વિજય...**

જયશ્રીબેન ચોવટીયા - ભાજપ - ૮૮૦૭
શ્રુતિબેન મોણપરા - આપ - ૫૯૧૩
ચંપાબેન ખાતરા - કોંગ્રેસ - ૭૭૨
નોટા - ૧૯૯

**ચરખડી જીલ્લા પંચાયત સીટ પર ભાજપના ઉમેદવાર જલ્પાબેન ભરતભાઈ મકવાણા ૪૦૨૭ મતે વિજય**

જલ્પાબેન ભરતભાઈ મકવાણા - ભાજપ - ૮૧૫૨
રેખાબેન મહેશભાઈ ડાભી - આપ - ૪૧૨૫
નોટા - ૩૦૨

**શ્રીનાથગઢ સીટ પર ભાજપ ના ઉમેદવાર ભગવતસિંહ વાઘેલા - ૫૩૧ મતે વિજય...**

ભગવતસિંહ વાઘેલા - ભાજપ - ૧૬૪૨
ગોપાલભાઈ કુંજડિયા - કોંગ્રેસ - ૨૮૪
નિરવકુમાર પારખિયા - આપ - ૧૧૧૧
નોટા - ૪૪

**શિવરાજગઢ જીલ્લા પંચાયત સીટ પર ભાજપના લાલજીભાઈ તળાવીયા ૪૮૫૪ મતે વિજય...**

રાજકોટ જિલ્લા પંચાયત શિવરાજગઢ સીટ...
લાલજીભાઈ તળાવીયા - ભાજપ - ૮૯૮૮
વલ્લભભાઈ ઠુંમર - આપ - ૪૧૩૪
રાજેશભાઈ સખીયા - કોંગ્રેસ - ૨૨૪૧
નોટા - ૧૮૮

**મોવિયા જીલ્લા પંચાયત સીટ પર આપના આરતીબેન જેતાણી ૧૧૫૫ મતે વિજય...**

રાજુભાઈ ડાંગર - ભાજપ - ૬૪૧૦
આરતીબેન જેતાણી - આપ - ૭૫૬૫
જયેશભાઈ ડાભી - કોંગ્રેસ - ૬૧૭
નોટા - ૧૭૬

**કોલીથડ જીલ્લા પંચાયત સીટ પર ભાજપના સામંતભાઈ બાંભવા ૮૭૭૯ મતે વિજય...**

રાજકોટ જિલ્લા પંચાયત કોલીથડ સીટ...
સામંતભાઈ બાંભવા - ભાજપ - ૧૧૬૧૯
મહેશભાઈ ડાભી - આપ - ૨૮૪૦
શૈલેષભાઈ મકવાણા - કોંગ્રેસ - ૭૫૯
નોટા - ૧૯૧

# રાજકોટની ૧૧ તાલુકા પંચાયતમાંથી ૧૦માં કેસરિયો લહેરાયો

## જામકંડોરણા, ગોંડલ અને રાજકોટ તાલુકામાં કોંગ્રેસ ખાતું પણ ના ખોલાવી શક્યું: રાજકોટ તાલુકા પંચાયતમાં બે બેઠક આપને મળી

**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકા પંચાયત ની ૨૨ બેઠકોમાંથી ૨૧ બેઠકો પર ભાજપે કબજો જમાવ્યો છે, જ્યારે માત્ર ૧ બેઠક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. જિલ્લાની કુલ ૧૧ તાલુકા પંચાયતોમાંથી ૧૦ પર ભાજપનો ભગવો લહેરાયો છે, જે જિલ્લાના દરેક ખૂણે ભાજપના સંગઠનની મજબૂતી દર્શાવે છે. માત્ર ઉપલેટા તાલુકા પંચાયતમાં શાસન મેળવવા માટે રસાકસીની સ્થિતિ જોવા મળી હતી, જ્યાં રાજકારણ ગરમાયું છે.ચૂંટણી પરિણામોએ સાબિત કર્યું છે કે રાજકોટમાં ભાજપનું સંગઠન માળખું અને નેતૃત્વ પ્રજાના દિલ જીતવામાં સફળ રહ્યું છે. વિરોધ પક્ષો માટે આ પરિણામો આત્મમંથનનો વિષય બન્યા છે, જ્યારે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.જિલ્લાના ૧૧ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૬૦.૩૬ ટકા જેટલું મતદાન થયું છે. રાજકોટ જિલ્લાની અલગ અલગ ૧૧ તાલુકા પંચાયતની બેઠક માટે ૬૦.૩૬ ટકા મતદાન થયું છે. જેમાં પુરુષ મતદારોની ટકાવારી ૬૫.૩૩ ટકા અને મહિલા મતદારોની ટકાવારી ૫૪.૯૪ ટકા રહી છે. ગોંડલ નગરપાલિકામાં અગાઉ જ ૨૩ જેટલી બેઠકો બીનહરીફ થઈ હતી. સાત વોર્ડની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ૪૮.૫૧ ટકા રહી હતી. જેમાં પુરુષ મતદારોની ટકાવારી ૫૩.૪૧ ટકા અને મહિલા મતદારોની ટકાવારી ૪૩.૨૫ ટકા જેવી રહેવા પામી હતી. જિલ્લા પંચાયતની મોટાભાગની બેઠકો પર ખુબ જ સારૂ મતદાન થયું હતું. બેડલા બેઠક પર તો મતદાનની ટકાવારી ૭૫ ટકાથી પણ વધુ રહેવા પામી હતી. તાલુકા પંચાયતની વાત કરવામાં આવે તો રાજકોટ તાલુકા પંચાયત માટે ૭૨.૧૦ ટકા, કોટડા સાંગાણી તાલુકા પંચાયતમાં ૬૦.૩૦ ટકા, લોધીકા તાલુકા પંચાયતમાં ૬૯.૦૭ ટકા, પડધરી તાલુકા પંચાયતમાં ૬૬.૮૨ ટકા, ગોંડલ તાલુકા પંચાયતમાં ૫૩.૩૬ ટકા, જેતપુર તાલુકા પંચાયતમાં ૫૪.૬૬ ટકા, ધોરાજી તાલુકા પંચાયતમાં ૫૬.૮૩ ટકા, ઉપલેટા તાલુકા પંચાયતમાં ૫૮.૭૦ ટકા, જામકંડોરણા તાલુકા પંચાયતમાં સૌથી ઓછી ૫૧.૨૯ ટકા, જસદણ તાલુકા પંચાયતમાં ૬૦.૭૦ ટકા અને વિછિયા તાલુતા પંચાયતમાં ૬૦.૦૧ ટકા મતદાન થયું હોવાનું નોંધાયું છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ વખત યોજાયેલી ૧૫ મહાપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૮૪ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભારે તડકા વચ્ચે મતદાનની ટકાવારી ૫૦ ટકાથી વધુ રહી છે તે ખરેખર સારી કહી શકાય ગ્રામ્ય વિસ્તારોના મતદારોમાં શહેરી વિસ્તારના મતદારો કરતા સારીએવી જાગૃતતા જોવા મળી હતી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | આણંદપર-૧ | વિજયભાઈ સોલંકી- ભાજપ | ૧૨. | ખારચીયા | નીતાબેન મેવાસીયા- ભાજપ |
| ૨. | અમરપર-૨ | રાજેશભાઈ ઝાપડિયા- ભાજપ | ૧૩. | ખેરડી | કિરણબેન રામાણી- ભાજપ |
| ૩. | બામણબોર | હંસાબેન સારદિયા- ભાજપ | ૧૪. | કાઠારીયા. | કરશનભાઈ લીબાસીયા- ભાજપ |
| ૪. | બેડી | શિલ્પાબેન ડાભી - ભાજપ | ૧૫. | કુવાડવા | પ્રકાશભાઈ કાકડિયા- ભાજપ |
| ૫. | બેડલાં | ભારતીબેન સોરાણી- ભાજપ | ૧૬. | લોધીડા | નિશિતભાઈ ખુંટ- ભાજપ |
| ૬. | ભુપગઢ | જશુબેન ડોડ- ભાજપ | ૧૭. | માલિયાસણ | ચતુરભાઈ ધોળકિયા- ભાજપ |
| ૭. | ગૌરીદળ | મયુરીબેન રાઠોડ- ભાજપ | ૧૮. | પરાપીપળીયા | વિજયાબેન દાફડા-ભાજપ |
| ૮. | હલેન્ડા | વનરાજભાઈ ગૈરચા- ભાજપ | ૧૯. | પારેવળા | શોભનાબેન ટોપીયા- આપ |
| ૯. | જિયાણા | પ્રવિણભાઈ મેઘાણી- ભાજપ | ૨૦. | સણોસરા | પ્રીતિબેન ચૌહાણ- ભાજપ |
| ૧૦. | કાળીપાટ | વરજાંગભાઈ મારુ- ભાજપ | ૨૧. | સરધાર | ગીતાબેન વસોયા- આપ |
| ૧૧. | કસ્તૂરબાધામ | વર્ષાબેન ખુંટ- ભાજપ | | | |

# ઉપલેટા તાલુકા પંચાયતમાં કોઇ પક્ષની બહુમતી નહીં: ભાજપ-૯, કોંગ્રેસ-૮, આપને ૧ બેઠક મળી

## જીલ્લા પંચાયતની ડુમીયાણી અને મોટી પાનેલીમાં ભાજપ અને કોલકી સીટમાં કોંગ્રેસ: ગત ટર્મ કરતા ભાજપને એક બેઠક વધુ મળી

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ગઇકાલે જેની આતુરતાપૂર્વક રાહ જોવાઇ રહી હતી તે જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મત ગણતરી બાદ પરિણામો જાહેર થતા મતદારોએ તાલુકા પંચાયતમાં ગત ટર્મનું પુનરાવર્તન ન કરી કોઇ પાર્ટીને બહુમતી આપી નથી. તાલુકા પંચાયતની ૧૮ સીટમાંથી ભાજપને નવ, કોંગ્રેસને આઠ અને આમ આદમી પાર્ટીને એક બેઠક મળી છે. જ્યારે જીલ્લા પંચાયતમાં ત્રણ બેઠકોમાંથી ભાજપને બે બેઠક અને એક બેઠક કોંગ્રેસને મળી છે. એકદંરે ગત ટર્મ કરતા તાલુકા અને જીલ્લામાં ભાજપને ફાયદો જોવા મળ્યો હતો.

ઉપલેટાની જીલ્લા પંચાયતની ત્રણ સીટની ડુમીયાણી સીટ ઉપર ભારતીબેન મજબુતભાઇ હુંબલ અને મોટીપાનેલી સીટ ઉપરથી સોનલબેન વાઘરીયા ભાજપમાંથી ચૂંટાઇ આવ્યા હતા. જ્યારે કોલકી બેઠક ઉપરથી અરૂણાબેન ભાષા વિજય બન્યા હતા. જ્યારે તાલુકાની ૧૮ બેઠકોમાં ભાજપને ઢાંક-૧ જયેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ વાળા, ઢાંક-૨માં જસીબેન સંજયભાઇ મુસાર, કોલકીમાં રાજેશકુમાર વલ્લભભાઇ વાળોદરીયા, જામટીંબડીમાં વિજયાબેન ચંદુભાઇ વાઘેલા, ગણોદમાં રવિકુમાર હસમુખભાઇ વિરડા, ખારચીયામાં પ્રવિણાબેન પિયુષભાઇ હુંબલ, પાનેલી-૧માં ભાવેશ છગનભાઇ સવસાણી, સમઢીયાળામાં હંસાબેન જેન્તીભાઇ રૂપાપરા, તલંગણામાં કુંવરબેન મેરામણભાઇ મારડીયા વિજય બનતા ભાજપને નવ સીટ મળી છે. જ્યારે કોંગ્રેસને અરણીમાં આશાબેન દિનેશભાઇ વાઘ, ખાખીજાળીયામાં મનિષાબેન ભરતભાઇ સુવા, ખીરસરામાં મનીષભાઇ ટપુભાઇ ગાજણોતર, મોજીરામાં લાખાભાઇ પુનાભાઇ ડાંગર, નાગવદરમાં જયદેવસિંહ અનોપસિંહ વાળા, ડુમીયાણીમાં વર્ષાબા ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાથરોટામાં રમેશભાઇ ખીમાભાઇ ભારાઇ, વરજાંગ જાળીયામાં કાજલબેન જયદીપભાઇ ભીંભા વિજયની વરમાળા પહેરતા કોંગ્રેસને આઠ બેઠક મળી છે. જ્યારે મોટી પાનેલી-૨માં ચંદુભાઇ અમરાભાઇ જાદવ 'આપ'માંથી ચૂંટાઇ આવ્યા હતા.



તસવીર : શહેઝાદ બાદશાહ

ગઇકાલે વિજય બાદ ડુમીયાણી જીલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર ભારતીબેન મજબુતભાઇ હુંબલ વિજેતા બનતા તેમને નીકળેલ વિજય સરઘસ વિશાળ જનમેદની ઉમટી પડતા અને ઠેર-ઠેર સ્વાગત થતા મોડી રાત્રે સરઘસ પુરૂ થયું હતું. આ સરઘસમાં ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઇ પાડલીયા, જીલ્લા ભાજપના મહામંત્રી રવિભાઇ માકડિયા બેઠકના ઇન્ચાર્જ નરસીંહભાઇ મુંગલપરા, સહ ઇન્ચાર્જ શહેર ભાજપ પ્રમુખ દિપકભાઇ સુવા, રાજશીભાઇ હુંબલ, પૂર્વ નગરપતિ દાનભાઇ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઇ નંદાણીયા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઇ વ્યાસ, ભાજપના અગ્રણી જીજ્ઞેશભાઇ ડેર, વિનુભાઇ બારાઇ નગરપાલિકાના ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, નગરસેવક અસ્મીતાબેન મુરાણી સહિતના લોકો વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકરો હોદ્દેદારો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

ચૂંટણી મત ગણતરી ચૂંટણી અધિકારી નિખિલ મેહતા, નાયબ ચૂંટણી અધિકારી મહેશ કરંગીયા સહિત સ્ટાફની દેખરેખ નીચે હાથ ધરાઇ હતી. કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પીઆઇ ધાધલ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

# રાજકોટ: ૨૦ લાખની લાંચ લેતા સીજીએસટી સુપ્રિન્ટેન્ડન્ટ-વચેટિયો ઝડપાયા

## જીએસટી કેસ નહીં કરવા ૨૫ લાખની માંગણી કર્યા બાદ ૨૦ લાખમાં પતાવટ થઈ'તી

## એસટી બસ સ્ટેશન પાછળ કોમ્પ્લેક્સમાં રંગેહાથ લાંચ લેતા વચેટીયો ઝડપાયાં બાદ સુપ્રિન્ટેન્ડન્ટને પણ દબોચી લેતી રાજકોટ એસીબી ટીમ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં લાંચીયા અધિકારીઓ બેફામ બન્યાં છે અને મોટા તોડ કરવાં લાગ્યાં હોય તેમ ૨૦-૨૦ લાખની લાંચ માંગવામાં આવી રહી છે.

ત્યારે શહેર એસીબીની ટીમ દ્વારા વધુ એક સફળ ટ્રેપ ગોઠવી મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એક જાગૃત નાગરિકની ફરીયાદના આધારે સી.જી.એસ.ટી. વિભાગના સુપ્રીન્ટેન્ડન્ટ મુકેશકુમાર મનબોધ્ધ કુમાર (ઉં.વ.૪૩) અને ટેક્ષ કન્સલ્ટન્ટ આકાશ રમેશ કલોલીયા (ઉં.વ. ૩૩) ને રૂા. ૨૦ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી વિરુદ્ધ સી.જી.એસ.ટી. કચેરીમાં જીએસટી ન ભરવા તથા ખોટા બિલ બનાવવાના આક્ષેપો અંગે અરજી થઈ હતી. આ અરજીની પતાવટ કરી મોટો કેસ ન નોંધાય તે માટે સુપ્રીન્ટેન્ડન્ટ મુકેશકુમારે શરૂઆતમાં રૂા. ૨૫ લાખની લાંચની માંગણી કરી હતી. ત્યારબાદ વાતચીત અને રકઝક બાદ આ રકમ રૂા. ૨૦ લાખ પર નક્કી કરવામાં આવી હતી અને તે રકમ ટેક્ષ કન્સલ્ટન્ટ આકાશ ક્લોલીયા મારફતે આપવા સૂચના આપવામાં આવી હતી.

ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે ગઈકાલે રાજકોટના એસ.ટી. બસ સ્ટેશન પાછળ આવેલા ક્રિએટીવ કોમ્પ્લેક્ષ ખાતે ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. ટ્રેપ દરમિયાન આકાશ કલોલીયાએ મુકેશકુમારના વતી ફરીયાદી પાસેથી રૂા. ૨૦ લાખની લાંચ માંગીને સ્વીકારી હતી. આ દરમિયાન એસીબીની ટીમે તરત જ કાર્યવાહી કરી બંને આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા અને લાંચની સંપૂર્ણ રકમ પણ જપ્ત કરી હતી. આ સમગ્ર ટ્રેપ કામગીરી એ.સી.બી. રાજકોટ શહેર પીઆઈ એ.એ. ખોખરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. આ કામગીરીમાં પી.એ. દેકાવાડિયા સહિતની ટીમે સહયોગ આપ્યો હતો, જ્યારે મદદનીશ નિયામક જે.ડી. મેવાડા અને નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલાની દેખરેખ હેઠળ સમગ્ર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

### સુપ્રિન્ટેન્ડન્ટ મુકેશકુમારના ઘરની ઝડતી કરાઈ

પ્રાપ્ત વિગત અનુસાર લાંચના ગુનામાં ઝડપાયાં બાદ સુપ્રીન્ટેન્ડન્ટ મુકેશકુમારના ઘરની ઝડતી કરાઈ હતી. કલાસ વન અધિકારી મુકેશ કુમાર મૂળ ઝારખંડના વતની છે. હાલ રૈયા રોડ પર ભાડાના મકાનમાં રહે છે.નિયમ મુજબ એસીબીની ટીમે તેના મકાનની ઝડતી-તપાસ કરી હતી.



### સીજીએસટી વિભાગ વધુ એકવાર દાગદાર અગાઉ ઈન્સ્પેક્ટર લાંચ લેતા ઝડપાયો'તો

અગાઉ પણ સીજીએસટીના અધિકારી અને કર્મચારીઓ દ્વારા લાંચ લેવાનો પ્રયાસ કરાતા એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધા હતાં. જેમાં ખાનગી કંપનીના જીએસટી નંબર માટે ઈન્સ્પેક્ટરે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે રૂ.૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો. ખાનગી કંપનીના જીએસટી નંબર માટે ઈન્સ્પેક્ટરે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે લાંચ માગી અને સ્વીકારી હતી.

જ્યારે સ્ટાર્ટઅપ કરવાં માંગતા યુવાન પાસેથી ફક્ત ૫ હજારની લાંચ લેતો સીજીએસટી ઈન્સ્પેક્ટર ઝડપાયો હતો. પુના અભ્યાસ કરતાં યુવાનને નવું સ્ટાર્ટઅપ રાજકોટમાં શરૂ કરવું હતું, ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે અધિકારીએ લાંચ માંગી હતી, રેસકોર્સમાં લાંચ લેતાં એસીબીએ રંગેહાથ પકડ્યો હતો.

## ફરીયાદી વિરુદ્ધ સીજીએસટી કચેરીમાં જીએસટી ન ભરવા તથા ખોટા બિલ બનાવવાના આક્ષેપો સાથે અરજી થઈ'તી: જેની પતાવટ માટે લાંચ માંગી'તી

# ચુડા નજીક ભંગારના ડેલામાં આગ ભભુકતા અફડાતફડી મચી

## આગથી ભંગાર બળીને ખાખ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચુડા-લીંબડી રોડ પર ગોખરવાડા નજીક આવેલ ભંગારના ડેલામાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને દૂર દૂર સુધી આકાશમાં ધુમાડાના ગોટે ગોટા ઉડતા આસપાસથી પસાર થઈ રહેલ વાહન ચાલકો સહિત લોકોમાં ચિંતા જોવા મળી હતી.

જ્યારે આગને કારણે ડેલામાં રહેલ ભંગાર સહિતનો મુદ્દામાલ મોટાપાયે બળીને ખાખ થઈ જતા ભારે નુકસાન થયું હતું. આ બનાવની જાણ ફાયર ફાયટર ટીમને તાત્કાલિક કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. જ્યારે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા સુરેન્દ્રનગર અને લીંબડીની ફાયર ફાયટર ટીમોએ સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવવા અને બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. જો કે સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ નહી બનતા મોટી દુર્ઘટના ટળી હતી.



# ધ્રોલ નજીક ટ્રકે બાઈકને અડફેટે લેતા સાધુ સહિત બેના મોત

## ઉપલેટાના હરિયાસણ ગામે હનુમાનજી મંદિરની સેવા પૂજા કરતા પુજારી સહિત બંનેના અંતરીયાળ મૃત્યુથી શોક

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર-રાજકોટ હાઈવે પર ભયાનક હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો, જેમાં ટ્રકની જોરદાર ટક્કર લાગતાં બાઈક પર સવાર બે સાધુઓનાં કરુણ મૃત્યુ નિપજ્યાં છે. આ અંગે સીંધાતભાઈ રમેશભાઈ ડાંગર (ઉ.વ. ૩૪, રહે. ઉમાપાર્ક, જામજોધપુર) દ્વારા ટ્રક ચાલક સામે પોલીસ ફરિયાદ કરી છે. ધ્રોળ પોલીસ મથકમાં જાહેર થયેલી ફરિયાદ મુજબ, ગઈકાલે મોડી રાત્રે આશરે અઢી વાગ્યાના આસપાસ ઉપલેટા તાલુકાના હરિયાસણ ગામે આવેલા ચૈતન્ય હનુમાનજી મંદિરમાં સેવા પૂજા કરતા સાધુ બ્રિજેન્દ્રમુની સુખસમુનીજી પોતાનો મોટરસાયકલ નંબર જી.જે. -૩૬ કે.૨૪૮૨ લઈને પોતાની સાથેજ સેવાપૂજા કરતા ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુની ધર્મસિંહ સાથે ધ્રોળ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ધ્રોળ માર્કેટિંગ યાર્ડ નજીક જી.જે.૧૨ સી.ટી. ૧૨૫૪ નંબરના ટ્રક ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી હંકારતા બાઈકને જોરદાર ઠોકર મારી હતી. આ અકસ્માતમાં બંને સાધુઓને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક ધ્રોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુનીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે બ્રિજેન્દ્રમુનીને વધુ સારવાર માટે જામનગર રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં તેમનું પણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે ધ્રોળ પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૭૯ (બેફીકરાઈથી વાહન હંકારવું), ૩૦૪(અ) (બેદરકારીથી મોત નિપજાવવું), ૩૩૭ અને ૩૩૮ (ઈજા અને ગંભીર ઈજા પહોંચાડવી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૩૪(અ) (બ) હેઠળ ગુનો નોંધી લેવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી પુરાવા એકત્રિત કર્યા છે, અને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે સઘન તપાસ હાથ ધરી છે તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

# ધ્રાંગધ્રા નજીક એસટી બસની અડફેટે યુવકનું મોત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા-સુરેન્દ્રનગર રોડ પર આવેલ જેગડવા ચોકડી નજીક એક દુર્ઘટનામાં ૨૩ વર્ષીય યુવકનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાથી વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે મળતી માહિતી મુજબ, પાટડી તાલુકાના મનવાળા ગામના રહેવાસી વિક્રમભાઈ પ્રહલાદભાઈ દેલવાડીયા (ઉંમર ૨૩) રાત્રીના સમયે જેગડવા ચોકડી નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે વાહનની રાહ જોઈને રોડની સાઈડમાં ઊભા હતા. તે દરમિયાન નવલગઢ ગામથી જેગડવા તરફ જતી જીજે ૧૮ ઝેડ ૮૯૭૮ નંબરની રાજ્ય પરિવહનની બસ અચાનક ગફલતભરી રીતે ચાલી આવી હતી. બસના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારતાં બસના પાછળના ટાયર યુવકના શરીર ઉપર ફરી વળતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતુ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આસપાસના સીસીટીવી કેમેરાના આધારે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા બસ ચાલક સામે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ દુર્ઘટનાથી મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે, જ્યારે સ્થાનિક લોકોમાં પણ ભારે આક્રોશ જોવા મળ્યો છે.

# ધોરાજી: બુટલેગર અરવિંદ બાંભણીયાને ત્રણ જિલ્લામાંથી કર્યો હદપાર

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



રાજકોટ વિભાગના નાયબ પોલીસ નિર્લિપ્ત રાય રાજકોટ ગ્રામ્ય જિલ્લાના વિજયસિંહ ગુર્જર તથા ધોરાજીના સિમરન ભારદ્વાજ તરફથી અસામાજિક પ્રવૃત્તિ કરતા ગુનાહિતી ધરાતવા ઈસમો વિરુધ્ધ યોગ્ય અટકાયતી પગલા લેવા સુચના થઈ હોય જે અન્વયે પોલીસ ઈન્સ. ડો. એમ.એમ. ઠાકોર (ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન) પ્રોહીબીશન ધારા હેઠળના ગુનામાં સંડોવાયેલ આરોપી અરવિંદ ઉર્ફે લુખ્ખો ભીખાભાઈ બાંભણીયા નામના આરોપીની પ્રપોઝલ તૈયાર કરી સબ ડીવીઝન મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. જેમાં સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ દ્વારા આ આરોપીને હદપાર કરવા અંગેનો હુકમ કરતાં તેને રાજકોટ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લામાંથી હદપાર કરવામાં આવેલ છે. પોલીસ ઈન્સ્પેક્ટર ડો. એમ.એમ. ઠાકોર તેમજ હાર્દિકભાઈ ઓઝા, વિજેન્દ્રસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ પઢીયાર, જગદીશભાઈ સુવાણ, સંજયભાઈ મકવાણા, વાઘાભાઈ મોરી દ્વારા કરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગરના દુધરેજમાં મકાનમાંથી જુગારધામ ઝડપાયુ

## જુગાર રમતા ૦૮ શખ્સોને રોકડ અને મોબાઈલ મળી રૂ.૬૦,૫૦૦ના મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર કઈઈ પોલીસે દુધરેજ નર્મદા કેનાલ પાસે રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામ પર બાતમીના આધારે રેઈડ કરી હતી. જેમાં સ્થળ પર થી જુગાર રમતા ૦૮ શખ્સો (૧) રમજાનભાઈ મહેબુબભાઈ રફાઈ રહે.દુધરેજ કેનાલ મુળચંદ રોડ (૨) મહેબુબભાઈ રહેમાનભાઈ કટીયા રહે. સુધારા પ્લોટ રાજકોટ બાયપાસ રોડ, રતનપર (૩) દાઉદભાઈ ગુલાબભાઈ જામ રહે. સુધારા પ્લોટ, સર્કીટ હાઉસ સામે, રતનપર (૪) આદીલભાઈ યુનુસભાઈ ખલીફા રહે.ઘાચીવાડ જુમા મસ્જીદ પાસે (૫) સુલેમાનભાઈ હનીફભાઈ મોવર રહે.સુધારા પ્લોટ, રાજકોટ બાયપાસ રોડ, રતનપર (૬) સલીમભાઈ ઈકબાલભાઈ મનસુરી, રહે. સુધારા પ્લોટ રાજકોટ બાયપાસ રોડ, રતનપર (૭) રીયાઝભાઈ રજાકભાઈ ચૌહાણ રહે. ટાંકી ચોક પાસે, સુરેન્દ્રનગર અને (૮) અસલમભાઈ ઈકબાલભાઈ મનસુરી રહે. ટાંકી ચોક, સુરેન્દ્રનગર વાળાને રોકડ રૂ.૩૦,૫૦૦ મોબાઈલ ફોન નંગ ૦૬ કિંમત રૂ.૩૦,૦૦૦ સહિત કૂલ રૂ.૬૦,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને તમામ વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ મથકે જુગાર ધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં મકાનોમાંથી ચાર ગેસ સિલિન્ડરની ચોરી

## ભોગ બનનાર મકાન માલિકે વઢવાણ પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં દિનપ્રતિદિન ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં અલગ અલગ ૦૪ રહેણાંક મકાનના ફળીયામાં બહાર મુકેલ ઘરેલુ ગેસ સિલિન્ડરની ચોરીનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે. જે અંગે ભોગ બનનાર મકાન માલિકે વઢવાણ પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસ સુત્રો પાસે થી મળતી માહિતી વઢવાણ ગણપતિ ફાટસર વિસ્તારમાં રહેતા ફરિયાદી કલ્યાણદાસ લાલદાસ ત્રિવેદીના ઘરના ફળિયામાં ખુલ્લી જગ્યામાં રાખેલ ઘરેલુ ગેસ સિલિન્ડરની રાત્રિના સમયે અજાણ્યા શખ્સ દ્વારા ચોરી કરી નાશી છૂટયો હતો તેમજ આસપાસ તપાસ કરતા બાજુમાં રહેતા શાંતુબેન બાબુભાઈ રાઠોડ, સરોજબેન પ્રવિણભાઈ પરમાર અને મીનાબેન ખુશાલભાઈ દુલેરાના રહેણાંક મકાનના ફળીયામાં રાખેલ ઘરેલુ સિલિન્ડરની પણ ચોરી કરી અજાણ્યો શખ્સ નાશી છુટયો હતો. આમ એક જ રાતમાં અલગ અલગ મકાનના ફળીયામાં રાખેલ ૦૪ ઘરેલુ ગેસ સિલિન્ડર કિંમત રૂ.૧૨,૦૦૦ ની ચોરીનો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે અને આ વિસ્તારમાં પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# ધોરાજીના વ્યાજખોર મુરલીએ ૭૨ વર્ષીય વૃદ્ધને ત્રણ લાખ આપી ૧૨ તોલા સોનુ પડાવી લીધું

## વૃદ્ધે સારવાર અર્થે આઠ વર્ષ પૂર્વે લીધેલા નાણાંનું ૨.૧૬ લાખ વ્યાજ ચૂકવ્યું છતાં દાગીના પરત ન આપ્યા : મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ધોરાજીણા વ્યાજખોર મુરલી ભાયાણીએ ૭૨ વર્ષીય વૃદ્ધને ૩ લાખ આપી વ્યાજના ૨.૧૬ લાખ પડાવી ગીરવે મુકેલ ૧૨ તોલા સોનું પણ પરત ન આપતાં પોલીસે વ્યાજખોર સામે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. બનાવ અંગે ધોરાજીના ભૂખી ગામે રામપીરના મંદિર પાસે રહેતાં માવજીભાઈ વિરજીભાઈ મકવાણા (ઉ.વ.૭૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુરલીધર ભાયાણી (રહે. અમીધારા એપાર્ટમેન્ટ, ધોરાજી) નું નામ આપતાં ધોરાજી પોલીસે મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, તેઓ હાલ નિવૃત જીવન ગાળે છે. પરીવારમા પત્ની તથા બે દિકરા અને ચાર દિકરી છે. ૩૦-૩૫ વર્ષ પહેલા તેઓ ધોરાજીના સુપેડી ગામ આવેલ સોલ્વટ પ્લાન્ટ નોકરી કરતા અને આ સોલ્વટ પ્લાન્ટમાં મુરલીધર ભાયાણી ભાગીદાર હતા. જેથી તેમની સાથે ઓળખાણ થયેલ હતી. મુરલીધર ભાયાણી સાથે અવાર નવાર આર્થીક વ્યવહાર કરેલ બાદ આઠેક વર્ષ પહેલા મોટા દિકરા મહેશભાઈના પત્નીની કેન્સરની બીમારી હોય અને પોતાનું એકસીડન્ટ થયેલ હોય જેથી રૂપિયાની જરૂરત થતા મુરલીધર ભાયાણી પાસે આશરે ૧૦ થી ૧૨ તોલા સોનુ ગીરવે રાખી રૂ.૩ લાખ ૨ ટકા લેખે લીધેલ હતાં.

ત્યારે વાયદો એવો થયેલ કે, દર મહિને ૨ ટકા વ્યાજના પૈસા રોકડમા આપવા જેથી સ્વખુશીથી આ વાયદો સ્વીકારેલ જે પૈસા આશરે ત્રણેક વર્ષ રોકડા મહીને છ હજાર નિયમીત વ્યાજ ચુકવેલ હતું. બાદ આર્થીક પરિસ્થિતી સારી થઈ જતા અને રૂપિયાની સગવડ થતા આરોપી પાસે ગયેલ અને કહેલ કે, મારી પાસે રૂપિયાની સગવડ થઈ ગઈ છે, અમારા દાગીના મને પરત આપો હું તમારા રૂપિયા ૩ લાખ તમને પરત આપી દઉં તો તે અલગ અલગ વાયદા કરતા તેમજ કહેતા કે, તમે કુલ ચાર લાખ રુપીયા આપો અને ઘરેણા લઈ જાઓ. જેથી ચાર લાખ રુપીયા લઈને ગયેલ તો આ મુરલીએ કહેલ કે, યોગી પાને આપી દયો, જેથી ચાર લાખ રુપીયા યોગી પાન ત્રણ દરવાજા પાસે પોસ્ટ ઓફીસ રોડ પર બેઠેલ રાજુભાઈને આપતા તેઓએ ઘરેણા આપેલ જે જોતા તેમા આપેલા દાગીનામાથી ત્રણ દાગીના ઓછા હોય જેથી આ દાગીના સ્વીકારેલ નહી અને પૈસા પરત લઈ લીધેલ હતાં. બાદ મુદ્દલ રુપિયા ત્રણ લાખ તેમને આપવા હોય પરંતુ તે જ્યારે પણ મોબાઈલ ફોનથી કે રુબરુ જઈ સંપર્ક કરતા ત્યારે કોઈપણ બહાના કરી ફોન કાપી નાખે છે અને રુબરુ મળે તો ગલ્લા તલ્લા જવાબ આપે છે. જેથી જાણવા મળેલ કે, આ મુરલીએ અમારુ સોનુ પાછુ આપવા માંગતા ન હોય જેથી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ધોરાજી પોલીસે ગુનો નોંધી વ્યાજખોરને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ઉનાના ડમાસા ગામે ચાર વર્ષની બાળકીને ફાડી ખાનાર સિંહને પાંજરે પુરાયો

## વન વિભાગની ભારે જહેમતના અંતે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો

**અબતક, ઉના**

ઊના તાલુકાના ડમાસા ગામે વાડી વિસ્તારમાં રહેતા જીવાભાઈ બિજલ ભાઈ પામક તેમની પત્ની અને એક દીકરી અને એક દીકરા સાથે રહી ખેતી કામ કરે છે. ગઈ કાલે સાંજે ૭, ૩૦ વાગે તેમની પત્ની સવિતા બેન અને ચાર વર્ષ ની દીકરી હેમાકસી ઓસરી માં બેઠા હતા અને નાનો દીકરો વિશાલ ને તાવ આવ્યો હતો તેથી તેમને દવા પીવડાવી અને રસોડા માં રસોઈ બનાવવા માટે ગયા હતા ત્યારે હેમાકસી ઓસરી માં બેઠી હતી ત્યારે એક પુખ્ત વયનો નર સિંહ શિકાર ની લાલચ માં ફળિયા માં આવી ઓસરી માં બેઠેલ હેમાકસી ને જીવ લેણ હુમલો કરી મોઢામાં દબોચી લઈ નાસવા લાગતા માતાની નજર પડતા હેબતાઈ ગઈ હતી અને રાડા રાડિ કરતા આજુબાજુ ના લોકો ભેગા થઈ ગયા હતા ત્યાં સુધીમાં સિંહ ઘરથી ૫૦૦ મીટર દૂર બાજરા ના ઊભા પાકમાં ઘૂસી ગયો હતો લોકો એ હાકલા પડકારા કરતા સિંહ એ દીકરી ને મૂકી નાસી ગયો હતો. લોકો એ જોતા દીકરી હેમાકસી મૃત હાલત માં પડી હતી.

આ અંગે લોકો એ ગીર પૂર્વ વન વિભાગ ની જસાધાર રેન્જ ની કચેરી એ જાણ કરતા આર.એફ.ઓ.કે.સી. ચૌહાણ અને ફોરેસ્ટર જીતેન્દ્ર ભાઈ બાંભણિયા ટીમ સાથે પહોંચી ગયા હતા. સિંહ નું લોકેશન રાત્રિ ના શોધતા બાજરાના પાકની અંદર ચાર કલાક ની જહેમત બાદ મળી આવતા વન વિભાગના વેટરનરી ડોક્ટર પિયુષ ભાઈ માળવી ના સહકાર થી સિંહ ને બેભાન થવાનું ઈન્જેકશન મારી બેભાન કરી પાંજરે પૂર્યો હતો. અને માનવ ભક્ષી સિંહ પાંજરે પુરાતા ગામ ના લોકો એ રાહત નો શ્વાસ લીધો હતો. આ સિંહ ને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે તપાસ માટે લઈ જવામાં આવ્યો છે.

# કિડાણા એકતાનગર હત્યા કેસમાં આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કિડાણા એકતાનગર વિસ્તારમાં થયેલ મહિલાની હત્યા કેસમાં ગાંધીધામ બી ડિવિઝન પોલીસ દ્વારા આરોપીને ઝડપવામાં આવ્યો છે.

તા. ૨૬/૦૪/૨૦૨૬ના રોજ ઘરેલુ મનદુ:ખને કારણે મહિલાના પતિએ કુહાડીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા મહિલાનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ ઈન્સપેકટર એસ.વી. ગોજીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સના આધારે આરોપી અસરફ ઉર્ફે સુમાર અલાના લંઘા (ઉ.વ. ૬૫), રહે. એકતાનગર સોસાયટી, કિડાણા (મૂળ રહે. બીબર, તા. નખત્રાણા)ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પુછપરછ દરમિયાન તેની ગુનામાં સંડોવણી સામે આવતા તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.



આ સમગ્ર કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એસ.વી. ગોજીયા, પીએસઆઈ એલ.એન. વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

# મહાનગરપાલિકામાં ભાજપનો દબદબો : ઈતિહાસ ફરી દોહરાયો

## બાવન બેઠકો પર ભાજપના ઉમેદવારો જંગી બહુમતી સાથે વિજય : કોંગ્રેસ અને આપને મોટો ઝટકો

**અબતક, રૂષિ મહેતા**

મોરબીમાં ૨૦૨૧ની નગરપાલિકા ચૂંટણી બાદ હવે ૨૦૨૬ની પ્રથમ મહાનગરપાલિકા ચૂંટણીમાં પણ ભાજપે તમામ ૫૨ બેઠકો જીતીને એકતરફી પ્રભાવ જાળવી રાખ્યો છે.

મોરબીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીનો દબદબો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૧માં મોરબી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે તમામ ૫૨ બેઠકો પર વિજય મેળવી ક્લીન સ્વીપ કર્યો હતો. હવે મોરબી મહાનગરપાલિકા બન્યા બાદ યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં પણ ભાજપે એ જ પ્રદર્શન દોહરાવ્યું છે.






મહાનગરપાલિકાની કુલ ૫૨ બેઠકો પર ભાજપના ઉમેદવારો જંગી બહુમતી સાથે વિજેતા બનતા વિરોધ પક્ષો માટે આ ચૂંટણીમાં કોઈ ખાસ સ્થાન રહ્યું નથી. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા પક્ષો માટે આ પરિણામ મોટો ઝટકો સાબિત થયો છે, કારણ કે તેઓ એકપણ બેઠક જીતવામાં સફળ રહ્યા નથી.

આ પરિણામો દર્શાવે છે કે મોરબીના મતદાતાઓએ ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને શહેરના વિકાસ માટે ભાજપને સંપૂર્ણ બહુમતી આપી છે. રાજકીય રીતે જોવામાં આવે તો, મોરબી મહાનગરપાલિકાની આ ચૂંટણીમાં ભાજપે પોતાની મજબૂત પકડ વધુ મજબૂત બનાવી છે.

## કુલ ૨૫૦ બેઠકોમાંથી ૧૭૯ પર ભાજપનો વિજય, કોંગ્રેસ ૫૯ સાથે બીજા ક્રમે – મનપામાં ભાજપનો ક્લીન સ્વીપ

મોરબી જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો હવે સ્પષ્ટ થઈ ગયા છે. મનપા, જિલ્લા પંચાયત, પાંચ તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકાની કુલ ૨૫૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપે ૧૭૯ બેઠકો જીતીને પોતાનો દબદબો મજબૂત રાખ્યો છે. કોંગ્રેસે ૫૯ બેઠકો મેળવી બીજા ક્રમે સ્થાન મેળવ્યું છે, જ્યારે આમ આદમી પાર્ટીને ૬ બેઠકો, બસપાને ૩ બેઠકો અને અપક્ષ ઉમેદવારોને ૩ બેઠકો મળી છે. ખાસ કરીને મોરબી મહાનગરપાલિકાની તમામ ૫૨ બેઠકો પર ભાજપનો વિજય નોંધાયો છે.મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે યોજાયેલી ચૂંટણીમાં મતગણતરી પૂર્ણ થતાં હવે સંપૂર્ણ ચિત્ર સામે આવ્યું છે. મોરબી મહાનગરપાલિકાની કુલ ૫૨ બેઠકોમાંથી તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા બનતા શહેરમાં ભાજપનો એકતરફી વિજય નોંધાયો છે.જિલ્લા પંચાયતની કુલ ૨૪ બેઠકોમાંથી ૧૭ બેઠકો ભાજપના ખાતામાં ગઈ છે, જ્યારે કોંગ્રેસે ૭ બેઠકો મેળવી છે. તાલુકા પંચાયતોની વાત કરીએ તો મોરબી તાલુકા પંચાયતની ૨૨ બેઠકોમાંથી ૧૮ ભાજપ, ૩ કોંગ્રેસ અને ૧ આમ આદમી પાર્ટીને મળી છે. ટંકારા તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી ૧૧ ભાજપ અને ૫ કોંગ્રેસે જીતી છે.હળવદ તાલુકા પંચાયતની ૨૦ બેઠકોમાંથી ૧૫ ભાજપ, ૧ કોંગ્રેસ અને ૪ આમ આદમી પાર્ટીને મળી છે. માળિયા મિયાણા તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી ૧૧ ભાજપ, ૨ કોંગ્રેસ, ૧ આપ અને ૨ માં અન્ય ઉમેદવારો વિજેતા બન્યા છે. જ્યારે વાંકાનેર તાલુકા પંચાયતની ૨૪ બેઠકોમાંથી કોંગ્રેસે ૧૪ બેઠકો જીતી આગવી સ્થિતિ ઉભી કરી છે, જ્યારે ભાજપને ૯ અને અન્યને ૧ બેઠક મળી છે.નગરપાલિકાઓમાં પણ મિશ્ર પરિણામો સામે આવ્યા છે. ટંકારા નગરપાલિકાની ૨૪ બેઠકોમાંથી ૧૮ ભાજપ અને ૬ કોંગ્રેસે જીતી છે. વાંકાનેર નગરપાલિકાની ૨૮ બેઠકોમાંથી ૨૧ ભાજપ, ૪ કોંગ્રેસ અને ૩ બસપા ઉમેદવારો વિજેતા બન્યા છે. માળિયા મિયાણા નગરપાલિકામાં કોંગ્રેસે ૧૭ બેઠકો જીતીને બહુમતી મેળવી છે, જ્યારે ભાજપને ૭ બેઠકો મળી છે. આ રીતે સમગ્ર મોરબી જિલ્લામાં ભાજપે મોટા પાયે જીત મેળવી છે, છતાં કેટલીક જગ્યાએ કોંગ્રેસે પણ પોતાની હાજરી નોંધાવી છે. કુલ મળીને આ ચૂંટણીમાં ભાજપનો દબદબો સ્પષ્ટ રીતે સામે આવ્યો છે.

## ભાજપના વિજેતાઓએ ભ્રષ્ટાચાર મુકત કામગીરીના લીધા સંકલ્પ

### મંત્રી કાંતીલાલના નિવાસ સ્થાને કોર્પોરેટર, તાલુકા અને જિલ્લા પંચાયતના મળી ૧૧૧ પ્રતિનિધિઓનો યોજાયો અભિવાદન સમારોહ

**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયાના નિવાસ સ્થાને ૫૨ કોર્પોરેટરો સહિત કુલ ૧૧૧ ચૂંટાયેલા પ્રતિનિધિઓનો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ભ્રષ્ટાચાર મુક્ત કામગીરીનો સંકલ્પ લેવડાવ્યો અને વિકાસ કાર્યોમાં ગુણવત્તા જાળવવા મંત્રી દ્વારા ટકોર કરવામાં આવી.





મોરબી શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓનો ભવ્ય અભિવાદન સમારોહ રાજ્ય મંત્રી કાંતિલાલ અમૃતિયાના નિવાસ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોરબી મહાનગરપાલિકાના ૫૨ કોર્પોરેટરો ઉપરાંત જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના મળીને કુલ ૧૧૧ જેટલા સભ્યોનું સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ભ્રષ્ટાચાર મુક્ત કામગીરી માટે સપથ લેવડાવવામાં આવ્યા હતા.

મંત્રી કાંતિલાલ અમૃતિયાએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી બાદ તમામ પ્રતિનિધિઓએ પોતાના વોર્ડમાં નિષ્ઠાપૂર્વક વિકાસના કાર્યો કરવા માટે પ્રતિબદ્ધ રહેવું જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હાલ મોરબીમાં અંદાજે ૭૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યો ચાલી રહ્યા છે, જેમાંથી લગભગ ૯૦ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યા છે. આગામી સમયમાં પણ ગુણવત્તા જાળવીને કરોડો રૂપિયાના નવા કામો હાથ ધરવામાં આવશે, તે માટે તમામ પ્રતિનિધિઓએ પોતાના વિસ્તારમાં જરૂરી કામોની યાદી તૈયાર કરવી જોઈએ. અંતમાં મંત્રી દ્વારા તમામને પ્રજાની વચ્ચે રહી પ્રજાના કામો કરવા અને લોકોનો વિશ્વાસ જાળવવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

## વાંકાનેર નગરપાલિકાની ચૂંટણીની ૨૮ બેઠકો પર ભાજપ ૨૧, કોંગ્રેસ ૪ તથા બસપા ૩ પર વિજેતા

**અબતક, લિતેષ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે આજરોજ મતગણતરી બાદ પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં પાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠકો પૈકી ૫ બેઠકો બિનહરીફ થયા બાદ ૨૩ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી, જેમાં વિપક્ષની મજબૂત ટક્કર અને ભાજપના આંતરિક જૂથવાદ બાદ પણ ભાજપને નગરપાલિકામાં સત્તા જાળવી રાખવામાં સફળતા મળી છે. આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં ભાજપ ૨૧, કોંગ્રેસે ૦૪ અને બસપાએ ૦૩ બેઠકો પર વિજય મેળવ્યો છે.

**વોર્ડ નંબર - ૦૧**
૧). કાંતીલાલ રાયમલ કુંઢીયા - ભાજપ
૨). સંજયકુમાર છગનભાઈ જાડા - ભાજપ
૩). વર્ષાબેન કીરીટભાઈ વ્યાસ - ભાજપ
૪). અલ્પા રાહુલભાઈ રીબડીયા - ભાજપ

**વોર્ડ નંબર - ૦૨**
૦૫). પ્રધ્યુમનસિંહ ભુપતસિંહ પઢીયાર ભાજપ
૦૬). રમેશભાઈ વશરામભાઈ વોરા - ભાજપ
૦૭). ભુમીકા અંકાતભાઈ નંદાસીયા - ભાજપ
૦૮). નેહાબેન દિપકભાઈ ધામેચા - ભાજપ

**વોર્ડ નંબર - ૦૩**
૯). ધર્મેન્દ્રસિંહ ગેલુભા જાડેજા - ભાજપ
૧૦), જીગ્નેશભાઈ મહેશભાઈ નાગ્રેચા -ભાજપ
૧૧). ગીતાબેન દિપકકુમાર દોશી - ભાજપ
૧૨), જ્યોતિ રવિ જોગડીયા - ભાજપ

**વોર્ડ નંબર - ૦૪**
૧૩). અફસાનાબેન ઈરફાન પીપરવાડીયા- કોંગ્રેસ (બિનહરીફ)
૧૪). એકતાબેન હસમુખભાઈ ઝાલા- કોંગ્રેસ (બિનહરીફ)
૧૫) મહંમદભાઈ રહેમાનભાઈ રાઠોડ - કોંગ્રેસ (બિનહરીફ)
૧૬). અશરફભાઈ અનવરભાઈ ચૌહાણ - કોંગ્રેસ (બિનહરીફ)

**વોર્ડ નંબર - ૦૫**
૧૭). દિનેશભાઈ અશોકભાઈ સોલંકી - ભાજપ
૧૮). હર્ષિત દિનેશકુમાર સોમાણી - ભાજપ
૧૯). માધવીબેન દીપકભાઈ દવે - ભાજપ
૨૦). દર્શના વિસાલભાઈ સંઘવી - બસપા

**વોર્ડ નંબર - ૦૬**
૨૧). ચેતન ધીરજલાલ કુણપરા - ભાજપ (બિનહરીફ)
૨૨). બ્રિજરાજસિંહ અર્જુનસિંહ ઝાલા - ભાજપ
૨૩). જયશ્રીબેન જયસુખભાઈ સેજપાલ - બસપા
૨૪). મીનાક્ષી કાંતિલાલ વોરા - બસપા

**વોર્ડ નંબર - ૦૭**
૨૫). વિશાલ મોનાભાઈ લામકા - ભાજપ
૨૬). અજયભાઈ ભરતભાઈ ડાભી - ભાજપ
૨૭). વિજ્યાબેન મનુભાઈ સારેસા - ભાજપ
૨૮). સુનીતા વિજયભાઈ મદ્રેસાણીયા - ભાજપ

## વાંકાનેર: ફેક્ટરીના મજૂર રૂમ સામે બાળકોને શૌચ કરાવવાના મામલે પરિવાર ઉપર હુમલો

### મહિલાને માર મારનાર છ શખ્સો સામે નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરના જેતપરડા રોડ ઉપર આવેલ સેનેટરી વેર કારખાનાના લેબર ક્વાર્ટરના રૂમ સામે પાડોશી દ્વારા બાળકોને શૌચ કરાવતા હોવા અંગે મનાઈ કરતા સારું નહીં લાગતા દંપતી તથા તેના બન્ને દીકરાઓ સાથે બોલાચાલી ઝઘડો કરી છ શખ્સો દ્વારા માર મારવામાં આવ્યો હતો. વાંકાનેર તાલુકાના જેતપરડા રોડ પર આવેલ સ્નોબ સેનિટરીવેર કારખાનાની લેબર કોલોનીમાં સામાન્ય બાબતે શરૂ થયેલો વિવાદ હિંસક બન્યો હતો. આ અંગે ફરિયાદી જોશનાબેન ભીખાભાઈ ચાવડા ઉવ.૩૯ હાલ રહે.કંપનીના લેબર ક્વાર્ટરમાં મૂળ વાંકાનેર તાલુકાના લુણસર ગામના રહેવાસીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી કે, પડોશમાં રહેતા મનીષાબેન અને તેના પતિ રાહુલભાઈ તેમના નાના બાળકને વારંવાર ફરિયાદીના રૂમ સામે શૌચ માટે બેસાડતા હતા. આ બાબતે મનાઈ કરતા બંને પક્ષ વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાબતે આરોપી રાહુલભાઈએ લાકડું લઈ હુમલો કર્યો હતો, જેમાં ફરિયાદીના દીકરા તરૂણને કાનના ભાગે ઈજા પહોંચી હતી. ત્યારબાદ અન્ય ચાર શખ્સો રોહિતભાઈ કોળી, ગોપાલભાઈ કોળી, સાગરભાઈ કોળી અને દિનેશભાઈ કોળી તમામ રહે. સ્નોબ સેનેટરીના લેબર ક્વાર્ટર વાળાએ પણ ફરિયાદી પરિવાર સાથે ઝપાઝપી કરી મારા મારી કરવામાં આવી હતી. હુમલામાં ફરિયાદી મહિલાને પેટમાં ઈજા થતા તેઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનામાં ઈજાગ્રસ્તોને પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ અને બાદમાં રાજકોટ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હાલ બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે તમામ છ આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ, એટ્રોસિટી એક્ટ તેમજ જી.પી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**નજર હટી ઘટના ઘટી...**

## મોરબીમાં સ્ટેશન રોડ પર વેપારીનું ધ્યાન ચૂકવી ટેબલના ખાનામાંથી 30 હજારની ચોરી

### ઠંડાપીણાની બોટલ માંગી ધ્યાન ભટકાવી થડામાંથી રોકડ લઈ ફરાર, અગાઉ લૂંટ કેસમાં ઝડપાયેલા આરોપીની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના સ્ટેશન રોડ પર પાનની દુકાનમાં ગ્રાહક બની આવેલા કુલદીપસિંગ સરદારજીએ વેપારીનું ધ્યાન ભટકાવી થડામાંથી રૂ. ૩૦,૦૦૦/-ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપીએ અગાઉ છરીની અણીએ વેપારીનું બાઈક અને રોકડની લૂંટના કેસમાં પોલીસે ઉપરોક્ત આરોપીની અટકાયત કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી શહેરના સ્ટેશન રોડ ઉપર આવેલ પાન મસાલા અને કોલ્ડ્રિંક્સની દુકાનમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. આ અંગે શૈલેષભાઈ દામજીભાઈ સોલંકી રહે.નાની વાવડી ભગવતી પાર્ક સોસાયટી મોરબી મૂળ મોડપર ગામના વતનીએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી કુલદીપસિંગ ઉર્ફે કાલી સરદારજી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, તેઓ સ્ટેશન રોડ પર રાજુ પાન એન્ડ કોલ્ડ્રીક્સ નામે દુકાન ચલાવે છે. ત્યારે ગત તા. ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાંજે તેઓ દુકાને હાજર હતા ત્યારે આરોપી કુલદીપસિંહ ઉર્ફે કાલી સરદારજી નામનો ઈસમ સિગારેટ લેવા આવ્યો હતો. આ દરમ્યાન આરોપીએ ઠંડાપીણું માગતા વેપારી ફ્રીજમાંથી બોટલ લેવા ઊભા થયા હતા. એ તકનો લાભ લઈ આરોપીએ ટેબલના ખાનામાંથી રોકડા રૂપિયા ૩૦ હજાર ચોરી કરી તરત જ સ્થળ પરથી નાસી ગયો હતો. ટેબલના ખાનામાંથી રૂપિયા ગુમ થયાની જાણ થતા વેપારીએ આરોપી કુલદીપસિંગની આસપાસ શોધખોળ કરતા આરોપી મળી આવ્યો નહોતો. વધુમાં તપાસમાં જાણવા મળ્યું કે આરોપી નજીકના ગેસ્ટહાઉસમાં રોકાયો હતો અને ત્યાંથી પણ રૂમ ખાલી કરી ભાગી ગયો હતો.

## ઈનબોક્સ ઓટો પેક કંપનીમાંથી કિશોર ગુમ

### ફેક્ટરીના લેબર ક્વાર્ટરથી અચાનક લાપતા, પરિવાર દ્વારા શોધખોળ: અપહરણની ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના લખધીરપુર રોડ પર આવેલી ફેક્ટરીમાંથી પરપ્રાંતિય ૧૩ વર્ષનો કિશોર અચાનક ગુમ થતા પરિવારજનોએ શોધખોળ કર્યા બાદ પણ કિશોરનો કોઈ પત્તો ન મળતા, અપહરણની આશંકા સાથે સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, મોરબી શહેરના લખધીરપુર રોડ પર આવેલી ઈનબોક્ષ ઓટોપેક કંપનીના લેબર ક્વાર્ટરમાંથી ૧૩ વર્ષનો કિશોર ગુમ થવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે તસલીમખાન સુભાનખાન નટ ઉવ.૫૫ રહે. હાલ ઈનબોક્ષ ઓટોપેકના લેબર ક્વાર્ટરમાં લખધીરપુર રોડ મોરબી મૂળ રહે ગામ બસબીટાબજાર તા-મેજરગંજ જી-સીતામઢી બિહાર રાજય વાળાએ મોરબી સીટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, તેઓ પરિવાર સાથે બિહાર રાજ્યમાંથી મજૂરી કામ માટે મોરબી આવ્યા હતા અને ઉપરોક્ત કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા હતા. ત્યારે ગત તા. ૨૭ એપ્રિલના રોજ બપોરે તેમનો દિકરો અબ્દુલ ઉવ.૧૩ કંપનીમાં પિતાને મળવા આવ્યો હતો અને ત્યારબાદ ક્યાંક જતો રહ્યો હતો. જે બાદ સાંજ સુધી કિશોર ઘરે કે કંપની આસપાસ જોવા મળ્યો નહોતો. જેથી પરિવારજનોએ કંપની અને આજુબાજુ વિસ્તારમાં શોધખોળ કરી છતાં પુત્રના કોઈ સગડ ન મળતા કંપનીના સંચાલકને જાણ કરી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.આ બનાવ અંગે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭ હેઠળ ગુનો નોંધ્યો છે અને અપહરણની આશંકાએ વિવિધ દિશામાં શોધખોળ શરૂ કરી છે.

## હળવદના કડીયાણાની સીમમાંથી કેબલ ચોરી કરનાર તસ્કર ઝડપાયા

### પોલીસે રૂ. ૧ લાખનો કોપર કેબલ વાયર કબ્જે કર્યો.

**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના ચરાડવા-કડીયાણા ગામની સીમમાં થયેલી કેબલ ચોરીના ગુનામાં હળવદ પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ સાથે આરોપી પાસેથી આશરે ૧૬૦૦ ફૂટ કોપર કેબલ વાયર કબ્જે કરવામાં આવ્યો છે.




હળવદ તાલુકાના ચરાડવા-કડીયાણા ગામની સીમમાં આવેલ વાડીમાંથી કોપર કેબલ ચોરીનો ભેદ હળવદ પોલીસે ઉકેલી એક આરોપીની અટકાયત કરી છે. અગાઉ આ અંગે હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી લાલજીભાઈ અણદાભાઈ સવસાણી રહે. મારૂતિ નગર વિધુત નગર પાસે રવાપર રોડ મોરબી વાળાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેમની ચરાડવા-કડીયાણા સીમમાં આવેલ વાડીના રૂમમાંથી આશરે ૧૬૦૦ ફૂટ કોપર કેબલ વાયર, જેની કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/- તે કોઈ અજાણ્યા ચોરો ચોરી કરી ગયા હતા.

ચોરીના આ બનાવ બાદ હકવડ પોલીસ મથક પીઆઈ આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી કેશુ ઉકાભાઈ રાઠોડ રહે. ગામ સુસવાવ તા. હળવદ વાળાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ચોરીમાં ગયેલો સમગ્ર કોપર કેબલ વાયર કબ્જે કરવામાં આવ્યો હતો.

હાલ પોલીસ દ્વારા આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## હળવદમાં બુટલેગર જયરાજ બોરીચા પાસા તળે જેલ હવાલે

**અબતક, ઋષી મહેતા**



હળવદ પોલીસે પ્રોહિબીશનના ગુનામાં સંડોવાયેલા વધુ એક બુટલેગર સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આરોપીનું પાસા વોરંટ ઈસ્યુ થતા હળવદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપીને ડિટેઈન કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

મોરબી જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબીશનના ગુનાઓમાં સંડોવાયેલા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ગેરકાયદેસર દારૂના વેપારને નાબૂદ કરવા અને આવા તત્વો પર સંપૂર્ણ અંકુશ લાવવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા પાસા તથા હદપારી જેવા અસરકારક પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવી છે. જે અનુસંધાને હળવદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા ઈંગ્લીશ દારૂના વેચાણના ગુનામાં સંડોવાયેલા જયરાજ દિલુભાઈ ઉર્ફે દિલીપભાઈ બોરીચા રહે. કલમાદ તા. મુળી જી. સુરેન્દ્રનગર વાળા વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી માટે દરખાસ્ત મોકલી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટ મોરબી દ્વારા પાસા વોરંટ મંજૂર થતાં પોલીસે ઝડપી પાડ્યો હતો. બાદમાં આરોપીને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી જેલ હવાલે કરવામાં આવ્યો છે.

## છરીની અણીએ વેપારીને લૂંટનાર માથાભારે શખ્સ પકડાયો

### લૂંટમાં ગયેલ મોટરસાયકલ, રોકડા અને છરી સાથે એ ડિવિઝન પોલીસે એક ને ઝડપ્યો: એક પોલીસ પકડથી દૂર

**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં વેપારીને લીફ્ટના બહાને અંધારી ગલ્લીમાં લઈ જઈ છરીની અણીએ લૂંટ કરનાર આરોપીઓ પૈકી એક આરોપીને મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી લીધો છે. આ સાથે આરોપી પાસેથી લૂંટ કરેલ બાઈક, રોકડા રૂપિયા અને હથિયાર કબ્જે કરવામાં આવ્યા છે.



મોરબીમાં લૂંટની ઘટનામાં પોલીસે ઝડપી કામગીરી કરી ગણતરીના કલાકોમાં જ લિસ્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભુરારામ નરશીરામ ચૌધરી (રહે. યમુનાનગર-૨ ન્યૂ શ્રદ્ધાપાર્ક નવલખી રોડ મોરબી મૂળ રહેવાસી રાજસ્થાન વાળા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, બે શખ્સોએ લીફ્ટ માગી તેમના બાઈકમાં બેસી અંધારી ગલ્લીમાં લઈ જઈ છરી બતાવી તેમનું હોન્ડા સાઈન મોટરસાયકલ તથા રૂપિયા ૧૫,૦૦૦ લૂંટી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ જિલ્લા પોલીસવડા મુકેશકુમાર પટેલની સૂચના હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શનમાં સીટી એ ડિવિઝન પીઆઈ વાય.બી. જાડેજાની ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સીસના આધારે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપી કુલદિપસિંગ ઉર્ફે કાલી ધવલસિંગ ખીચી ઉવ.૨૬ રહે. લાયન્સનગર મોરબી વાળાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી લૂંટમાં ગયેલ હોન્ડા સાઈન રજી.નં. જીજે-૦૩-ઈક્યુ-૩૮૮૧, રૂપિયા ૧૦,૦૦૦ રોકડા અને બનાવમાં ઉપયોગમાં લેવાયેલી છરી કબ્જે કરવામાં આવી હતી. આ બનાવમાં સંડોવાયેલ મુખ્ય આરોપી દેવાસિંગ ભરતસિંગ સરદારજી હાલ ફરાર છે અને તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પકડાયેલા આરોપી સામે અગાઉ પણ પ્રોહીબિશન અને જીપી એક્ટ હેઠળ અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે, હાલ પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને ફરાર આરોપીને ઝડપવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# અમરેલી બન્યુ ભાજપનો ગઢઃ જિલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલિકાઓમાં સર્વત્ર ભગવો

## જિલ્લામાં ૧૧માંથી ૯ તાલુકા પંચાયત પર ભાજપ કોંગ્રેસ અને આપને ફાળે ૧-૧ પંચાયત

## અમરેલીમાં ભાજપનો પ્રચંડ વિજય બાદ ઠેર ઠેર વિજયોત્સવ મનાવાયો



અમરેલી જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઐતિહાસિક અને પ્રચંડ વિજય નોંધાવ્યો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ વિવિધ નગરપાલિકાની બેઠકો પર ભાજપે બહુમતી સાથે કબ્જો જમાવી સમગ્ર જિલ્લામાં ભગવો લહેરાવ્યો છે.ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ ભાજપ કાર્યકરોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી. વિજયની ઉજવણી રૂપે શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય વિજય રેલી અને સરઘસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજય સરઘસમાં રાજ્યના ઊર્જામંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી તથા ભાજપના આગેવાન પી.પી. સોજીત્રા સહિતના નેતાઓ ખુલ્લી કારમાં ફર્યા હતા.ભાજપના આ ભવ્ય વિજયને લઈને પાર્ટી કાર્યકરોમાં નવા ઉત્સાહ સાથે આગામી વિકાસકાર્યો માટે સંકલ્પ લેવામાં આવ્યો હોવાનું નેતાઓએ જણાવ્યું હતું.

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

સૌરાષ્ટ્રના રાજકારણના એપી સેન્ટર ગણાય છે. અમરેલી જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્ય ચૂંટણી જિલ્લા પંચાયત તાલુકા પંચાયત નગરપાલીકાઓમાં ભાજપનો દબદબો રહેવા પામ્યો છે. જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતમાં ૯ તાલુકા પંચાયતમાં ભાજપ એક પર કોંગ્રેસ અને એક પર આપનું શાસન આવ્યુ છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અમરેલી જિલ્લામાં મતગણતરી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ છ નગરપાલિકાઓની બેઠકો માટે જાહેર થયેલા પરિણામોમાં મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટીનું પ્રભુત્વ જોવા મળ્યું છે.મતગણતરી સુચારૂ આયોજન સાથે પૂર્ણ

જિલ્લામાં જિલ્લા પંચાયતની ૩૪, તાલુકા પંચાયતની ૧૯૦ અને અમરેલી, બાબરા, સાવરકુંડલા, ધારી, બગસરા અને દામનગર નગરપાલિકાની કુલ ૧૮૪ બેઠકો માટે મતગણતરી યોજાઈ હતી.

તાલુકા પંચાયતની ૪ અને નગરપાલિકાની ૧૦ બેઠકો બિનહરીફ જાહેર થતાં બાકીની બેઠકો માટે મતગણતરી હાથ ધરાઈ હતી. મતગણતરી માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા પંચાયતના ૧૧ કેન્દ્રો અને પાલિકાના ૬ કેન્દ્રો પર સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૧૦૧૪ કર્મચારીઓ અને ૧,૧૪૦ પોલીસ જવાનોની હાજરીમાં સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ.

અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકોમાં ભાજપે ૩૧ બેઠકો જીતતા સ્પષ્ટ બહુમતી મેળવી છે. આમ આદમી પાર્ટી ૨ અને કોંગ્રેસને માત્ર ૧ બેઠક મળી.

જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં ભાજપે મજબૂત પ્રદર્શન કર્યું છે જેમાં બાબરા નગરપાલિકા (૨૪ બેઠક) : ભાજપ ૨૨, કોંગ્રેસ ૨

ધારી નગરપાલિકા (૨૮ બેઠક) : ભાજપ ૧૮, આમ આદમી પાર્ટી ૬, ૪ બેઠક બિનહરીફ ભાજપ

અમરેલી નગરપાલિકા (૪૪ બેઠક) : ભાજપ ૨૭ (+૩ બિનહરીફ), કોંગ્રેસ ૧૩, અન્ય ૧

બગસરા નગરપાલિકા (૨૮ બેઠક) : ભાજપ ૨૨, કોંગ્રેસ ૬

દામનગર નગરપાલિકા (૨૪ બેઠક) : ભાજપ ૧૪ (+૩ બિનહરીફ), આમ આદમી પાર્ટી ૫, કોંગ્રેસ ૨

સાવરકુંડલા નગરપાલિકા (૩૬ બેઠક) : ભાજપ ૨૫, કોંગ્રેસ ૧૧

તાલુકા પંચાયતોમાં મિશ્ર પરિણામ

તાલુકા પંચાયત સ્તરે કેટલાક વિસ્તારોમાં રસપ્રદ મુકાબલા જોવા મળ્યાઃ

અમરેલી : ભાજપ ૧૬, કોંગ્રેસ ૧, આપ ૧

બાબરા : ભાજપ ૧૩ (+૧ બિનહરીફ), આપ ૩, કોંગ્રેસ ૧

બગસરા : આપ ૧૦, ભાજપ ૬

ધારી : ભાજપ ૯, આપ ૫, કોંગ્રેસ ૨

જાફરાબાદ : ભાજપ ૧૧ (+૩ બિનહરીફ), કોંગ્રેસ ૨

ખાંભા : ભાજપ ૧૨, આપ ૩, કોંગ્રેસ ૧

વડિયા-કુંકાવાવ : ભાજપ ૧૩, આપ ૩

લાઠી : ભાજપ ૧૦, આપ ૪, કોંગ્રેસ ૨

લીલીયા : કોંગ્રેસ ૯, ભાજપ ૭

રાજુલા : ભાજપ ૧૫, કોંગ્રેસ ૪, અપક્ષ ૧

સાવરકુંડલા : ભાજપ ૧૬, કોંગ્રેસ ૪, આપ ૧, અન્ય ૧

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ સમગ્ર મતગણતરી પ્રક્રિયા કડક સુરક્ષા વચ્ચે પારદર્શક રીતે યોજાઈ હતી. તમામ કેન્દ્રો પર શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહ્યો હતો.અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપે જિલ્લા પંચાયત અને મોટાભાગની નગરપાલિકાઓમાં મજબૂત પકડ સાબિત કરી છે. જોકે તાલુકા પંચાયત સ્તરે કેટલીક જગ્યાએ આપ અને કોંગ્રેસે પડકારજનક હાજરી નોંધાવી છે, જે સ્થાનિક રાજકારણમાં આગામી સમયમાં રસપ્રદ સમીકરણો ઊભા કરી શકે છે.

## ધારી નગરપાલિકામાં ભાજપનો બહુમતી ૨૮માંથી ૧૮બેઠકો પર કમળ ખીલ્યા

### આપને ૬ બેઠક મળી કોંગ્રેસને માત્ર ૨ બેઠકથી માનવો પડ્યો સંતોષ

**અબતક, મેહુલ ત્રીવેદી, ધારીઃ** ધારી નગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ બહુમતી મેળવી શાનદાર શરૂઆત કરી છે. કુલ ૨૮ બેઠકોમાંથી ૪ બેઠકો પહેલેથી જ બિનહરીફ ભાજપના ફાળે જતા પક્ષને મજબૂત પાયો મળ્યો હતો, જ્યારે કુલ મળીને ભાજપે ૧૮ બેઠકો જીતતા સ્પષ્ટ બહુમતી હાંસલ કરી સત્તાની શરૂઆત કરી છે. આમ આદમી પાર્ટીએ ૬ બેઠકો મેળવી પોતાનું સ્થાન બીજા નંબરે મેળવ્યું છે. અહીં કોંગ્રેસ નામશેષ હોય તેવું જોવા મળ્યું છે. કોંગ્રેસને અહીં માત્ર ૨ સીટથી સંતોષ માનવો પડ્યો છે.

## ભાજપનું ગઢ ગણાતા હામાપુર ગામમાંથી આમ આદમી પાર્ટીને લીડ મળી



બગસરા તાલુકાના હામાપુર ગામને અનેક વર્ષોથી ભાજપના મતદારોનું ગઢ ગણવામાં આવે છે. જેને લીધે બગસરા તાલુકાની ગ્રામ્ય કક્ષાની સૌથી વધુ ગ્રાન્ટ અને સુવિધાઓ પણ આ ગામને ફાળવવામાં આવતી હોય છે. પરંતુ આ વર્ષે હામાપુર ગામે સૌથી વધુ લીડથી આમ આદમી પાર્ટીના ઉમેદવારને વિજેતા બનાવ્યા હતા. ગામના ચાર બુથ માંથી ભાજપના જિલ્લા પંચાયતના ઉમેદવારને માત્ર ૬૧૪ મત જ્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવારને તેનાથી બમણા નજીક ૧૧૦૩ મત મળ્યા હતા. તાલુકા પંચાયતમાં પણ આ જ સ્થિતિ રહી હતી.

## વડિયા તાલુકા પંચાયતથી ૧૬ બેઠકમાંથી ૧૩ પર ભાજપનો વિજયઃ કમળ સોળે કળાએ ખિલ્યું

## વડિયા તાલુકા અને જીલ્લા પંચાયત બેઠકો પર ભાજપના ઉમેદવારો જીત્યા



**અબતક, માહીર સુમરા, વડિયા**

અમરેલીના વડિયા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૧૬માંથી ૧૩ પર ભાજપનો વિજય થતાં સમગ્ર કમળ ખીલવાનો માહોલ ઉભો થયો છે.

વડીયા તાલુકા પંચાયતની ચૂંટણીમાં વડિયા-૧ શિલ્પાબેન હરેશભાઈ રાદડિયા (ભગત) ની જીત વડિયા-૨ તુષાર પ્રફુલભાઈ ગણાત્રા ની જીત જિલ્લા પંચાયત બેઠકમાં

પારૂલબેન ચેતનભાઈ દાફડા ની જીત વડીયા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની બંને સીટ ઉપર ભાજપની બહુમતીથી જીત જ્યારે "વડીયા કુકાવાવ તાલુકા ની (૧૬) બેઠક ઉપરથી (૧૩) ભાજપની - આમ આદમી પાર્ટીની (૩) કોંગ્રેસ (૦)નું ખાતુ પણ ખુલ્યુ નથી.

૨ - બાંભણિયા ભાજપ વિજેતા આરતીબેન બી ગજેરા, દેવગામ ભાજપ વિજેતા વિપુલભાઈ એમ પાંચાણી, કુકાવાવ નાની ભાજપ વિજેતા અશોકભાઈ બચુભાઈ ચૌહાણ, સનાળા ભાજપ વિજેતા મહેશભાઈ બંધાભાઈ મયાત્રા , લુણીધાર આમ આદમી પાર્ટી વિજેતા, મોટી કુકાવાવ-૨ વિજેતા નિરાલી બેન મયુરભાઈ મકવાણા, તોરી ભાજપ વિજેતા સોનલબેન યોગેશભાઈ પાનસુરીયા, કુકાવાવ મોટી-૧ આમ આદમી પાર્ટી નેહાબેન એન ગોંડલીયા, મોટા ઉજળા ભાજપ વિજેતા હંસાબેન ગોરધનભાઈ સખવાળા, દેવળકી આમ આદમી પાર્ટી વિજેતા શાંતાબેન એ રામાણી, ખડખડ ભાજપ વિજેતા કિરણબેન નારણભાઈ ચૌહાણ, ઢુંડિયા પીપડીયા ભાજપ વિજેતા રમણીકભાઈ સમજુભાઈ પાઘડા, સનાળી ભાજપ વિજેતા માયાબેન રાજેશભાઈ ખીમાણી, વડીયા-૧ ભાજપ વિજેતા તુષારભાઈ પ્રફુલભાઈ ગણાત્રા, વડીયા-૨ ભાજપ વિજેતા શિલ્પાબેન હરેશભાઈ રાદડિયા (ભગત) વડીયા કુકાવાવ તાલુકા ની ૧૬ બેઠક ઉપરથી , બેઠક ઉપર ભાજપ ની ભવ્ય જીત, બેઠક ઉપર આમ આદમી પાર્ટીની ભવ્ય જીત ૧૬ બેઠક ઉપરથી કોંગ્રેસનું પાનું ખુલ્યું જ નહીં.


### પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન

**"SLR/VP ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

નં. C 78/LEASING/E-AUCTION/Publication/2022(294790)

સંદર્ભ : ED (FM), RB's letter no. 2022/TC(FM)/10/04 તારીખઃ 11-04-2022

"SLR\VP ના લિઝીંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

વાણિજ્ય વિભાગ-રાજકોટ ડિવિઝન - SLRs/VPs ના લિઝીંગના કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | લોટ શરૂઆત થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-01-26, તારીખ 27/04/2026 | SLR/VP નું લિઝીંગ | ૧) ૧૬૭૩૪-SLR-F૧, ૨) ૧૬૭૩૪-SLR-R૧, ૩) ૨૨૯૦૫-SLR-F૨, ૪) ૨૨૯૦૫-SLR-F૧, ૫) ૨૨૯૦૮-SLR-R૧, ૬) ૨૨૯૩૭-SLR-R૧ ૭) ૨૨૯૬૦-SLR-R૧, ૮) ૨૨૯૩૭-SLR-F૧, ૯) ૨૨૯૦૫-૨૨૯૦૬-VP-૧ | ૦૩ વર્ષ | તમામ લોટ માટે ઈ-હરાજી તા.૧૨-૦૫-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવિલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, વિભાગ : કોમર્શિયલ, રાજકોટ ડિવિઝન - ના શિર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT-009

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક ® સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-

બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ




**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૨૫/-

પ્રીમીયમ ૧ કિલો ચા




**વિશેષ નોંધઃ**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234

# ઊના નગરપાલિકાની ૩૬ બેઠકો પર ભાજપનો દબદબો

## કોંગ્રેસના સુપડાસાફ અને આપની કારમી હાર

### ઊના તાલુકા પંચાયતની ૨૦ બેઠકોમાંથી ૧૪માંથી ભાજપ અને ૬માં કોંગ્રેસ

ઊના તાલુકા પંચાયત ની સામાન્ય ચૂંટણી ના પરિણામ જાહેર થતા ભાજપ ને ૨૦ બેઠકો અને કોંગ્રેસ ને ૬ બેઠકો મળી ભાજપ એ સત્તા જાળવી રાખી ઊના હેઠળ આવતી ગીર સોમનાથ જિલ્લા ની સાત બેઠકો માં પાંચ ભાજપ અને બે કોંગ્રેસ ને મળી તાજેતર માં ઊના તાલુકા પંચાયત ની ૨૬ બેઠક ની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી જેમાં ૬૨,૮૪ ટકા મતદાન થયું હતું જેની આજરોજ મતગણતરી થઈ હતી ચૂંટણી પહેલા સનખડા ની બેઠક ઉપર ભાજપ ના ઉમેદવાર ભાવના બેન નાથ ભાઈ સાવધરીયા બિન હરીફ વિજેતા બન્યા હતા. જયારે ૨૫ બેઠક નું પરિણામ આવી જતા ભાજપ ના ૧૯ ઉમેદવારો જંગી બહુમતી થી વિજેતા થયા હતા જયારે કોંગ્રેસના ઉમેદવાર ઓ એ છ બેઠકો મેળવી હતી. તેથી તાલુકા પંચાયત મી ભાજપ ને ૨૦ બેઠકો અને કોંગ્રેસ ને ૬ બેઠકો મળી છે ભાજપે સત્તા જાળવી રાખી છે. કોંગ્રેસ ના ઉમેદવાર એ ચાચકવડ, ચીખલી, કોબ, મોટા ડેસર, પાલડી, વીરસિંગપુર બેઠક ઉપર વિજેતા થયા છે જયારે જિલ્લા પંચાયત ની કોબ અને મોટા ડેસર બેઠક ઉપર વિજેતા થયા છે.

### ઊના નગર પાલિકાની સામાન્ય ચૂંટણીમાં વિજેતા થયેલ ઉમેદવારોના નામ મળેલ મતોની યાદી

| | | |
|---|---|---|
| **વોર્ડ નંબર ૧** | **વોર્ડ નંબર ૪** | **વોર્ડ નંબર ૭** |
| અફસાના રજાક ભાઈ કાસમાણી ૨૮૮૧ | જ્યોત્સના બેન હરેશ ભાઈ વેકરીયા ૧૩૮૪ | રાજલ બેન અલ્પેશ ભાઈ બાંભણિયા ૨૩૧૩ |
| શિવાનીબેન ભાવેશ ભાઈ વાજા ૨૪૮૬ | બ્રિજલ બેન વિપુલભાઈ દાવડા ૧૨૪૬ | કિરણબેન ધનસુખ ભાઈ બાંભણિયા ૨૨૪૩ |
| નિહાદ યુસુફભાઈ રિંદ બ્લોચ ૨૬૧૭ | ઘનશ્યામભાઈ મનસુખભાઈ જોશી ૧૪૫૫ | પરેશ ભાઈ બાબુ ભાઈ બાંભણિયા ૨૦૯૧ |
| વિનોદભાઈ મનુભાઈ બાંભણિયા ૨૬૭૯ | દિલીપ ભાઈ મોહન ભાઈ ઠક્કર ૧૩૬૪ | કેયુર ભાઈ દેવચંદ ભાઈ મૈયા ૨૧૫૯ |
| **વોર્ડ નંબર ૨** | **વોર્ડ નંબર ૫** | **વોર્ડ નંબર ૮** |
| રીજવાના શાહબુદ્દીન દલ બિન હરીફ | અસ્મિતા બેન પરેશ ભાઈ બાંભણિયા ૨૮૧૨ | ભારતી બેન મયુર ભાઈ બાંભણિયા ૧૭૫૨ |
| ફાતિમા બેન અબ્દુલ સતાર ભીસ્તી બિન હરીફ | જલ્પાબેન જેન્તી ભાઈ બાંભણિયા ૨૪૧૫ | દર્શના બેન મયંક ભાઈ જોશી ૧૮૬૦ |
| નૂરમહમદ અલીમહમદ કુરેશી બિન હરીફ | ગિરીશ ભાઈ છગન ભાઈ પરમાર બીનહરીફ વિજેતા | મનોજ ભાઈ છગન ભાઈ બાંભણિયા ૧૮૬૬ |
| રિયાઝ મહમદ રફિક કાસમાણી બિન હરીફ | અશ્વિનભાઈ રાજાભાઈ ડાભી ૨૭૬૧ | હિરેન ભાઈ નવલ ભાઈ જોશી ૧૬૮૯ |
| **વોર્ડ નંબર ૩** | **વોર્ડ નંબર ૬** | **વોર્ડ નંબર ૯** |
| નજમા બાનું સલીમ ભાઈ ખોજદાદાં બિનહરીફ | રસીલાબેન કાના ભાઈ બાંભણિયા બિન હરીફ વિજેતા | હર્ષા બેન ભોલુ ભાઈ રાઠોડ ૨૨૨૨ |
| મીના બેન કેતન ભાઈ દેસાઈ બિન હરીફ | બિંદુબેન ગિરીશ ભાઈ તન્ના ૧૭૮૯ | જશુમતી બેન ચીમનગીરી ગૌસ્વામી ૨૬૧૩ |
| મહમદ સોહિલ રફિકભાઈ કચરા ૧૮૭૪ | મિતેષ ભાઈ હરકિશન ભાઈ શાહ ૧૭૦૨ | ભૂપત ભાઈ રણસીભાઈ બાંભણિયા ૨૫૨૨ |
| અબ્દુલ્લા ઉષ્માનભાઈ શેખ ૧૯૯૨ | હોતચંદ બ્રહ્માનંદ સોમજાણી ૧૬૭૮ | બાબુભાઈ કાના ભાઈ ડાભી ૨૬૦૨ |

**અબતક , ઊના**

ઊના નગર પાલિકા ની નવ વોર્ડ ની ૩૬ બેઠકો ની સામાન્ય ચૂંટણી જાહેર થઈ હતી જેમાં ભાજપ ને ૮ બેઠક બિન હરીફ થઈ હતી બાકી ની ૨૮ બેઠક ની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપ ના ૨૮ અને આમ આદમી પાર્ટી ના ૨૧ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હતા જેમાં ૬૩,૯૩ ટકા ભારે મતદાન થયું હતું. આ નગર પાલિકા ની સામાન્ય ચૂંટણી માં ભાજપ ના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ ચૂંટણી લડાઈ હતી અને મત ગણતરી ના પરિણામ આવી જતા આઠે વોર્ડ માં ભાજપ ના ૨૮ ઉમેદવારો ભવ્ય વિજય બન્યા હતા. આમ આદમી પાર્ટી ના તમામ ઉમેદવારો એ હાર નો સામનો કરવો પડ્યો હતો. ઊના નગર પાલિકા માં વોર્ડ નંબર ૧માં અફસાનાબેન રજાક ભાઈ કાસમાણી ૨૮૮૧ સૌથી વધુ મતો મેળવ્યા હતા. જ્યારે લોક ગાયિકા રાજલ બેન અલ્પેશ ભાઈ બાંભણિયા (રાજલ બારોટ) એ વોર્ડ નંબર સાત માં ૨૩૧૩ મતો મેળવ્યા હતા અને વિજય થયા હતા.

# રાપરની મનોદિવ્યાંગ બાળાના બળાત્કારીને ૨૦ વર્ષની જેલ

**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

કચ્છના ન્યાયિક ઈતિહાસમાં સીમાચિહરૂપ કહી શકાય તેવો ચુકાદો ભચાઉ પોક્સો કોર્ટે આપ્યો છે. રાપરની માનસિક અસ્વસ્થ બાળાને લલચાવી જંગલમાં લઈ જઈ દુષ્કર્મ આચરનારા શિવો મોહનભાઈ ખેતાભાઈ પારકરા (કોલી) નામના નરાધમને ૨૦ વર્ષની સખ્ત કારાવાસની સજા ફટકારવામાં આવી છે. રાપર પોલીસના પીઆઈ જે.બી. બુબડીયાએ અસાધારણ ઝડપ બતાવી ૧૨ દિવસમાં તપાસ પૂર્ણ કરી હતી, જેને પગલે કોર્ટે ચાર્જશીટના ૯૯ દિવસમાં જ ચુકાદો જાહેર કર્યો છે. બચાવ પક્ષની બાળાની માનસિક સ્થિતિ અંગેની દલીલોને ફગાવી કોર્ટે મેડિકલ પુરાવા અને સાક્ષીઓના આધારે ન્યાય અપાવ્યો છે. આરોપીને ૨૦ વર્ષની કેદ ઉપરાંત કુલ ૧૬ હજારનો દંડ અને ભોગ બનનારને ૫ લાખનું સરકારી વળતર અપાવવા હુકમ કરાયો છે. કોર્ટમાં સરકાર પક્ષે અધિક જિલ્લા સરકારી વકીલ ધર્મેન્દ્રસિંહ એસ. જાડેજાએ દલીલો કરી હતી.

# દ્વારકાના વરવાળા ગામે તળાવમાં ડૂબી જવાથી બે બાળકના મોત: એકનો બચાવ

## બાપુ પીરના ઉર્સ મેળામા રમકડા વેચવા ગયેલા પરિવારના બાળકો રમતા રમતા તળાવમાં ગરક થયા: પરિવારમાં અરેરાટી

**અબતક, વિનાયક ભટ્ટ, જામ ખંભાળિયા**

દ્વારકા નજીક આવેલા વરવાળા ગામે તળાવમાં રમતા-રમતા ડૂબી જવાથી બે પરપ્રાંતીય શ્રમિક બાળકોના મોત નીપજ્યા છે, જ્યારે એક બાળકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે શ્રમિક પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ, દ્વારકા પંથકમાં મજૂરી કામ કરતા અને છૂટક રમકડાં વેચી ગુજરાન ચલાવતા એક શ્રમિક પરિવારના સભ્યો વરવાળા ગામે ચાલી રહેલા એક ધાર્મિક પ્રસંગમાં રમકડાં વેચવા માટે આવ્યા હતા. વરવળાના તળાવ પાસે આ પરિવારોના બાળકો રમી રહ્યા હતા, તે દરમિયાન અચાનક ત્રણ બાળકો તળાવના ઊંડા પાણીમાં ઉતરી ગયા હતા અને ડૂબવા લાગ્યા હતા.પાણીમાં ડૂબી રહેલા બાળકોને જોઈ આસપાસના લોકો બચાવવા દોડી આવ્યા હતા. જોકે, કમનસીબે ૧૨ વર્ષિય રાજીવ અને ૧૦ વર્ષિય અજયનામના બે બાળકોના પાણીમાં શ્વાસ રુંધાઈ જવાથી મોત નીપજ્યા હતા. જ્યારે તળાવમાં ડૂબેલા ત્રીજા બાળકને સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી બહાર કાઢી લીધો હતો. તેને તાત્કાલિક દ્વારકાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની પ્રાથમિક સારવાર બાદ હાલત ગંભીર જણાતા વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો છે. એકસાથે બે વહાલસોયા બાળકોના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્થાનિક પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ: ઈજાના નિશાન સાથે યુવાનનો મૃતદેહ મળ્યો, હત્યાની આશંકા

## અજાણ્યા યુવાનની લાશ મળી તે સ્થળ નજીક શ્રમિકને છરીના ઘા ઝીંકી ૨૦ હજારની લૂંટ, તાલુકા પોલીસ મથક ના સ્ટાફ દ્વારા તપાસનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

શહેરના વાવડી રોડ પર પુનિતનગર સર્કલ પાસે ગઈકાલે રાત્રે લોહીયાળ ઘટના બની હતી. પગાર લઈને વતન જવા નીકળેલા યુવાનને ત્રણ શખ્સોએ આંતરી છરીના ઘા ઝીંકી રોકડ અને મોબાઈલની લૂંટ ચલાવી હતી. આશ્ચર્યજનક રીતે, આ જ લોહીયાળ સંઘર્ષના સ્થળ પાસેથી એક અન્ય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે અને સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ પ્રયાગરાજનો વતની અને છેલ્લા ૮ વર્ષથી રાજકોટની ફાલ્કન કંપનીમાં કામ કરતો સંતોષકુમાર મુદનલાલ જમાલ (ઉં.વ. ૨૧) ગઈકાલે રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં કંપનીએથી પગાર લઈને વતન જવા માટે રાજકોટ જંક્શન તરફ ચાલીને જતો હતો. પુનિતનગર સર્કલ પાસે મામા સાહેબના મંદિર નજીક એક બાઈક પર ત્રણ અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા. લૂંટારુઓએ સંતોષકુમાર પાસે પૈસાની માંગણી કરી હતી અને પ્રતિકાર કરતા તેને પીઠ તથા કમરના ભાગે છરીના ૩ થી ૪ ઘા ઝીંકી દીધા હતા. હુમલાખોરો યુવાન પાસેથી રૂ. ૨૦,૦૦૦ રોકડ અને મોબાઈલ લૂંટીને રફુચક્કર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સંતોષકુમાર હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

લૂંટની આ ઘટના બાદ પોલીસ અને ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે તે જ જગ્યાએથી એક આશરે ૩૨ વર્ષીય અજાણ્યો પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકના શરીર પર ઈજાના નિશાન હોવાથી તેનું મોત શંકાસ્પદ માનવામાં આવી રહ્યું છે. ભોગ બનનાર સંતોષકુમારે જણાવાયું હતું કે ''હું પગાર લઈને વતન જવા નીકળ્યો હતો, ત્યારે બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ મને આંતરી છરી મારી પૈસા લૂંટી લીધા.'' જ્યાં સંતોષકુમાર પર લૂંટના ઈરાદે હુમલો થયો, ત્યાં જ અન્ય એક યુવાનની લાશ મળી આવતા પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. શું મૃતક યુવાન લૂંટારુ ગેંગનો સભ્ય હતો? કે પછી લૂંટ દરમિયાન થયેલી ઝપાઝપીમાં અન્ય કોઈ વ્યક્તિ ભોગ બની? હાલમાં તાલુકા પોલીસે આ મામલે લૂંટ અને શંકાસ્પદ મોતનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ શરૂ કરી છે. રાજકોટમાં ધોળા દિવસે અને જાહેર માર્ગો પર વધતી જતી આવી ઘટનાઓએ સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

### જનાદેશનો ટ્રેન્ડ...

ધારાસભ્યોએ રાજીનામા આપ્યા બાદ ભાજપનો ખેસ ધારણ કરી લઈ પેટા ચૂંટણીમાં ફરી વિજેતા બનતા હાલ વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનું સંખ્યાબળ ૧૬૨ છે. મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં જે રીતે ભાજપને જનાદેશ પ્રાપ્ત થયો છે. જો આ જ ટ્રેન્ડ ઝળવાઈ રહે તો આજથી દોઢ વર્ષ પછી યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપ ૧૭૦થી વધુ બેઠકો મેળવી તેવી પ્રબળ સંભાવના જણાઈ રહી છે.

રાજ્યની ૧૫ મહાનગરપાલિકામાંથી તમામ ૧૫માં ભાજપની જીત થઈ છે. આ વાત સાબીત કરે છે કે, શહેરી મતદારો ભાજપના પરંપરાગત મતદારો બની ગયા છે. હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ કમળનું કદ દિન પ્રતિદિન વધી રહ્યું છે. ૩૪ જિલ્લા પંચાયતમાંથી ૩૩ જિલ્લા પંચાયતમાં ભાજપને બહુમત પ્રાપ્ત થયો છે. જ્યારે ૮૪ નગરપાલિકામાંથી ૭૮ નગરપાલિકામાં કમળ પુરબહારમાં ખીલ્યું છે. જ્યારે ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકા પંચાયતમાં ભાજપના ઉમેદવારો જીત્યા છે. આ તમામ સમીકરણોને આધારે જો ગુજરાત વિધાનસભાની ૨૦૨૭માં યોજાનારી સામાન્ય ચૂંટણીના પરિણામો અંગે અંદાજ લગાવવામાં આવે તો એવુ ચોક્કસ કહી શકાય કે ભાજપ ૧૭૦ બેઠકો જીતી જશે.

કોંગ્રેસ પાસે હજી દોઢ વર્ષનો સમય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે રીતે પક્ષનો કારમો પરાજય સહન કરવો પડ્યો છે. તેની ગંભીરતા સાથે સમીક્ષા કરે અને વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારીઓ આરંભી દે તો શરમજનક પરિણામથી ૧૦૦ ટકા બચી શકાય છે. હાલ વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યનું સંખ્યાબળ માત્ર ૧૨ છે. આવુ ગરીબડુ પરિણામ હવે પછી ન મળે તે માટે કોંગ્રેસે ગંભીરતા દાખવવી પડશે. શાનદાર જીત બાદ પણ ભાજપ હવે આરામ નહીં કરે પદાધિકારીઓને નિમણુંક બાદ ફરી પ્રજા વચ્ચે જઈ સેવાકાર્યો શરૂ કરી દેવામાં આવશે. ટુંકમાં વિધાનસભાની ચૂંટણીની જોરશોરથી તૈયારીઓ આરંભી દેવાશે.

### ભાજપનો વોટશેર...

અન્યના ફાળે ૧૭૪ બેઠકો આવી છે. ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકા પંચાયતોમાં ભાજપનું શાસન આવ્યું છે. તાલુકાપંચાયતમાં ભાજપનો વોટ શેર ૫૧ ટકાથી થોડોવધુ રહેવા પામ્યો છે. જ્યારે કોંગ્રેસનો વોટ શેર ૩૨.૮૯ ટકા રહ્યો છે. તાલુકા પંચાયતની કુલ ૫૨૩૪ બેઠકોમાંથી ભાજપ ૩૬૭૪ બેઠકો જીત્યું છે. જ્યારે કોંગ્રેસ ૧૦૫૦ બેઠકો જીત્યું છે. અન્યના ફાળે ૫૦૪ બેઠક આવી છે. ૧૧ નગરપાલિકાઓની ૧૩ બેઠકોની પેટા ચૂંટણીમાં ચાર બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે ૯ બેઠકોમાંથી ભાજપને ૬ બેઠકો મળી છે. આમ આદમી પાર્ટીને એક અને અન્યને બે બેઠકો પ્રાપ્ત થઈ છે. ટુંકમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર એવુ ફરી વળ્યું છે કે, જેની કળ વળતા વર્ષો નિકળી જશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પદાધિકારીઓની વરણી...

પદાધિકારીઓની વરણી કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે.

રાજયમાં ૧૫ મહાનગરપાલિકાઓમાં પ્રથમ નાગરિક અર્થાંત મેયરની નિયુકતી તથા ૩૪ પૈકી ભાજપે જીતેલી ૩૩ જિલ્લા પંચાયતોમાં પ્રમુખની વરણી કરવામાં ભાજપ સંપૂર્ણ પણે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખશે. જ્ઞાતિ જાતિના સમીકરણો, અનામતની જોગવાઈ અનુસાર નવા પદાધિકારીઓની નિયુકતી કરવામાં આવશે. આટલુ જ નહી શાનદાર વિજય મળ્યો હોવા છતા ભાજપ જયાં બેઠકો કે વોટ શેર ઘટયો છે. ત્યાં ચોકકસ સમીક્ષા કરશે. જે તે જિલ્લા અને શહેર પ્રમુખના ખુલાશા પુછવામાં આવશે.

ઉમેદવારોના નામ જાહેર થયા બાદ ટિકિટ ફાળવણીને લઈ રાજયભરમાં ભાજપમાં ભારે વિરોધ વંટોળ ફાટી નીકળ્યો હતો. રાજીનામા પડયા હતા. કપાયેલા કે દુભાયેલાઓએ હરીફ પક્ષોમાંથી ટિકિટ લઈ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતુ. પણ પ્રચંડ જનાદેશ સામે તમામ વિરોધ કે અસંતોષ હવામાં ઉડી ગયા હતા. હવે જયારે સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓમાં ભાજપની શાનદાર જીત થઈ છે. ત્યારે મહાનગરપાલીકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં મુખ્ય પદાધિકારીઓની નિમણુંકમાં ભાજપ હાઈકમાન્ડ દ્વારા વિધાનસભાની આગામી ચૂંટણીને કેન્દ્રમાં રાખવામાં આવશે. આવતા સપ્તાહે ચૂંટાયેલા જન પ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિધ્ધ થઈ જશે.ત્યારબાદ પદાધિકારીઓની વરણી માટે બોર્ડ બેઠકની તારીખ જાહેર કરવામાં આવશે. આવામાં પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ બેઠક પણ આવતા સપ્તાહના અંતમાં યોજાઈ તેવી સંભાવના હાલ દેખાય રહી છે.

### 'કોંગ્રેસ'ને વિપક્ષ...

કોંગ્રેસની બેઠકો ચોક્કસ વધીને ૭ થવા પામી છે. પરંતુ માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેનાથી એક બેઠક ઓછી મળી છે. જયારે જામનગર મહાનગરપાલિકામાં ભાજપને ૬૦ બેઠકો મળી છે. સામાપક્ષે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને બે-બે બેઠક મળી હોય અહીં પણ માન્ય વિપક્ષના દરજ્જો મેળવવાથી કોંગ્રેસ કે આપ વંચીત રહ્યું છે. પોરબંદર મહાનગરપાલિકાની ૫૨ બેઠકમાંથી ભાજપ ૪૧ બેઠક જીત્યું છે. જ્યારે અગાઉ ૧૧ બેઠકો બીનહરીફ થઈ હતી. આમ તમામ બેઠકો પર કમળ ખીલ્યું છે. અહીં કોંગ્રેસ સહિતની એક પણ રાજકીય પાર્ટીનું ખાતુ ખુલ્યુ નથી. ભાવનગર મહાપાલિકામાં કોંગ્રેસનું પ્રદર્શન થોડુ સારૂ રહ્યું છે. જેમાં ૫૨બેઠકોમાંથી કોંગ્રેસ ૮ બેઠકો જીત્યું છે. જેના કારણે તેને માન્ય વિરોધપક્ષનો દરજ્જો ચોક્કસ પ્રાપ્ત થશે. કરમસદ-આણંદ મહાપાલિકામાં પણ કોંગ્રેસ ૫૨ માંથી ૮ બેઠકો જીત્યું હોવાના કારણે અહીં પણ તેને વિરોધપક્ષને મળતી તમામ સુખ-સુવિધાઓ પ્રાપ્ત થતી મળશે. નડિયાદમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું છે. અહીં કોંગ્રેસને માત્ર એક જ બેઠક મળી હોય માન્ય વિપક્ષથી તે વંચીત રહેશે જયારે વડોદરા મહાનગરપાલિકાની ૭૬ બેઠકો પૈકી કોંગ્રેસને માત્ર ૬ બેઠકો મળી છે. આવામાં અહીં પણ કોંગ્રેસને માન્ય વિપક્ષની લાયકાત મળશે નહીં નવસારી મહાનગરપાલિકાની ૫૨ બેઠકોમાંથી કોંગ્રેસ માત્ર બે બેઠક જીતી શક્યું છે. જેના કારણે તેને વિપક્ષ તરીકે સ્વીકારવાનો જનાદેશ પ્રાપ્ત થયો નથી. વાપીમાં કોંગ્રેસનું પ્રદર્શન સારૂ રહ્યું છે. અહીં ૫૨ બેઠકો પૈકી ૧૧ બેઠકો કોંગ્રેસના ફાળે ગઈ છે. આવામા તેને માન્ય વિપક્ષનો દરજ્જો મળી રહેશે. સુરતની વાત કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાની ૧૨૦ બેઠકોમાંથી ૧૧૫ બેઠકો પર ભાજપના ઉમેદવારો જીત્યા છે. કોંગ્રેસને ફાળે માત્ર એક જ બેઠક આવી છે. જ્યારે આમ આદમી પાર્ટી જે ગત ચુંટણીમાં અહીં ૨૭ બેઠકો જીત્યું હતું તે હવે ચાર બેઠકો પર સમેટાઈ ગયું છે. અહીં પણ આપ કે, કોંગ્રેસને વિપક્ષનો દરજ્જો મળશે નહીં મહાપાલિકાનો દરજ્જો મળ્યા બાદ મોરબીમાં પ્રથમ વખત યોજાયેલી ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું છે. તમામ ૫૨ બેઠકો પર કમળ ખિલ્યું હોય અહીં વિપક્ષ જેવું કંઈ છે જ નહીં ટુકમા પ્રચંડ જનાદેશમાં કોંગ્રેસના સુપડા તો સાફ થઈ ગયા છે. પરંતુ લોકોએ માન્ય વિપક્ષ તરીકે પણ કોંગ્રેસને લાયક ગણ્યું ન હોય તેવું લાગી રહ્યું છે.

### મુખ્યમંત્રી...

વિશ્વાસ અને વિકાસની સકારાત્મક રાજનીતિનો વિજય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ તથા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના માર્ગદર્શનમાં ગુજરાતે વિકાસની રાજનીતિ પર ફરી એકવાર મહોર મારી છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્થાપેલી વિકાસની રાજનીતિને જનતાએ દરેક ચૂંટણીમાં વારંવાર વિજય અપાવીને સમર્થન આપ્યું છે અને આ ચૂંટણીમાં પણ વિકાસ આધારિત મુદ્દાઓને કેન્દ્રમાં રાખી જનતાએ ભાજપાને પ્રચંડ જનાદેશ આપ્યો છે. સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના કાર્યમંત્રને દરેક મતદારે સ્વીકારી રાજ્યના ખૂણે ખૂણે ગુંજતો કર્યો છે. ચૂંટણીઓ માટે યોજાયેલી વિકાસ સંકલ્પ સભાઓ, રોડ શો અને જનસંવાદ દ્વારા રાજ્યના જિલ્લા, તાલુકા અને નગર-મહાનગરોમાં પ્રચાર દરમિયાન લોકોનો સ્પષ્ટ મિજાજ હતો કે મતદાન પહેલાં જ તેમણે ભાજપાને વિજય અપાવવાનો સંકલ્પ કર્યો હતો.

આ ભવ્ય વિજય સાથે અમારી જવાબદારી પણ વધી છે અને છેવાડાના માનવીના હિતોને કેન્દ્રમાં રાખીને પારદર્શિતા, વધુ ઉત્સાહ અને પ્રતિબદ્ધતાથી સરકાર અને સંગઠન સાથે મળીને સેવા કાર્ય ચાલુ રાખીશું. પ્રત્યેક કાર્યકર્તાના પરિશ્રમના ફળસ્વરૂપ સર્વત્ર કમળ ખીલ્યું છે. સુશાસન નીતિઓ, લોકહિતના કાર્યક્રમો અને જનકલ્યાણ યોજનાઓને જનતાએ વધાવી આ ઐતિહાસિક જીત આપી છે. અંતમાં મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતની જનતા જનાર્દનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી, પ્રદેશ ભાજપા અધ્યક્ષ, સંગઠનની ટીમ અને દેવથી દુર્લભ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

ભાજપા અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાતની સાડા છ કરોડ જનતાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને વિકાસની રાજનીતિ પર વિશ્વાસ દર્શાવતા સમગ્ર ગુજરાતમાં ભાજપાને આશીર્વાદ આપી કેસરિયો લહેરાયો છે, છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતની જનતાએ સતત વિકાસને જનસમર્થન આપ્યું છે. તેમણે ઉમેર્યું કે, અમિતભાઈ શાહના નેતૃત્વમાં ભાજપા વિશ્વની સૌથી મોટી પાર્ટી બની અને તેમના માર્ગદર્શન મુજબ 'બૂથ જીત્યા તો, ચૂંટણી જીતી' ના મંત્રને સાર્થક કરતા ભાજપના કાર્યકર્તાઓએ ધમધોકતા તાપમાં પણપ્રત્યેક બૂથમાં મહેનત કરી ભાજપાને વિજય અપાવી નવો ઈતિહાસ રચ્યો છે.

વિશ્વકર્માએ જણાવ્યું કે, રાજ્યની તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો છે, જ્યારે ૩૪ માંથી ૩૩ જિલ્લા પંચાયતોમાં અને ૮૪ માંથી ૭૬ નગરપાલિકાઓમાં જનતાએ ભાજપને વિજેતા બનાવ્યું છે. આ જીતએ નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ અને ભાજપના કાર્યકર્તાઓની ૩૬૫ દિવસની રાત-દિવસની સેવા અને સમર્પણનું ફળ છે. વિરોધ પક્ષો પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ હંમેશા ગુજરાત અને ગુજરાતીઓને બદનામ કરવાનું કાવતરું કર્યું છે. નારીશક્તિ વંદન અધિનિયમ અટકાવવો, રામ મંદિરનો વિરોધ, કલમ ૩૭૦ નાબૂદીમાં રોડા નાખવા, સરદાર પટેલ અને ડો. બાબાસાહેબ આંબેડકર જેવા મહાપુરૂષોનું અપમાન કરવું એ કોંગ્રેસની ઓળખ રહી છે. ૨૦૨૭ની વિધાનસભા ચુંટણીમાં પણ આવા તત્વોનો ગુજરાતમાંથી સફાયો થશે. 'ચરૈવેતિ, ચરૈવેતિ' ના મંત્ર સાથે સતત પ્રજાની સેવામાં કાર્યરત કાર્યકર્તાઓને વંદન કરતા તેમણે આ વિજયને વિકાસ અને જનસેવાના પર્યાય તરીકે ઓળખાવ્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી એ જણાવ્યું હતું કે, ગુજરાતના નાગરિકોએ વિપક્ષો દ્વારા ફેલાવવામાં આવેલા અપપ્રચાર અને ષડયંત્રોનો વ્યાજ સાથે હિસાબ ચુકતે કરી દીધો છે. ગુજરાતના ખૂણે ખૂણે આજે કેસરિયો લહેરાયો છે અને ગામડાઓથી લઈને મહાનગરો સુધી, ઉત્તર-દક્ષિણ કે મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છની ચારેય દિશામાં કમળ ખિલ્યું છે. ભાજપ અને ગુજરાતના નાગરિકોનો વર્ષો જૂનો અતૂટ સંબંધ આજે વધુ મજબૂત બન્યો છે. અતિવૃષ્ટિ હોય, કોરોના કાળ હોય કે પૂરની હોનારત, ભાજપના કાર્યકર્તાઓ હંમેશા જનતા વચ્ચે રહ્યાં છે. સૌ કાર્યકરોને હું બે હાથ જોડી વંદન કરું છું. તેમણે ઉમેર્યું કે, આજની જીત માત્ર ભાજપની નહીં પણ ગુજરાતના પ્રત્યેક નાગરિકની જીત છે. તેમણે કહ્યું કે, ભાજપે નાનામાં નાના કાર્યકરને પણ ચુંટણીમાં પ્રતિનિધિત્વ કરવાની તક આપી છે. આ કાર્યકર્તાઓની પાર્ટી છે. આજે ગામડે ગામડે, શહેરે શહેરે ભાજપાનું કમળ ખીલ્યું છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ સંગઠન સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, કાણાવતી મહાનગર ભાજપા અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, સાંસદો, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, સિનિયર આગેવાનો, અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતા.

### અમિત શાહ...

ભાજપાની પ્રચંડ જીત થઈ છે. તે બદલ શાહે વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવી સહુ કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ ને પણ બિરદાવ્યો હતો.

શાહે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત સમગ્ર ભાજપા સંગઠનના હોદેદારો, દેવ દુર્લભ કાર્યકર્તાઓને અભિનંદન આપતા કહ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ''દેશ પ્રથમ'' ના ભાવ અને વિકાસની રાજનીતિની આ જીત છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વ હેઠળની ભાજપા સરકારની શાંત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાતની વિભાવના અને જનકલ્યાણકારી નીતિને મળેલ મજબૂત જનસમર્થન છે. તેઓએ આ વિજયનો શ્રેય તમામ શ્રેણીના કાર્યકર્તાઓને આપતા કહ્યું કે કાર્યકરોએ આકરા તાપમાં કરેલ અથાગ મહેનત અને પ્રચંડ પુરુષાર્થનું આ પરિણામ છે.

શાહે વિજયી બનેલા ભાજપના સૌ ઉમેદવારોને અભિનંદન પાઠવતા ઉમેર્યું કે જીતની સાથે સૌની જવાબદારી પણ વધી છે. કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાગરિકોના કલ્યાણ અને સુખાકારી માટે આદરેલા આ યજ્ઞમાં હંમેશા નાગરિકો પ્રત્યે પ્રતિબદ્ધતા અને જવાબદેહી સાથે સેવારત રહેવા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજેતા થયેલા ભાજપા ઉમેદવારોને હિમાયત પણ કરી હતી.

### વડાપ્રધાન...

હરણફાળ ભરી છે. ગરીબ, યુવાન, અન્નદાતા, નારીશકિત સહિત સમાજના દરેક વર્ગના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યો છે.

ભાજપાના કાર્યકર્તા રાષ્ટ્રસેવા અને જનસેવાના મંત્ર સાથે છેવાડાના નાગરિકોના ઉત્કર્ષ માટે સતત કર્તવ્યરત રહ્યા છે. વિકાસની આ જ રાજનીતિના કારણે જનતાનો વિશ્વાસ અવિરત ભાજપા પર રહ્યો છે. ભારતીય જનતા પાર્ટીને આ યશસ્વી વિજય અપાવવા બદલ રાજ્યના નાગરિકોનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. આ જીત માત્ર ભાજપની નહીં, આ જીત વિકાસની છે, આ જીત ગુજરાતની છે.

### કેબીનેટ બેઠક...

રાજયભરમાંથી આદર્શ આચારસંહિતા ઉઠાવી લેવાની જાહેરાત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી હતી. દરમિયાન આજે સવારે રાજ્ય સરકારના મંત્રીમંડળની બેઠક મળી હતી. જેમાં તમામ મંત્રીઓએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શાનદાર વિજય મેળવવા બદલ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને અભિનંદન આપતો ખાસ ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી આકરા તડકા પડી રહ્યા છે. આવામાં હિટવેવથી રાજ્યવાસીઓને કઈ રીતે બચાવી શકાય તેની પણ ચર્ચા કરાઈ હતી. ઉનાળામાં પાણીની કોઈ હાડમારી ન સર્જાય તેની પણ કેબીનેટ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. બજેટમાં વિવિધ પ્રોજેક્ટ માટે કરવામાં આવેલી જોગવાઈ અંતર્ગત કામગીરી શરૂ થઈ અને ક્યાં સુધી પહોંચી તેની પણ કેબીનેટમાં ચર્ચા કરવામાં આવી હતી. ટુંકમાં આચારસંહિતા ઉઠતાની સાથે જ આજથી ફરી રાજ્યસરકાર દ્વારા જનહીતકારી કાર્યોનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

## દુ:ખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** કોડીનાર વાળા હાલ રાજકોટ વાલજીભાઈ મેઘજીભાઈ પાબારી ઉંમર વર્ષ ૯૩ તે સ્વ. સુરેશભાઈ તથા વિજયભાઈ (લાલાભાઈ) ના પિતાશ્રી તેમજ પીન્ટુભાઈ તથા હેતાંશના દાદા તા ૨૮.૦૪.૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે શ્રીજીચરણ પામેલ છે સદગત નું ઉઠમણું તા ૩૦.૦૪.૨૬ ગુરુવારે સાંજે ૫.૦૦ થી ૬ દરમિયાન રામેશ્વર મહાદેવ મંદિર રામેશ્વર ચોક આમ્રપાલી ફાટક પાછળ ગીતગુર્જરી સોસાયટી મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગોંડલ તાલુકાના મોટી ખીલોરી નિવાસી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ મધુબેન કાંતિભાઈ દવે(ઉં. ૭૦)તે કાંતિભાઈ પોપટભાઈ દવેના પત્ની શિલ્પાબેન નિરદકુમાર ભટ્ટ (રાજકોટ) તથા વિભૂતિબેન બળભદ્રકુમાર મહેતા (સાવરકુંડલા)ના માતુશ્રીનુ તા.૨૭ ને સોમવારે અવસાન થયેલ છે.બેસણું તા.૩૦ ને ગુરુવારે સાંજે ૪ થી ૭ મોટી ખીલોરીમા તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સુરેન્દ્રનગર મહાપાલિકાની ૫૨ માંથી ૫૧ બેઠકો પર કમળ ખીલ્યાં

## મત ગણતરીના પ્રથમ રાઉન્ડથી જ ભાજપના ઉમેદવારોની લીડ થી કાર્યકરોનો ઉત્સાહ આત્માને પહોંચ્યોઃ જિલ્લા પંચાયતની ૩૨ બેઠકમાંથી ૩૦ પર ભાજપનો કબજોઃ ૧૦તાલુકા પંચાયતની ૧૮૦ બેઠકમાંથી ૧૪૨પર ભાજપનો વિજય

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ઝાલાવાડ પંથક સુરેન્દ્રનગર ની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં ભાજપનો જય જય કાર થયો હોય તેમ સર્વત્ર ભગવો લહેરાયો છે મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૫૨ બેઠકોમાંથી ભાજપ એ ૫૧ પર કબજો મેળવી કોંગ્રેસના ફાળે માત્ર સમ ખાવા પૂરતી એક બેઠક રહી છે જિલ્લા પંચાયતની સ્થિતિ પણ આવી જ છે જિલ્લા પંચાયતની કુલ ૩૨ બેઠકોમાંથી ભાજપે ૩૦ બેઠકો પર વિજય મેળવ્યો છે કોંગ્રેસને એક બેઠક મળી છે ૧૦તાલુકા પંચાયતની કુલ ૧૮૦ બેઠકમાંથી ૧૪૨બેઠક પર કમળ ખીલી ઉઠ્યા છે જ્યારે કોંગ્રેસ માટે ૨૫ આપ માટે ૬ અપક્ષ ઉમેદવારોના ફાળે રહેવા પામી છે, ચાર નગરપાલિકાની કુલ ૧૧૨બેઠકમાંથી ૧૦૩બેઠક પર ભાજપની ક્લીન સ્વીપ જેવી



સ્થિતિમાં કોંગ્રેસ ને ૯બેઠકો મળી છે થાન નગરપાલિકાની એક બેઠકની પેટા ચૂંટણીમાં પણ કમળ ખીલી ઉઠ્યું છે. ગઈકાલે મત ગણતરીના દિવસે પ્રારંભિક ક્લાકોમાં જ ભાજપ લીડ ઉપર આગળ ચાલતું હોવાથી ઉમેદવારોએ વિજય સરઘસની તૈયારી કરી લીધી હતી અને વિજેતા ઉમેદવારો એ પોતપોતાના વિસ્તારોમાં ડીજેના તાલે વિજય સરઘસ કાઢ્યા હતા જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયાહતા ,ભાજપ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ સાંસદ ચંદુભાઈ સિહોરા, નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા તથા જિલ્લા ભાજપ પ્રમુખ હાર્દિકભાઈ કમાલીયા સહીતોતમામ ધારાસભ્યો એ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં ભાજપને મળેલી ભવ્ય જીત બદલ વિજેતા ઉમેદવારો અને કાર્યકરો સાથે મતદારોને અભિનંદન આપ્યા હતાં.

## ચોટીલા તાલુકા પંચાયતની નવાગામ બેઠક પર ભાજપના બલવીરભાઈ ખાચરનો વિજય



**રણજીતસિંહ ધાંધલઃ** ચોટીલા તાલુકા નાવા ગામના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને દરબાર બલવીરભાઈ ખાચરની અભૂતપૂર્વ જીત થઈ છે. તેમના વિજયને શ્રત્રિય કાઠી દરબાર સમાજ ચોટીલા સ્થાનકવાસી જૈન સંઘમહામંત્રી પ્રશાંતભાઈ શાહ ,ઉપ પ્રમુખ કેતનભાઈ ભાવસાર,ખજાનચી આશિસભાઈ ગાંધી ,સાલ ઓઢાડી સન્માન સાથે શુભેચ્છા પાઠવી હતી.

## જિલ્લા પંચાયતની મૂળી બેઠકમાં રાજુ કરપડાની જીત



સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતની મુળી-૦૨ બેઠક પર રાજુભાઈ કરપડાની થઈ જીત જાહેર થતા કાર્યકરોમાં ઉત્સાહ ફેલાયો હતો.

પ્રથમ રાઉન્ડના અંતે અંદાજે ૧૪૦૦ મતથી આગળ રહ્યા હતા

કુલ ૦૬ રાઉન્ડના અંતે મતગણતરી પૂર્ણ થતા રાજુ કરપડાનો ૨૫૩૩ મત થી થયો વિજઈ જાહેર કરવામાં આવ્યા હતા.

ભાજપમાં જોડાયા બાદ રાજુ કરપડાને ટિકિટ ફાળવતા હાર જીત અંગે અનેક અટકળો વહેતી થઈ હતી જેના અંતે રાજુ કરપડા વિજયી થયા હતા.

## ઝાલાવાડની કુલ ૧૦ તાલુકા પંચાયતોમાં પણ ભાજપે સ્પષ્ટ બહુમતી

### સુરેન્દ્રનગર જિલ્લા પંચાયત પર ભાજપ એ ભગવો લહેરાવ્યો

**નવા સીમાંકન બાદ જિ.પં.ની ૩૪માંથી ૩૨ બેઠકો થતા ૩૧ ભાજપે હાંસલ કરી, કોંગ્રેસના ફાળે માત્ર ૧ બેઠકઃ જિલ્લાની ૩૭૭ બેઠકોમાંથી ભાજપને ૩૨૮, કોંગ્રેસને ૩૬, આપને ૭ અને ૬ અપક્ષ ઉમેદવારો વિજેતા બન્યાં**

સુરેન્દ્રનગર ઝાલાવાડ પંથકમાં સર્વત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ વાદને લોકોએ હરખભેર વધાવ્યો હોય તેમ તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં ભાજપનો હાથ ઉપર રહ્યો છે. ગઈકાલે સ્થાનિક સ્વરાજ સંસ્થાની ચૂંટણીના પરિણામના દિવસે સવારથી જ ઈવીએમ કુલતાની સાથે જ સુરેન્દ્રનગર પંથકમાં સર્વત્ર કેસરિયો માહોલ છવાયો હોય તેમ એક પછી એક સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની તમામ બેઠકો પર ભાજપના ઉમેદવારો આગળ ચાલતા હતા

ભાજપે જિલ્લામાં ડંકાની ચોટ પર વિજય હાંસલ કર્યો છે. ઝાજવાની ૩૭૭ બેઠકોમાંથી ભાજપને ૩૨૮, કોંગ્રેસને ૭૬, આપને ૭ અને ૮ બેઠકો અપક્ષ ઉમેદવારો જીત્યા છે. જિલ્લા પંચાયતની જો વાત કરીએ તો ૩૨માંથી ૩૧ બેઠકો પર ભાજપના ઉમેદવારી જીત મેળવી છે.

પુનરાવર્તન કર્યું છે. જિલ્લા પંચાયતની ગત વર્ષ ૨૦૨૧માં ૩૪ બેઠકો હતી. પરંતુ નવા સીમાંકન બાદ બેઠકો ઘટીને ૩૨ થઈ હતી. જેમાં ૩૨ બેઠકોમાંથી ૩૧ બેઠકો પર બાજપના ઉમેદવારો વિજેતા બન્યા છે. જ્યારે લીંબડી તાલુકાના રાણાગઢ ગામની એકમાત્ર બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આપ અને અપક્ષ ઉમેદવારોની કારમી હાર થઈ છે. બીજી તરફ જિલ્લાની દસેય તાલુકા પંચાયતોના પરીણામો પર નજર કરીએ તો તમામ તાલુકા પંચાવતોમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે.

**સુરેન્દ્રનગર જિ.પં.માં પણ કમળ કમળ**

| બેઠકનું નામ | વિજેતા ઉમેદવાર અને પક્ષ |
|---|---|
| બજાણા | હંસાબેન જયદેવભાઈ પટેલ - ભાજપ |
| ચુડા-૧ | જગુભા વીરસંગભાઈ સોલંકી - ભાજપ |
| ચુડા-૨ | મીનાબેન શૈલેષભાઈ મેમકીયા - ભાજપ |
| ઘાઘલપુર | મુનાભાઈ ગોરધનભાઈ સાપરા - ભાજપ |
| ઢોકળવા | ધનીબેન ધીરુભાઈ ઝાડા - ભાજપ |
| ગુજરવદી | હીનાબેન હરજીભાઈ કોરીયા - ભાજપ |
| ખારાઘોઢા | નાનજીભાઈ કુબેરભાઈ પરમાર - ભાજપ |
| ખોડુ | રંજનબેન ઘનશ્યામભાઈ ભુંસડીયા - ભાજપ |
| કોંઢ | પાયલબેન ગોપાલભાઈ વિઠલાપરા - ભાજપ |
| લખતર | ભારતીબેન દલસુખભાઈ ચવલીયા - ભાજપ |
| માલવણ | છત્રસિંહ (પપ્પુભાઈ) શંકરભાઈ ગુંજારીયા - ભાજપ |
| મેમકા | રંજનબેન જેસિંગભાઈ મકવાણા - ભાજપ |
| મોટી મોલડી | લીલાબેન રામાભાઈ સાંકડ - ભાજપ |
| મુળી-૧ | કંચનબેન વિષ્ણુભાઈ વાટુકીયા - ભાજપ |
| મુળી-૨ | રાજુભાઈ મેરામભાઈ કરપડા - ભાજપ |
| નાગડકા | વિજયભાઈ ધીરુભાઈ શેખ - ભાજપ |
| પાણશીણા | રાયમલભાઈ ભાથીભાઈ ચૌહાણ - ભાજપ |
| રાજપર | મગનભાઈ વનરાજભાઈ મેટાળીયા - ભાજપ |
| રાજસીતાપુર | પાયલબેન શનીભાઈ પટેલ - ભાજપ |
| રણોલ | ભારતીબેન ભાઈલાલભાઈ પરાલીયા - ભાજપ |
| રાણાગઢ | લાભુબેન વાલજીભાઈ ધરજીયા - કોંગ્રેસ |
| સરા | ભીખુભાઈ નરશીભાઈ સારદીયા - ભાજપ |
| સવલાસ | નટુભાઈ પેથાભાઈ ઈલોરીયા - ભાજપ |
| સાયલા | કિરણબા હરપાલસિંહ રાઠોડ - ભાજપ |
| શીયાણી | ભગીરથસિંહ ઘનશ્યામસિંહ રાણા - ભાજપ |
| સુદામડા | મુળજીભાઈ પોપટભાઈ પરાલીયા - ભાજપ |
| વણોદ | રમેશભાઈ રૂપસંગભાઈ છાત્રોટીયા - ભાજપ |
| વસ્તડી | હંસાબેન જયેશકુમાર ચાવડા - ભાજપ |
| વીજળીયા | કરમશીભાઈ ખનાભાઈ રંગપરા - ભાજપ |
| વિઠલગઢ | અજયસિંહ શિવરાજસિંહ રાણા - ભાજપ |
| ઝીંઝુવાડા | બેબીબા રણધીરસિંહ ઝાલા - ભાજપ |
| ઝોબાલા | કુંજેશ્વરીબા પ્રદીપસિંહ રાણા - ભાજપ |

## પાટડીમાં મતગણતરી કેન્દ્ર પાસે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મામલો ગરમાયો

### કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકી અને ફરજ પરના પોલીસ કર્મચારીઓ વચ્ચે ચકમક

### ભાજપના કાર્યકરોનું ગાઈડલાઈન મુજબ ચેકીંગ નહી કરતા હોવાનો આક્ષેપ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીની મતગણતરી દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે સામાન્ય રકઝક બાદ ઉગ્ર બોલાચાલીનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી હતી. મતગણતરી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોવા છતાં બન્ને રાજકીય પક્ષોના કાર્યકરો સામ સામે આવી જતા માહોલ ગરમાયો હતો અને થોડા સમય માટે સ્થિતિ બેકાબુ બની ગઈ હતી.

આ અંગે મળતી માહિતી મુજબ પાટડી ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત તેમજ નગરપાલિકાની બેઠકો માટે મતગણતરી કેન્દ્ર પર ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલીનો બનાવ બન્યો હતો. જેમાં સ્થળ પર હાજર કોંગ્રેસના પુર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકી અને ફરજ પરના પોલીસ કર્મચારીઓ વચ્ચે પણ ઉગ્ર બોલાચાલી અને તું તું મેં મેં પણ થઈ હતી અને પૂર્વ ધારાસભ્ય દ્વારા પોલીસની કામગીરી સામે આક્ષેપો કર્યા હતા અને પોલીસ દ્વારા મત ગણતરી કેન્દ્ર પર ભાજપના આગેવાનો અને કાર્યકરો સાથે ઢીલી નીતિ રાખી યોગ્ય રીતે ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ કડક રીતે ચેકીંગ નહી કરતા હોવાનો આક્ષેપ કર્યો હતો. જ્યારે ૨૦ થી ૨૫ મિનિટ ચાલેલ આ રકઝકના કારણે થોડા સમય માટે મત ગણતરી પર પણ અસર પડી હતી અને ત્યારબાદ મામલો માંડ માંડ થાળે પડ્યો હતો.

## ધ્રાંગધ્રા નગરપાલિકામાં ભાજપનો બહુમતી સાથે વિજય

### ૩૬ બેઠકોમાંથી ૩૨ બેઠકો પર ભાજપ અને ૪ પર કોંગ્રેસ ગયા વખત કરતા કોંગ્રેસની બેઠકોમાં વધારો



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા નગરપાલિકાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામોએ શહેરની રાજકીય પરિસ્થિતિમાં રસપ્રદ ફેરફાર દર્શાવ્યો છે. કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૩૨ બેઠકો પર વિજય મેળવી ફરી એકવાર બહુમતી સાથે સત્તા જાળવી રાખી છે. જો કે, અગાઉની ચૂંટણીમાં ભાજપે ૩૫ બેઠકો કબજે કરી હતી, તેના મુકાબલે આ વખતે ત્રણ બેઠકોનો ઘટાડો નોંધાયો છે બીજી તરફ કોંગ્રેસ પક્ષે પોતાના પ્રદર્શનામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. અગાઉ માત્ર એક બેઠક ધરાવતી કોંગ્રેસે આ વખતે ત્રણ બેઠકોનો વધારો કરી કુલ ૪ બેઠકો પર વિજય મેળવ્યો છે. આ પરિણામ કોંગ્રેસ માટે ઉત્સાહજનક માનવામાં આવી રહ્યું છે અને શહેરમાં પોતાની હાજરી મજબૂત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાય છે. ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ ભાજપ કાર્યકરોમાં જીતનો આનંદ જોવા મળ્યો હતો, જ્યારે કોંગ્રેસ તરફથી પણ વધેલી બેઠકોને લઈને સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે ભાજપે પોતાનો મજબૂત આધાર યથાવત રાખ્યો છે, પરંતુ કોંગ્રેસે પણ ધીમે ધીમે પોતાની પકડ વધારવાની શરૂઆત કરી છે. આગામી સમયમાં નગરપાલિકાના વિકાસ કાર્યો અને રાજકીય સમીકરણો પર આ પરિણામોનો કેવી રીતે પ્રભાવ પડે છે તે મહત્વપૂર્ણ રહેશે.

**વિજય થયેલા ઉમેદવારોના નામ**

* **વોર્ડ નં.૨ (ભાજપ)**
(કુલદીપસિંહ ઝાલા - ૨૪૩૫ મત)
(પ્રવીણ રબારી - ૨૦૬૬ મત)
(હિરલબેન ભટ્ટ - ૧૯૮૨ મત)
* **વોર્ડ નં.૩ (ભાજપ)**
(અલ્પાબેન ગાંધી - ૧૦૫૧ મત)
(પિન્કીબેન તળેટીયા - ૧૦૧૧ મત)
(રમેશભાઈ ઓડિયા - ૧૦૦૯ મત)
(સહદેવસિંહ જાડેજા - ૯૬૪ મત)
* **વોર્ડ નં.૪ (ભાજપ)**
(ઈશ્વરભાઈ ગોરવાડિયા - ૧૨૫૦ મત)
(જેનાબેન જેસડિયા - ૧૧૩૯ મત)
(ભરતભાઈ પરમાર - ૧૦૫૫ મત)
(મનીષાબેન લકુમ - ૧૧૭૨ મત)
* **વોર્ડ નં.૫ (કોંગ્રેસ)**
(ઈમ્તિયાઝભાઈ સૈયદ - ૧૮૫૬ મત)
(મહેન્દ્રભાઈ ગેડીયા - ૧૩૫૯ મત)
(રાધાબેન મકવાણા - ૧૧૪૯ મત)
(હંસાબેન પરમાર - ૧૧૮૭ મત)
* **વોર્ડ નં.૬ (ભાજપ)**
(ગાયત્રીબા રાણા - ૧૩૩૯ મત)
(દક્ષાબેન મકવાણા - ૧૨૨૪ મત)
(રવિભાઈ ત્રિકમાળી - ૧૨૭૦ મત)
(વસીમ સૈયદ - ૧૨૬૦ મત)
* **વોર્ડ નં.૭ (ભાજપ)**
(અંજલિબેન ભટ્ટ - ૧૫૩૧ મત)
(પરીક્ષિતસિંહ ઝાલા - ૧૮૪૬ મત)
(બળવંતભાઈ સાગઠીયા - ૧૧૯૪ મત)
* **વોર્ડ નં.૯ (ભાજપ)**
(કિરણબા પઢિયાર - ૧૨૮૭ મત)
(ગોવિંદભાઈ ગમારા - ૧૩૪૮ મત)
(દામિનીબેન ગોવાની - ૧૦૧૮ મત)

ધ્રાંગધ્રામાં ભાજપનો આ વિજય માત્ર રાજકીય જીત નહીં પરંતુ જનતાના વિશ્વાસનો મજબૂત સંદેશ છે. કોંગ્રેસ માટે આ પરિણામ આત્મચિંતનનો વિષય છે, જ્યારે 'આપ' માટે આ ચૂંટણી એક પડકારરૂપ સંકેત છે.

# વેરાવળ-પાટણ નગરપાલિકામાં ભગવો લહેરાયોઃ ભાજપની ૨૪ બેઠકો પર જીત

## વોર્ડ નં.૧૧ કિંગમેકર સાબિત થયોઃ ૧૦ વોર્ડ સુધી ૨૦-૨૦ની બરાબરી બાદ ભાજપે છેલ્લી ઘડીએ કોંગ્રેસને આપી મ્હાત, કોંગ્રેસે પણ ૨૦ બેઠકો મેળવી જોરદાર ટક્કર આપી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભારે ઉતાર-ચઢાવ બાદ અંતે ભાજપે સત્તા જાળવી રાખવામાં સફળતા મેળવી છે. કુલ ૪૪ બેઠકોની આ ચૂંટણીમાં ભાજપે ૨૪ બેઠકો પર વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસ ૨૦ બેઠકો સાથે મજબૂત વિરોધ પક્ષ તરીકે ઉભરી આવી છે. મતોની ગણતરી દરમિયાન એક તબક્કે ૧૦ વોર્ડ સુધી બંને પક્ષો ૨૦-૨૦ બેઠકો પર હોવાથી રસાકસી ચરમસીમાએ પહોંચી હતી, પરંતુ વોર્ડ નં. ૧૧ ની ચારેય બેઠકો ભાજપના ફાળે જતાં ચિત્ર સ્પષ્ટ થયું હતું.

ચૂંટણીના મુખ્ય પરિણામોમાં વોર્ડ નં. ૧ માં ભાજપની પેનલ વિજેતા બની હતી, જેમાં પ્રહલાદભાઈ શામળા બિનહરીફ જાહેર થયા હતા, જ્યારે જીતેન્દ્રકુમાર ઉપાધ્યાયને ૫૧૭૨, હેમીબેન જેઠવાને ૪૩૯૩ અને રિદ્ધિબેન ભુપ્તાને ૪૪૨૪ મત મળ્યા હતા. વોર્ડ નં. ૨ માં કોંગ્રેસે દબદબો જાળવતા રિઝવાનાબાનું ભાદરકા (૫૯૦૩), બશીર ગોહેલ (૬૧૩૫), આહમદ હુસેન ભાદરકા (૬૪૪૨) અને આયશાબેન (૬૬૩૯) વિજેતા



થયા હતા. વોર્ડ નં. ૩ માં પણ કોંગ્રેસની પેનલે મેદાન માર્યું હતું જેમાં હેમીબેન ગઢીયા, બબીબેન વાળા, નરેશભાઈ અને લક્ષ્મણભાઈ સોલંકીનો વિજય થયો હતો.

ભાજપે વોર્ડ નં. ૪ માં મજબૂત પકડ દર્શાવી ચંદ્રિકાબેન સિકોતરીયા (૫૩૭૪), યોગેશ સોલંકી (૪૧૩૭), મહેશભાઈ ફોટિયા (૫૧૨૭) અને દિપીકાબેન કોટિયા (૫૧૫૪) સાથે પેનલ જીતી હતી. વોર્ડ નં. ૫ માં તરીનાબેન પંજવા અને મૌહમદરાજ મિરઝા સહિતના ઉમેદવારો સફળ રહ્યા હતા. વોર્ડ નં. ૬ માં ફરી કોંગ્રેસે બાજી મારી હતી, જ્યાં નુસરતબાનુ તાજવાણી અને હાજીભાઈ પંજા સહિતની પેનલ વિજયી બની હતી.

સામે પક્ષે ભાજપે વોર્ડ નં. ૭, ૮ અને ૯ માં ક્લીન સ્વીપ કરીને પોતાની સ્થિતિ મજબૂત કરી હતી. વોર્ડ નં. ૭ માં કોમલબેન હરવાણી અને બ્રિજેશ મહેતા, વોર્ડ નં. ૮ માં માજી ઉપપ્રમુખ ઉદયભાઈ શાહ અને ઉષાબેન ધોળિયા તથા વોર્ડ નં. ૯ માં ગીતાબેન પરમાર અને પરેશભાઈ બારીયાની પેનલો વિજેતા બની હતી. વોર્ડ નં. ૧૦ માં મોટો અપસેટ જોવા મળ્યો હતો, જ્યાં ગત વખતના વિજેતા ભાજપને હરાવી કોંગ્રેસના ભરતકુમાર ચારિયા, અનીતાબેન માલમ, મુસ્કાનબેન રાઠોડ અને મુસ્તાકભાઈ ચૌહાણે જીત મેળવી હતી.

અંતમાં, વોર્ડ નં. ૧૧ માં ભાજપના કમળાબેન કોદંડી, ગંગાબેન ગોહેલ, જાદવભાઈ ડાભી (૫૫૭૫) અને વિજયભાઈ માલમડી (૫૦૫૧) વિજેતા થતા ભાજપનો આંકડો ૨૪ પર પહોંચ્યો હતો અને નગરપાલિકાનું શાસન ફરી ભાજપના હસ્તક આવ્યું હતું. ગત ૨૦૨૧ ની ચૂંટણીમાં ભાજપને ૨૮ અને કોંગ્રેસને ૧૩ બેઠકો મળી હતી, જેની સરખામણીએ આ વખતે કોંગ્રેસે પોતાની તાકાત બમણી કરી છે.

## સુત્રાપાડામાં ૨૪ બેઠકો પર ભાજપના ભવ્ય વિજય સાથે વિરોધ પક્ષના સૂપડા સાફ

### ૧૯૮૮ પછી પ્રથમવાર રચાયો ઈતિહાસઃ જશાભાઈ બારડના માર્ગદર્શન અને દિલીપભાઈ બારડની વ્યૂહરચના સામે કોંગ્રેસના ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ

**અબતક, રામસિંગ મોરી, સુત્રાપાડા**



ગીર સોમનાથ જિલ્લાની સુત્રાપાડા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને નવો કિર્તીમાન સ્થાપ્યો છે. વિકાસની રાજનીતિ પર ભરોસો મૂકી સુત્રાપાડાની જનતાએ તમામ ૨૪ માંથી ૨૪ બેઠકો પર ભાજપના ઉમેદવારોને વિજયી બનાવી વિરોધ પક્ષોનું અસ્તિત્વ મિટાવી દીધું છે. સુત્રાપાડાના ઈતિહાસમાં ૧૯૮૮ પછી આ પ્રથમ એવી ક્ષણ છે જ્યારે કોઈ પક્ષે ૧૦૦ ટકા બેઠકો સાથે 'ક્લીન સ્વીપ' કર્યું હોય.

આ ચૂંટણીમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર વોર્ડ નં. ૫ રહ્યો હતો, જ્યાં ભાજપના દિગ્ગજ ઉમેદવાર શ્રી અજયભાઈ બારડ અને તેમની પેનલે ૧૩૫૦ થી વધુ મતોની જંગી સરસાઈ મેળવી હતી. અહીં લોકજુવાળ એટલો પ્રચંડ હતો કે કોંગ્રેસના ઉમેદવારો પોતાની ડિપોઝિટ પણ બચાવી શક્યા નથી. લઘુમતી બહુલ વિસ્તારોમાં પણ ભાજપને મળેલા ઉમળકાભેર પ્રતિસાદે ''સૌનો સાથ, સૌનો વિકાસ'' ના સૂત્રને સાર્થક કર્યું છે.

આ ઐતિહાસિક વિજય પાછળ ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડનું અનુભવી માર્ગદર્શન અને જામનગર જિલ્લા ભાજપ પ્રભારી દિલીપભાઈ બારડનું સચોટ 'માઈક્રો પ્લાનિંગ' મુખ્ય કારણ રહ્યું છે. દિલીપભાઈ બારડની આક્રમક કાર્યશૈલી અને યુવા સંગઠનની મહેનતને કારણે દરેક વોર્ડમાં ભાજપનો ભગવો લહેરાયો છે. આ જીતમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી સુરસિંહભાઈ મોરી અને સમગ્ર સંગઠનની ટીમનો પણ મહત્વનો ફાળો રહ્યો છે.

પરિણામો જાહેર થતા જ સમગ્ર શહેર કેસરીયા રંગે રંગાયું હતું અને ભવ્ય વિજય સરઘસમાં હજારો કાર્યકરો ઢોલ-નગારાના તાલે ઝૂમી ઉઠ્યા હતા. આ જનાદેશને જનતાનો પવિત્ર આદેશ ગણાવીને આગેવાનોએ સુત્રાપાડાના આધુનિક વિકાસની ખાતરી આપી છે.

# જૂનાગઢ જિલ્લામાં ભાજપનું વર્ચસ્વ અકબંધ : આપ ઉભરી આવ્યું અને કોંગ્રેસનો કારમો પરાજય

## જિલ્લા પંચાયતમાં ૨૩ બેઠક સાથે ભાજપને બહુમતી, ૭ સીટ સાથે આપ વિરોધ પક્ષમાં : કોંગ્રેસને એકપણ સીટ ના મળી

## ભેંસાણ અને વિસાવદર તાલુકા પંચાયતમાં આપની સત્તા : ૬ તાલુકામાં ભાજપ : જુનાગઢ તાલુકા પંચાયતમાં ટાઇ

## કેશોદ નગરપાલિકામાં કોંગ્રેસને પછાડી સ્પષ્ટ બહુમતી સાથે ભાજપ સત્તા સ્થાને : આપનું ખાતું પણ ના ખુલ્યું

**અબતક, દર્શન જોશી,જૂનાગઢ**

જૂનાગઢની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદારોએ ક્રાંતિકારી ફેરફારોના સંકેતો આપ્યા છે. જૂનાગઢની જનતા એ હવે પરંપરાગત ભાજપ-કોંગ્રેસના દ્વંદ્વમાંથી બહાર આવીને ત્રીજા વિકલ્પ તરીકે 'આપ'ને સ્વીકાર્યો છે. મતદારો એ જિલ્લામાં કોંગ્રેસને કારમો પરાજય આપ્યો છે, તો ભાજપનું વર્ચસ્વ હજુ પણ અકબંધ છે.

આજે જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયતની ૩૦, તાલુકા પંચાયતની ૧૫૮ અને કેશોદ નગરપાલિકાની ૩૫ બેઠકોની મતગણતરી જિલ્લાના ૧૦ વિવિધ કેન્દ્રો પર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. કુલ ૪૯૧ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા બાદ ખૂલ્યા હતા. ત્યારે આ ચૂંટણીના પરિણામોમાં મતદારોનો કંઈક અનોખો જ મિજાજ દેખાયો છે. જીલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદારોએ કોંગ્રેસને એક સીટ પણ



નથી આપી જ્યારે ભાજપને ફરી એક વખત સત્તા પર બેસાડી, વિરોધ પક્ષ તરીકે આપનું સ્થાન મજબૂત કર્યું છે. જુનાગઢ જિલ્લા પંચાયતમાં ભાજપનું વર્ચસ્વ હજુ પણ અકબંધ રહ્યું છે, અહીં જિલ્લા પંચાયતની ૩૦ બેઠકોમાંથી ભાજપે ૨૩ બેઠકો કબજે કરી, સત્તા જાળવી રાખી છે, આમ આદમી પાર્ટી ૭ બેઠકો મેળવી અહીં ભવ્ય એન્ટ્રી સાથે જ મજબૂત વિરોધ પક્ષ તરીકેનું સ્થાન વટથી હાંસિલ કર્યું છે. જ્યારે જિલ્લા પંચાયતમાં દશકાઓથી ભાજપ સામે વિરોધ પક્ષ તરીકે રહેલ કોંગ્રેસના સફાયો થઈ ગયો છે, અને જુનાગઢ જિલ્લા પંચાયતના ઈતિહાસમાં આ પ્રથમવાર બન્યું છે કે કોંગ્રેસ પાર્ટીને એક પણ બેઠક મતદારોએ આપી નથી.

જૂનાગઢના રાજકીય નકશામાં ક્રાંતિકારી બીજો ફેરફાર એ સામે આવ્યો છે કે, જીલ્લાની બે તાલુકા પંચાયતો પર આમ આદમી પાર્ટીએ સત્તા હાંસિલ કરી છે, જીલ્લાની ભેસાણ અને વિસાવદર તાલુકા પંચાયત પર આમ આદમી પાર્ટી એ ભારે બહુમતી મેળવી છે. જ્યારે જૂનાગઢ તાલુકા પંચાયતની ૧૮ બેઠકો પર ભાજપ -૮ અને આમ આદમી પાર્ટીએ ૮ બેઠક મેળવી છે, ત્યારે અહીં ટાઈ થઈ છે, અને જુનાગઢ તાલુકા પંચાયત રસપ્રદ બની છે. આ સિવાય વંથલી, કેશોદ, માણાવદર, માંગરોળ, માળિયા હાટીના અને મેંદરડા તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા સ્થાને રહેશે. આમ, જુનાગઢ જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોએ એક વાત સ્પષ્ટ કરી છે કે, હજુ પણ જૂનાગઢ જિલ્લામાં ભાજપની વર્ચસ્વ અકબંધ છે, જ્યારે કોંગ્રેસ માટે આ ચૂંટણી કારમી સાબિત થઈ છે, અને આમ આદમી પાર્ટીએ પોતાની એન્ટ્રી સાથે જ બે તાલુકા પંચાયતોમાં સત્તા અને જિલ્લા પંચાયતમાં વિરોધ પક્ષ તરીકે પોતાનું સ્થાન મજબૂત કર્યું છે.

રાજકીય પંડિતોના મતે, જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનો કારમાં પરાજયનું કારણ ગ્રામીણ મતદારોનો કોંગ્રેસ પરથી ઊઠી ગયેલો વિશ્વાસ સ્પષ્ટ દર્શાવે છે. બીજી બાજુ પાયાના સ્તરે પક્ષનું સંગઠન તૂટી ગયું છે. અને નેતાગીરીનો અભાવ તથા સંગઠનાત્મક માળખાની નબળાઈએ કોંગ્રેસને હાર આપી છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ ગ્રામીણ બેઠકો પર 'યુવા પેઢી અને પરિવર્તન ઈચ્છતા મતદારોને 'આપ' તરફ વળ્યા છે. ક્યાંક ગોપાલ ઈટાલીયાની ઈફેક્ટ જોવા મળી છે, તે સાથે જિલ્લા પંચાયતમાં 'આપ'નું વિરોધ પક્ષ તરીકે આવવું એ જૂનાગઢના રાજકારણમાં એક સૂર્યોદય છે. જ્યારે ભાજપની આ ભવ્ય જીત પાછળ ભાજપના નેતાઓએ વિકાસ અને હિન્દુત્વના મુદ્દાઓને જે રીતે લોકો સુધી પહોંચાડ્યા, તેનો પ્રભાવ પરિણામ પર સ્પષ્ટ દેખાયો છે. પેઝ પ્રમુખથી લઈને બૂથ લેવલ સુધીનું મજબૂત સંગઠન આ જીત પાછળની મુખ્ય ભૂમિકા જવાબદાર છે.

## કેશોદ નગરપાલિકામાં ભાજપનો ઐતિહાસિક વિજય: ૩૬માંથી ૩૩ બેઠકો કબજે




કેશોદ નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય અને ઐતિહાસિક જીત નોંધાવી છે. કુલ ૩૬ બેઠકોમાંથી ભાજપે ૩૩ બેઠકો પર વિજય મેળવીને પ્રચંડ બહુમતી સાથે સત્તા કબજે કરી છે. આ વિજયને 'ન ભૂતો ન ભવિષ્યતી' સમાન ગણાવી સ્થાનિક રાજકીય ઈતિહાસમાં મહત્વપૂર્ણ સ્થાન મળ્યું છે.ચૂંટણી પરિણામ જાહેર થતા જ કેશોદ શહેરમાં ભાજપના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં વિજયોત્સવ મનાવવામાં આવ્યા હતા. ખાસ કરીને નગરમાં 'વિજય આભાર વંદના કાર્યક્રમ' યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, સમર્થકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભાજપના નેતાઓએ જનતાનો આભાર વ્યક્ત કરી આ જીતને લોકોના વિશ્વાસ અને પાર્ટીના સંગઠનબળનું પરિણામ ગણાવ્યું હતું. આ રીતે કેશોદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની આ ભવ્ય જીત સ્થાનિક રાજકારણમાં એક મહત્વપૂર્ણ ટર્નિંગ પોઈન્ટ તરીકે જોવામાં આવી રહી છે, જે આવનારા સમયમાં રાજકીય સમીકરણો પર પણ અસર પાડે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ખેલદિલીનો અનોખો દાખલો: આપ ઉમેદવાર અને તેમના પરિવાર દ્વારા ભાજપના વિજય સરઘસનું સ્વાગત

**અબતક, મનુભાઈ કવાડ, ગીરગઢડા**

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ એક સુંદર અને લોકશાહી મૂલ્યોને ઉજાગર કરતો પ્રસંગ સામે આવ્યો છે.



તાલુકા પંચાયત સીટ પર ભાજપના ઉમેદવારોના વિજય સરઘસ દરમિયાન આમ આદમી પાર્ટીના ઉમેદવાર અને તેમના પરિવારજનોએ ખેલદિલીનો ઉત્તમ દાખલો આપ્યો હતો.

વિજય સરઘસ ગામમાં ફરતા સમયે આપ ઉમેદવાર અને તેમના પરિવારજનોએ ભાજપના વિજેતા ઉમેદવારોનું ફૂલ અને ગુલાલથી હાર્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજકીય ભેદભાવને બાજુએ મૂકી સૌહાર્દ અને ભાઈચારો પ્રદર્શિત થયો હતો.

ગામજનોમાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે અને લોકો દ્વારા આ પ્રકારની સકારાત્મક રાજનીતિને વખાણવામાં આવી રહી છે. લોકશાહીમાં મતભેદ હોવા છતાં મનભેદ ન હોવો જોઈએ, તેવો સંદેશ આ ઘટનાથી સ્પષ્ટ રીતે સામે આવ્યો છે.

## ગોપાલ ઈટાલીયાનો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં દબદબો રહ્યો

વિસાવદરના આપના ધારાસભ્ય અને આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલીયાનો સોરઠ પંથકમાં દબદબો આ વખતની ચૂંટણીમાં જોવા મળ્યો છે. રાજકીય પંડિતોના મતે ગોપાલ ઈટાલીયાના મત વિસ્તારમાં આવતી વિસાવદર અને ભેસાણ તાલુકા પંચાયત આપે કબજે કરી છે. તો બીજી બાજુ તેમના વિસ્તારની જિલ્લા પંચાયતની વડાલ તથા કાલસારી અને મોટી મોણપરીની સીટ પણ આમ આદમી પાર્ટીને મળી છે. ત્યારે ક્યાંક ને ક્યાંક ગોપાલ ઈટાલીયાનો દબદબો અને આમ આદમી પાર્ટીની ઈફેક્ટ મતદારોમાં જોવા મળી રહી છે. જે આગામી દિવસોમાં આમ આદમી પાર્ટીને વધુ ફાયદાકારક સાબિત થશે તેવું મનાઈ રહ્યું છે.

## જૂનાગઢ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો

અગતરાય- સરોજબેન અશ્વિનભાઈ ખટારીયા (ભાજપ),
અજાબ- વિનોદભાઈ ભીમજીભાઈ માકડિયા (ભાજપ)
અમરાપુર ગીર- નિમુબેન રામસિંગભાઈ ચૌહાણ (ભાજપ),
બાલાગામ- વિલસુબેન રમેશભાઈ કરંગીયા (ભાજપ)
ભેંસાણ- દિલસુખભાઈ વલ્લભભાઈ રૂપારેલીયા (આપ)
બિલખા- ચંપાબેન કિશોરભાઈ ઠુંમર (ભાજપ)
ચુડા- કિંજલબેન સાગરભાઈ ગજેરા (આપ)
ધંધુસર- સોનલબેન મહેશભાઈ દીવરાણીયા (ભાજપ)
ડુંગરપુર- રેખાબેન કાળાભાઈ ભાદરકા (આપ)
ગડુ- મણીબેન રામાભાઈ વાળા (ભાજપ)
જૂથળ- કાથડભાઈ ગોદડભાઈ સિંધવ (ભાજપ)
કાલસારી- રાજેશભાઈ કાનજીભાઈ પાટડીયા (આપ)
કણજા- પ્રવિણભાઈ વાલાભાઈ ચાવડા (આપ)
કોયલાણા- જીગ્નેશભાઈ દિલીપભાઈ છૈયા (ભાજપ)
કુકસવાડા- અસ્મિતાબેન ચેતનકુમાર ચૌહાણ (ભાજપ)
મજેવડી- કાંતિલાલ દેવજીભાઈ ગજેરા (ભાજપ)
મૂકતુપુર- સુદાભાઈ ધાનાભાઈ કોડીયાતર (ભાજપ)
માળિયા- જીતુભાઈ બચુભાઈ સિસોદિયા (ભાજપ)
માંગરોળ ઓજી- જેઠાભાઈ પુંજાભાઈ ચુડાસમા (ભાજપ)
મટીયાણા- હર્ષાબેન વિનોદભાઈ સવસાણી (ભાજપ)
મેખડી- વનીતાબેન સોમાતભાઈ વાસણ (ભાજપ)
મેંદરડા- અસ્મિતાબેન હરેશભાઈ ઠુંમર (ભાજપ)
મેસવાણ- રતિલાલ ખીમજીભાઈ લાડાણી (ભાજપ)
મોણપરી મોટી- જયસુખભાઈ ભાયાભાઈ પાઘડાળ (આપ)
સરદારગઢ- રંજનબેન અનિલભાઈ મગરા (ભાજપ)
સરસઈ- લીનાબેન વિપુલકુમાર કાવાણી (ભાજપ)
સાસણ- ચિરાગભાઈ જમનાદાસ રાજાણી (ભાજપ)
શાપુર- ઈન્દુબેન ભરતભાઈ ચાવડા (ભાજપ)
શીલ- જયેશભાઈ બાબુભાઈ ચુડાસમા (ભાજપ)
વડાલ- ચંદુભાઈ ગોવિંદભાઈ ચાવડા (આપ)

## માંગરોળ તાલુકા પંચાયતમાં ૨૦માંથી ૧૨ બેઠકો પર કમળ ખીલ્યુ

માંગરોળ તાલુકા પંચાયતની કુલ ૨૦ બેઠકોમાંથી ભાજપે ૧૨ બેઠકો જીત મેળવી છે, જ્યારે કોંગ્રેસે ૭ બેઠકો મેળવી છે અને આમ આદમી પાર્ટીએ ૧ બેઠક સાથે ખાતું ખોલાવ્યું છે. પરિણામે તાલુકા પંચાયત પર ભાજપની બોડી બનવી લગભગ નિશ્ચિત લાગી રહી છે.જો ગત ટર્મની વાત કરીએ તો ભાજપે ૧૪ બેઠકો સાથે સત્તા હાંસલ કરી હતી, પરંતુ આ વખતે ભાજપને ૨ બેઠકોનું નુકસાન થયું છે.જિલ્લા પંચાયતની ચારેય બેઠકો પર ભાજપે ભવ્ય વિજય મેળવ્યો છે. કોંગ્રેસ આ વખતે એકપણ બેઠક જીતવામાં સફળ રહી નથી. ગત ટર્મમાં ભાજપ પાસે ૩ બેઠકો હતી જ્યારે કોંગ્રેસે ૧ બેઠક મેળવી હતી, પરંતુ આ વખતે ભાજપે તમામ બેઠકો કબજે કરી છે.

માંગરોળમાં આ વખતે ભાજપે તાલુકા સ્તરે થોડું નુકસાન ભોગવવું પડ્યું હોવા છતાં જિલ્લા સ્તરે સંપૂર્ણ વચસો જાળવી રાખ્યો છે. રાજકીય રીતે આ પરિણામો ભાજપ માટે મજબૂત સંકેત માનવામાં આવી રહ્યા છે. તો માંગરોળમાં ફરી એકવાર ભાજપની સત્તા સ્થાપિત થવા જઈ રહી છે, જોકે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પણ પોતાની હાજરી નોંધાવી છે.

## કાલાવડની નિકાવા જિલ્લા પંચાયત સીટ પર કોંગ્રેસનો સતત ત્રીજી વખત કબજો

### સામાન્ય સ્ત્રી બેઠક પર ઉર્મિલાબેન મારવિયા અને દિપ્તીબેન ગમઢા વિજેતા, નિકાવા તાલુકા પંચાયત સીટ પણ કોંગ્રેસે જીતી





**અબતક કાલાવડ, રાજુ રામોલિયા**

કાલાવડ તાલુકાની નિકાવા જિલ્લા પંચાયત સીટ પર કોંગ્રેસનો દબદબો સતત ત્રીજી વખત યથાવત રહ્યો છે. આ વખતે નિકાવા જિલ્લા પંચાયતની બેઠક સામાન્ય સ્ત્રી માટે અનામત હતી, જેમાં કોંગ્રેસના પીઢ આગેવાન જે.પી. મારવિયાના ધર્મપત્ની ઉર્મિલાબેન જયંતીભાઈ મારવિયા (જે.પી.) એ ઉમેદવારી કરી હતી. સાથે જ નિકાવા તાલુકા પંચાયતની બેઠક પણ સામાન્ય સ્ત્રી માટે અનામત હતી, જેમાં કોંગ્રેસના ઉમેદવાર દિપ્તીબેન હિતેશભાઈ ગમઢા મેદાનમાં હતા. આજે જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસના બંને ઉમેદવારો વિજેતા જાહેર થયા છે.

આ જીત સાથે કોંગ્રેસે નિકાવા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બંને બેઠકો પર કબજો જમાવી સતત ત્રીજી વખત પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. જે.પી. મારવિયાના પરિવારનો આ સીટ પર દબદબો ફરી એકવાર જોવા મળ્યો છે.

## જસદણ વિંછીયા પંથકમાં ભાજપનો ભગવો લહેરાયો: વિકાસની જીત: વિજયભાઈ રાઠોડ



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ વિંછીયા પંથકમાં અપવાદને બાદ કરતાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે બન્ને તાલુકામાં ભાજપનો વાવટો ફરક્યો છે ત્યારે આ વિજયથી ભારતીય જનતા પાર્ટીના પ્રત્યેક લોકો આનંદથી ઝૂમી ઉઠ્યાં હતાં આ અંગે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જણાવ્યું હતું કે ગામડે ગામડે થયેલા વિકાસના કામો અને લોકોનો પાર્ટીના મહારથી કુંવરજીભાઈ બાવળિયા પ્રત્યેનો વિશ્વાસ થકી ભાજપનો આજે ભગવો લહેરાયો હતો. આ તકે આ ચૂંટણીમાં મદદ કરનારા ટોપ થી બોટમ સુધીના કાર્યકરો ખાસ કરીને ગામડાઓના મતદારોનો દિલથી આભાર માનું છું અને આ તબક્કે મંત્રી કુંવરજીભાઈ બાવળિયા સહિત રાજ્ય જિલ્લા સંગઠનની ટીમો લોકોના કામો માટે રાબેતા મુજબ દોડાદોડી કરે છે. તેમના ઉત્સાહનો ભારે સંચાર થયો છે.

## કાલાવડમાં જિલ્લા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ ૨-૨ સીટથી બરાબર:

### તાલુકા પંચાયતમાં ભાજપનો ૧૪ સીટ સાથે ભગવો લહેરાયો:કોંગ્રેસને માત્ર ૨ સીટ, આપને ૧ અને અપક્ષને ૧; નિકાવામાં કોંગ્રેસનો સતત ત્રીજી વખત વિજય

**અબતક રાજુ રામોલિયા કાલાવડ**

કાલાવડ તાલુકાની જિલ્લા પંચાયતની ૪ અને તાલુકા પંચાયતની ૧૮ બેઠકોના પરિણામ જાહેર થતાં રાજકીય સમીકરણો સ્પષ્ટ થયા છે. જિલ્લા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી છે. બંને પક્ષોએ બે-બે સીટો કબજે કરી છે. નવાગામ સીટ પર ભાજપના સામાબેન વિપુલભાઈ અકબરી અને ખરેડી સીટ પર ખેડૂત નેતા અતુલભાઈ કમાણી વિજેતા બન્યા છે. જ્યારે કોંગ્રેસે ખંઢેરા સીટ પર દેવદાનભાઈ જારીયા અને નિકાવા સીટ પર ઉર્મિલાબેન જેન્તીભાઈ મારવિયા (જે.પી.) સાથે વિજય મેળવ્યો છે. નિકાવા સીટ પર કોંગ્રેસનો સતત ત્રીજી વખત દબદબો યથાવત રહ્યો છે.

બીજી તરફ તાલુકા પંચાયતમાં ભાજપે એકતરફી વર્ચસ્વ જમાવ્યું છે. કુલ ૧૮ માંથી ૧૪ સીટો જીતીને ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે તાલુકા પંચાયત કબજે કરી લીધી છે. કોંગ્રેસને માત્ર ૨ સીટોથી સંતોષ માનવો પડ્યો છે, જ્યારે આમ આદમી પાર્ટી અને અપક્ષને એક-એક સીટ મળી છે.

આ પરિણામો દર્શાવે છે કે કાલાવડ તાલુકા સ્તરે ભાજપનું સંગઠન ખૂબ મજબૂત છે, જ્યારે જિલ્લા પંચાયત સ્તરે કોંગ્રેસે પોતાની તાકાત બતાવી છે. આપ માટે પરિણામ નબળું રહ્યું છે. ચૂંટણીના પરિણામોએ સમગ્ર તાલુકામાં રાજકીય ગરમાવો વધારી દીધો છે.

### ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં

# ભાજપની મહાજીત ૫૧માંથી ૪૦ બેઠક પર કમળ ખીલ્યું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણીનાં પરિણામો આદિપુરની મૈત્રી શાળા ખાતે જાહેર કરવામાં આવ્યાં હતાં. પ્રારંભમાં વોર્ડ ૧, ૬ અને ૧૦નાં પરિણામો જાહેર કરવામાં આવ્યાં હતાં. જેવાં પરિણામો જાહેર થયાં કે તુરંત ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શરૂઆતથી જ વોર્ડ ૧, ૬, ૧૦માં ભાજપનો ઘોડો આગળ દોડી રહ્યો હતો.

વોર્ડ-૧માં ભાજપના અજિતસિંહ અમરતજી રાજપૂત, દીપક મેઘજી વાઘમશી, પારૂબેન મુકેશ દાફડા અને શિલ્પાબેન પરમાભાઈ પટેલ વિજેતા જાહેર થયા હતા.

વોર્ડ નં. ૬માં નવીન નારણ ઝરૂ, વિશાલ ધર્મેન્દ્ર કારમા, સતીબેન બધાભાઈ મ્યાત્રા અને હંસાબેન કરશન ફફલએ જીત હાંસલ કરી હતી.

મધ્યમ વર્ગીય એવા વોર્ડ-૧૦માં પણ કેસરિયો લહેરાયો હતો. તેમાં દિવ્યાબેન જિતેન્દ્ર નાથાણી, ધર્મેન્દ્ર રાયશી મેઘાણી, હસ્તાબેન શૈલેશ સથવારા અને મોહનલાલ ગોવિંદજી ગોરીએ જંગી લીડથી જીત મેળવી હતી. આ ત્રણેય વોર્ડમાં ભાજપની પેનલ આવતાં બહાર ઊભેલા સમર્થકો, કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને ભારત માતા કી જયના નાદઘોષથી વિજયને વધાવી લેવામાં આવ્યો હતો.

વોર્ડ-૨ની ખૂલેલી પેટીઓમાં ભાજપના બિપિન વેલજી આહીર, મનીષાબેન પરેશ પટેલ, લીનાબેન રાજેશ ધારક અને વિક્રમ પરસોત્તમ મુલચંદાણીએ જીત દર્જ કરાવી હતી.

વોર્ડ-૭ના ઈ.વી.એમ. ખૂલતાં સત્તાપક્ષમાં સન્નાટો છવાઈ ગયો હતો. આ વોર્ડમાં કોંગ્રેસના અમિત અજિત ચાવડા, રાધાસિંઘ ધર્મવીરસિંઘ ચૌધરી, શાંતાબેન રામજી ધુઆ તથા સચિનભારથી ગુલાબભારથી ગુંસાઈએ પંજાની પકડ મજબૂત કરી જીત હાંસલ કરી હતી.

વોર્ડ-૧૧ના વિસ્તારના લોકોએ સત્તાપક્ષને સધિયારો આપ્યો હતો. આ વોર્ડમાં ભાજપના ઘેલા નથુ ભરવાડ, તેજસ પ્રભુલાલ શેઠ, દીપિકાબેન મિતુલ નાયક, પૂજાબેન વિનોદ લાલવાણીએ જીત મેળવી હતી.

વોર્ડ નં.-૯માં પણ સત્તાપક્ષને આંચકો લાગ્યો હતો. આ વોર્ડમાં કોંગ્રેસના ખીમજીભાઈ, જ્યોત્સનાબેન રમેશ પ્રજાપતિ અને મનીષાબેન કિરીટ વણકરને તેમજ સત્તાપક્ષના પહેલા જ હરિ મહેશ્વરીને વિજેતા જાહેર કરાયા હતા. આ બેઠકના વિજેતા જાહેર થયા બાદ સત્તાપક્ષના એક મોટા હોદ્દેદાર રડતી આંખે બહાર નીકળતા નજરે પડયા હતા.

વોર્ડ-પાંચમાં ભાજપની પેનલ આવી હતી, જેમાં કાંતાબેન નરેશ સોલંકી, ભરતકુમાર ચીમનલાલ મિરાણી, વિજય ધનજી પરમાર તથા શર્મા વિજેતા જાહેર થયા હતા. વોર્ડ-૩માં અગાઉ જ્યોત્સનાબેન માળી બિનહરીફ થતાં પહેલાથી જ સત્તાપક્ષે એક બેઠક અંકે કરી લીધી હતી. ચૂંટણીનાં પરિણામો આવ્યાં બાદ ભાજપના રામ હીરાલાલ માતંગ, વિજયસિંહ પ્રતાપસિંહ જાડેજા અને ચાંદનીબેન નીરજ ક્રિપાલાણીને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતુ.

વોર્ડ-૮માં રસાકસીભર્યા માહોલ બાદ ભાજપની પેનલ આગળ આવી ગઈ હતી. આ વોર્ડમાં એ.કે. સિંઘ, પ્રીતિબેન વિષ્ણુગિરિ ગોસ્વામી, મીતુબેન રોશન ગોયલ તથા સુરેશ હીરાભાઈ ધુવાને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

વોર્ડ ૧૨માં સ્થાનિક ઉમેદવારને ટિકિટ ફાળવણીનો મુદ્દો બાજુએ રહ્યો હતો અને લોકોએ વિકાસને મત આપ્યા હતા. અહીં અનિતાબેન શંકર દક્ષિણી, મહેશ માણસી ગઢવી, સપનાબેન જયંતી બજાણિયા તથા કમલેશ નારાયણ પરિયાણીને વિજેતા ઉમેદવાર જાહેર કરાયા હતા.

સત્તાપક્ષની આનંદની આ લાગણી ઉપર વોર્ડ ૧૩ના મતદારોએ પાણી ફેરવી દીધું હતું અને તમામ ચાર બેઠક કોંગ્રેસના ખોળામાં ગઈ હતી. શહેર કોંગ્રેસના પ્રમુખ એવા આ વોર્ડના ઉમેદવાર ભરત કિશનલાલ ગુપ્તા, દેવીબેન સોમા પરમાર, સાજીદ કાસમ કકલ અને હૂરબાઈ બબાભાઈ લાડકને વિજેતા ઉમેદવાર જાહેર કરાયા હતા.

વોર્ડ-૪માં વિપક્ષ એવા કોંગ્રેસને એકાદ બેઠક આપવાની વાત ઉપર પાણી ફરી વળ્યું હતું અને આ વોર્ડમાં ધનાભાઈ નારાણ હુંબલ, કેશવજી રામજી પરમાર, જયશ્રીબા નરેન્દ્રસિંહ જાડેજા અને રૂપલબેન નવીન મ્યાત્રાને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આમ, મહાનગરપાલિકાની પ્રથમ એવી ચૂંટણીમાં અગાઉ એક બેઠક બિનહરીફ થયા બાદ ભાજપે ૪૦ બેઠક ઉપર જીત મેળવી હતી, જ્યારે કોંગ્રેસે પોતાની બેઠકો વધારીને ૧૧ સીટ પર પંજો મજબૂત કર્યો હતો અને આમ આદમી પાર્ટી એકેય ખાતું ખોલાવી શકી નહોતી.

આ જીતનાં પગલે ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં ફટાકડા ફોડી, ઢોલ-નગારાના તાલે જીતને વધાવી લેવામાં આવી હતી. મોઢું મીઠું કરાવીને કાર્યકરોએ ભારત માતા કી જયના નારા સાથે વિજય સરઘસ કાઢ્યું હતું. -

# મહાપાલિકામાં ૬૪ માંથી ૬૦ બેઠકો પર ભાજપનો ઐતિહાસિક કબજો

## ૧૯૯૦ ના પાયાથી ૨૦૨૬ ના શિખર સુધીઃ ૧૫ વોર્ડમાં ક્લીન સ્વીપ સાથે વિરોધ પક્ષોના સૂપડા સાફ, કોંગ્રેસ માત્ર ૨ બેઠકો પર સમેટાઈ અને 'આપ' ના બે ઉમેદવારો વિજેતા







**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ઈતિહાસના તમામ રેકોર્ડ તોડી નાખતા પ્રચંડ બહુમતી સાથે ફરી સત્તા કબજે કરી છે. કુલ ૧૬ વોર્ડની ૬૪ બેઠકો માટે યોજાયેલી આ રસાકસીભરી ચૂંટણીમાં ભાજપે ૬૦ બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સતત સાતમી વખત જામનગરનું શાસન સંભાળવાનો અનોખો દાખલો બેસાડ્યો છે. ૧૯૯૦ માં ૨૩ બેઠકો સાથે સત્તાનો પાયો નાખનાર ભાજપે આ ચૂંટણીમાં જનસમર્થનના તમામ શિખરો સર કર્યા છે.

શહેરના કુલ ૧૬ વોર્ડમાંથી ૧૫ વોર્ડમાં ભાજપની આખેઆખી પેનલોનો વિજય થયો છે. જામનગર મહાનગરપાલિકાની સ્થાપના પછી આ પ્રથમ પ્રસંગ છે જ્યારે કોઈ એક પાર્ટીને જનતાએ આટલું વિશાળ અને એકતરફી સમર્થન આપ્યું હોય. ૧૯૯૦ થી શરૂ થયેલી ભાજપની વિકાસયાત્રા પ્રત્યેક ચૂંટણીમાં બેઠકોના વધારા સાથે આગળ વધતી ગઈ અને આજે ૬૪ માંથી ૬૦ ના જાદુઈ આંકડા સુધી પહોંચી ગઈ છે. ભાજપના મજબૂત સંગઠન અને પદ્ધતિસરની વ્યૂહરચના સામે વિપક્ષો સંપૂર્ણપણે ધરાશાયી થયા છે.

વિરોધ પક્ષોની વાત કરીએ તો કોંગ્રેસ માટે આ ચૂંટણી અત્યંત આઘાતજનક અને નિરાશાજનક સાબિત થઈ છે. ગત ટર્મમાં ૧૧ બેઠકો મેળવનાર કોંગ્રેસ આ વખતે માત્ર ૨ બેઠકો સુધી જ સીમિત રહી ગઈ છે. ખાસ કરીને શહેરમાં કોંગ્રેસના તમામ મુખ્ય હિંદુ ચહેરાઓનો પરાજય થતા પક્ષનો લગભગ સફાયો થઈ ગયો હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. બીજી તરફ, આમ આદમી પાર્ટીએ જામનગર મહાનગરપાલિકામાં પ્રથમ વખત પ્રવેશ કરીને ૨ બેઠકો મેળવી છે, જોકે તેમનો પ્રભાવ પણ માત્ર એક જ વોર્ડ પૂરતો રહ્યો છે.

| વોર્ડ નં. | વિજેતા પક્ષ | વિજેતા ૧ | વિજેતા ૨ | વિજેતા ૩ | વિજેતા ૪ |
|---|---|---|---|---|---|
| ૧ | ભાજપ (૪) | જરીનાબેન એચ. સુભણીયા | સારાબેન યુ. ચમડીયા | ઈસ્માઈલ માણેક | અમર એમ. મોદી |
| ૨ | ભાજપ (૪) | કમળાબેન એ. મકવાણા | યોગીતાબા ડી. જાડેજા | રિધ્ધીશ વી. ડેર | જયરાજસિંહ એ. જાડેજા |
| ૩ | ભાજપ (૪) | હેતલ જી. અમેથીયા | કૃષ્ણાબા જે. ઝાલા | રાજુ યાદવ | સુભાષભાઈ જી. જોશી |
| ૪ | ભાજપ (૪) | નિશાબેન એસ. અશ્વાર | સોનલબા એમ. રાણા | આલાભાઈ કે. ભારાઈ | જીતેષ વી. શીંગાળા |
| ૫ | ભાજપ (૪) | નિકિતા કેતન કોટક | નીતાબા જી. જાડેજા | મિથિલ મનુભાઈ માડમ | આશિષભાઈ એમ. જોષી |
| ૬ | ભાજપ (૪) | જશુબા એ. ઝાલા | નિશા નરેશભાઈ ધવલ | રાજુ હમીરભાઈ કરમુર | દીપકસિંહ એ. ચૌહાન |
| ૭ | ભાજપ (૪) | શિતલબેન એ. વાઘેલા | જ્યોત્સનાબેન એચ. પાંભર | રાકેશભાઈ (મુન્નાભાઈ) ડેર | સંજયભાઈ બી. મુંગરા |
| ૮ | ભાજપ (૪) | તૃપ્તી એસ. ખેતીયા | સંગીતા અંશ ગુઢકા | યોગેશભાઈ વી. કણજારીયા | મિલન (મયુર) સભાયા |
| ૯ | ભાજપ (૪) | ધર્મિના જી. સોઢા | મોનિકા એચ. વ્યાસ | દર્શન રાજેન્દ્રભાઈ શેઠ | ધીરેનકુમાર પી. મોનાણી |
| ૧૦ | ભાજપ (૪) | આશાબેન એન. રાઠોડ | મંજુબેન એન. બાંભણીયા | સંજય સી. દાઉદીયા | નિલેષ એચ. હાડા |
| ૧૧ | ભાજપ (૪) | હેતલબેન ડી. નકુમ | નિર્મળાબેન કે. વિસોરીયા | પ્રકાશ તેજાભાઈ રાઠોડ | પુર્વેશ સી. પરમાર |
| ૧૨ | કોંગ્રેસ/આપ | જેનબ આઈ. ખફી | સહારા એ. મકવાણા | અસલમ કે. ખીલજી | અલ્તાફ જી. ખફી |
| ૧૩ | ભાજપ (૪) | પ્રવિણાબેન જે. રૂપડિયા | બબીતા એમ. લાલવાણી | ધવલ પ્રભુભાઈ નાખવા | અમર ઈશ્વરભાઈ કનખરા |
| ૧૪ | ભાજપ (૪) | શર્મીલા જીતેન્દ્ર નંદા | મનીષ પી. કટારીયા | સુરેશ આર. કટારમલ | - |
| ૧૫ | ભાજપ (૪) | રમીલાબેન આર. કણજારીયા | હર્ષાબા પી. જાડેજા | જયસુખભાઈ એલ. ઢોલરીયા | દિપક આર. શ્રીમાળી |
| ૧૬ | ભાજપ (૪) | ખ્યાતીબેન એમ. મુંગરા | નીતાબા બી. જાડેજા | ધનજીભાઈ એન. કછટીયા | પાર્થ પી. કોટડીયા |

શહેરનો એકમાત્ર વોર્ડ નંબર ૧૨ (લઘુમતી વિસ્તાર) એવો રહ્યો જ્યાં ભાજપને સફળતા મળી નથી. આ વોર્ડમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે બેઠકોની વહેંચણી થઈ છે, જેમાં બંને પક્ષોએ ૨-૨ બેઠકો જીતી છે. આ વોર્ડના પરિણામો પણ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે કારણ કે કોંગ્રેસ અને 'આપ' ના એક-એક ઉમેદવાર જેલમાં હોવા છતાં વિજયી બન્યા છે. આ અપવાદને બાદ કરતાં સમગ્ર જામનગરમાં ભાજપની આંધી જોવા મળી છે, જે દર્શાવે છે કે મતદાતાઓએ વિકાસ અને સ્થિરતાના નામે ભાજપને સર્વોચ્ચ શિખરે પહોંચાડ્યો છે.

# ચાંદીબજાર ચોકમાં ભાજપનો ભવ્ય વિજયોત્સવઃ ૬૦ વિજેતાઓ સાથે 'વિજય વિશ્વાસ સંમેલન'

## સાંસદ પૂનમબેન માડમ અને મંત્રી રિવાબા જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં જનતાનો આભાર મનાયોઃ સતત સાતમી વખત સત્તા મળતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ

**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૬૪ માંથી ૬૦ બેઠકો પર ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેરના ઐતિહાસિક ચાંદીબજાર ચોક ખાતે ભવ્ય 'વિજય વિશ્વાસ સંમેલન' યોજવામાં આવ્યું હતું. સતત સાતમી વખત મહાનગરપાલિકાનું સુકાન સંભાળવાની તક આપવા બદલ જામનગરની જનતાનો હૃદયપૂર્વક આભાર માનવા માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં હજારોની સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉમટી પડ્યા હતા.




આ વિજયી જશ્નમાં સાંસદ પૂનમબેન માડમ, શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી અને પ્રભારી ધનસુખભાઈ ભંડેરી સહિતના દિગ્ગજ નેતાઓએ મંચ પરથી જનતા જનાર્દનનો આભાર વ્યક્ત કર્યો હતો. સમારોહની મુખ્ય વિશેષતા એ રહી હતી કે ચૂંટણીમાં વિજયી બનેલા તમામ ૧૫ વોર્ડના ૬૦ કોર્પોરેટરોનો સ્ટેજ પર પરિચય કરાવી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે તમામ વિજેતા લોકપ્રતિનિધિઓ સાથે ફોટો સેશન પણ યોજાયું હતું. ભાજપના નેતાઓએ ૧૯૯૦ માં ૨૩ બેઠકોથી શરૂ થયેલી સફર આજે ૬૦ બેઠકો સુધી પહોંચવાને વિકાસની જીત ગણાવી હતી.

કાર્યક્રમ દરમિયાન પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી, જીતુભાઈ લાલ, પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ મેયરશ્રીઓ સહિતના અગ્રણીઓની હાજરીમાં વિજેતાઓની સાથે હિંમતપૂર્વક લડત આપનાર પરાજિત ઉમેદવારોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જેણે પક્ષની એકતાના દર્શન કરાવ્યા હતા. ચાંદીબજાર ચોક ઢોલ-નગારા અને આતશબાજીના નાદ સાથે ગુંજી ઉઠ્યો હતો. અંતમાં, જામનગરના વિકાસને નવી ઉંચાઈએ લઈ જવાના સંકલ્પ અને રાષ્ટ્રગાન સાથે આ વિજય વિશ્વાસ સંમેલનનું ભાવપૂર્ણ સમાપન થયું હતું.

## જિલ્લા પંચાયતની ૨૪ માંથી ૧૮ બેઠક ભાજપને, ત્રણ આપ, બે કોંગ્રેસને મળી

જામનગર જિલ્લા પંચાયતમાં ફરી એક વખત ભાજપે સત્તાનું સૂકાન સંભાળ્યું છે. અને કુલ ૨૪ માંથી ૧૮ બેઠકો કબજે કરી છે.

જામનગર જિલ્લા પંચાયત ની ૨૪ બેઠક માટે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયા માંથી અગાઉ ૧ બેઠક બિનહરીફ જાહેર થઈ હતી. જ્યારે ૨૩ બેઠકો માટે ગત રવિવારે મતદાર યોજાયા પાછી આજે મતગણતી કરવામાં આવી હતી. જેમાં ૧૮ બેઠકો ભાજપ ને મળી છે.

જ્યારે ત્રણ બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાર બે બેઠક ઉપર કોંગ્રેસના અને એક બેઠક અગાઉ બિન હરીફ જાહેર થઈ છે.

આમ જામનગર જિલ્લા પંચાયતમાં ફરી એક વખત ભાજપે સત્તાનું શું કામ સંભાળ્યું છે. જે બેઠકો ભાજપને મળી છે તેમાં આમરા , આલિયા , બેડ , ચેલા , ધુવાવ,. ધુતારપર , ગીગાણી ,ખીમરાણા ,મોરકંડા , જોડીયા , ખરેડી , ખારવા , લાલપુર ,લતીપુર , નવાગામ , સતાપર , સિંગચ અને શેઠ વડાળા બેઠક નો સમાવેશ થાય છે.


જ્યારે ભાણગોર , મોટી ગોપ અને પીપરટોડા ની બેઠકો આમ આદમી પાર્ટી ને મળી છે. તથા ખંઢેરા અને નિકાવા ની બેઠક કોંગ્રેસને ફાળે ગઈ છે જ્યારે પીઠડ ની બેઠક બિન હરીફ થવા પામી છે.

### 'ફૂલ નહીં ચિનગારી હૈ, હમ ભારત કી નારી હૈ' ના સૂત્ર સાથે

# મહાપાલિકામાં ભાજપની ઐતિહાસિક ક્લીન સ્વીપ, 'ત્રણ નારી શક્તિ'નું પ્રભુત્વ ઝળહળ્યું

## ૩ નારી વિપક્ષ પર ભારી

## સાંસદ પૂનમબેન માડમ, રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા તેમજ શહેર ભાજપ અધ્યક્ષા બીનાબેન કોઠારી - આ ત્રણેય મહિલા નેતાઓએ ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી



જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ માટે અત્યંત આકર્ષક અને આશ્ચર્યજનક પરિણામો સામે આવ્યા છે. શહેરમાં ભાજપનો પ્રચંડ દબદબો જોવા મળ્યો છે, અને મોટાભાગના વોર્ડમાં ક્લીન સ્વીપ નોંધાયો છે. કુલ ૧૬ વોર્ડમાંથી ૧૫ વોર્ડમાં ભાજપે સળંગ વિજય મેળવતાં આ પરિણામ ઐતિહાસિક ગણાઈ રહ્યું છે.

આ ચૂંટણીમાં ખાસ કરીને જામનગર જિલ્લામાં 'ત્રણ નારી શક્તિ'નું પ્રભુત્વ સ્પષ્ટ રીતે જોવા મળ્યું. જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા તેમજ શહેર ભાજપ અધ્યક્ષા બીનાબેન કોઠારી - આ ત્રણેય મહિલા નેતાઓએ ચૂંટણીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી અને ભાજપને પ્રચંડ જીત તરફ દોરી ગયા. આ નારી શક્તિના ત્રિવેણી સંગમે જામનગર મહાનગરપાલિકામાં એવું પરિણામ આપ્યું છે, કે સમગ્ર રાજ્યભરમાં ભારતીય જનતા પાર્ટી માટે નોંધનીય વિજય બન્યો છે, અને 'ત્રણ નારી, સમગ્ર જિલ્લાના વિપક્ષો પર ભારી' જેવા વિપક્ષ માટે આંચકા જનક પરિણામો આવ્યા છે.

એકમાત્ર લઘુમતી વિસ્તાર (વોર્ડ નંબર ૧૨)માં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ બે-બે બેઠકો મેળવી છે, જ્યારે બાકીના તમામ વિસ્તારોમાં ભાજપે પ્રભુત્વ સ્થાપિત કર્યું છે. આ પરિણામો ભાજપની મજબૂત સંગઠન શક્તિ અને નેતૃત્વની અસર દર્શાવે છે.

મતગણતરી દરમિયાન હરીયા કોલેજ ખાતે પરિણામો જાહેર થતા જ ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. જામનગર જિલ્લા ભાજપના બે દિગગજ મહિલા નેતાઓ સાંસદ પુનમબેન માડમ, તેમજ રાજ્યના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા એકબીજાને ભેટી પડ્યા હતા અને ફૂલ નહીં ચિનગારી હૈ, હમ ભારત કી નારી હૈ, જય શ્રી રામ, ભારત માતા કી જય જેવા ગર્જતા સૂત્રોચ્ચારો સાથે જીતનો જશ્ન મનાવ્યો હતો. ખાસ કરીને ત્રણેય મહિલા નેતાઓને હાજર રહેલા સૌ કાર્યકરો દ્વારા વધાવી લેવાયા હતા, અને આનંદના દ્રશ્યો સર્જાયા હતા.

# જિલ્લાની છ તાલુકા પંચાયતમાંથી પાંચમાં ભાજપ, જ્યારે એક તાલુકા પંચાયતમાં 'આપ' વિજેતા

જામનગર જિલ્લા ની છ તાલુકા પંચાયતની ૧૧૨ બેઠક માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાંથી પાંચ બેઠકો બિનહરીફ થયા પછી ૧૦૭ બેઠકો માટે મતદાન થયું હતું. જેમાં આજે મત ગણતરી થતા પાંચ તાલુકા પંચાયત માં ભાજપ એ કેસરિયો લહેરાવ્યો છે. જ્યારે એક તાલુકા પંચાયત માં આમ આદમી પાર્ટી એ સત્તા હાંસલ કરી છે.

જામનગર જિલ્લા ની છ તાલુકા પંચાયત ની સામાન્ય ચૂંટણી ની મ આજે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં જામનગર તાલુકા પંચાયતની કુલ ૨૬ બેઠક માંથી ૨૩ બેઠકો ભાજપે કબજે કરી છે. જ્યારે એક કોંગ્રેસ અને બે બેઠકો પહલા જ બિન હરીફ થવા પામી હતી.

ધ્રોળ તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાંથી ૧૪ બેઠક ભાજપ ને ફાળે ગઈ છે .જ્યારે બે બેઠકો ઉપર આમ આદમી પાર્ટી ના ઉમેદવાર વિજેતા થયા છે.

જોડીયા તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાંથી ભાજપને ૧૧ બેઠકો મળી છે. જ્યારે આપ ને બે અને કોંગ્રેસ.ને ત્રણ બેઠકો મળી છે.

જામજોધપુર તાલુકા પંચાયતમાં કુલ ૧૮ બેઠકોમાંથી ૧૧ બેઠકો ઉપર ભાજપે કેસરિયો લહેરાવ્યો છે. જ્યારે સાત બેઠકો આમ આદમી પાર્ટી એ કબજે કરીને મજબૂતીથી વિપક્ષનું સ્થાન હાંસલ કર્યું છે.

કાલાવડ તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકો માંથી ૧૪ બેઠકો ભાજપ ને ફાળે ગઈ છે જ્યારે બે કોંગ્રેસને એક અપક્ષ અને એક આમ આદમી પાર્ટી બેઠક ને મળી છે. જ્યારે લાલપુર તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકોમાંથી ૧૦ બેઠકો ઉપર આમ આદમી પાર્ટી એ કબજો જમાવ્યો છે. ત્યારે છ બેઠકો ભાજપને મળી છે.તથા એક બેઠક કોંગ્રેસ ને અને એક બેઠક અપક્ષ ને મળી છે.

આમ જામનગર જિલ્લા ની છ તાલુકા પંચાયત માંથી પાંચ તાલુકા પંચાયત માં ભાજપે વિજય વાવટો ફરકાવી દીધો છે.

# ભાજપની ભવ્ય વિજય રેલી સાથે 'ભગવો માહોલ' છવાયો

## ઢોલ નગારા સાથે અને ડી.જે.ના તાલે, ભવ્ય આતશબાજી સાથે વિજેતા ઉમેદવારો પોતાના મતવિસ્તારમાં મતદારોનો આભાર માનવા નિકળી પડ્યા







જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને મળેલા પ્રચંડ જનસમર્થન બાદ સમગ્ર શહેરમાં ઉજવણીનો માહોલ છવાઈ ગયો છે. સોળ વોર્ડમાંથી પંદર વોર્ડમાં ભાજપની પેનલો વિજયી બનતાં શહેરમાં એકતરફી 'ભગવો માહોલ' જોવા મળ્યો છે.

વિજય જાહેર થતા જ ભાજપના વિજેતા ઉમેદવારો પોતાના વિસ્તારોમાં વિજય રેલીઓ સાથે મતદારોનો આભાર માનવા નીકળી પડ્યા હતા. ઢોલ-નગારા અને ડી.જે.ના તાલ સાથે જુદા જુદા વિસ્તારોમાં ભવ્ય વિજય યાત્રાઓ યોજાઈ હતી. મોટી સંખ્યામાં કાર્યકરો કાર અને બાઈક રેલીઓ સાથે જોડાયા હતા, જેના કારણે સમગ્ર શહેર ઉત્સાહથી ગૂંજી ઉઠ્યું હતું.

આ વિજયોત્સવમાં જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા, દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી તેમજ શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી સહિત શહેર અને જિલ્લા ભાજપના આગેવાનો જોડાયા હતા. તમામ આગેવાનો વિજેતા ઉમેદવારો સાથે રહીને કાર્યકરોમાં ઉત્સાહ ભરી રહ્યા હતા.



સવારે લગભગ ૧૧.૦૦ વાગ્યાથી વિજય રેલીઓનો પ્રારંભ થયો હતો, અને તાપમાન વધારે હોવા છતાં કાર્યકરોનો ઉમંગ યથાવત રહ્યો હતો. સાંજ સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં આ રેલીઓ ફરી અને , 'ભારત માતા કી જય' વંદે માતરમ, હર હર ભગવા છાયેગા, રામ રાજ ફિર આયેગા જેવા ગર્જતા સૂત્રોચ્ચારો ગૂંજી ઉઠ્યા હતા.

## વોર્ડ-૧૨માં જેલમાંથી ચૂંટણી લડેલા ઉમેદવારો જીત્યાઃ કટાઉટ સાથે નીકળ્યા વિજય સરઘસ



જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં. ૧૨ એ શહેરના રાજકીય ઈતિહાસમાં નવો અધ્યાય ઉમેર્યો છે. આ વોર્ડમાં ભાજપનું ખાતું ખુલ્યું નથી, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ બે-બે બેઠકો કબજે કરી છે.

ખાસ વાત એ છે કે વિજેતા બનેલા બંને મુખ્ય પુરુષ ઉમેદવાર હાલ જેલમાં છે. ગુજસીટોક કેસના આરોપી કોંગ્રેસના અલ્તાફ ખફી અને અન્ય કેસમાં જેલવાસ ભોગવી રહેલા આપના અસલમ ખીલજી જેલમાંથી જ ચૂંટણી લડ્યા અને વિજયી બન્યા છે.

જીત બાદ બંને પક્ષો દ્વારા અનોખા વિજય સરઘસ યોજાયા હતા. ઉમેદવારો હાજર ન રહી શક્તા તેમના સમર્થકોએ અલ્તાફ ખફી અને અસલમ ખીલજીના ફોટો ફ્રેમ-કટાઉટ સાથે સરઘસ કાઢ્યું હતું. કોંગ્રેસના સરઘસમાં વિજેતા મહિલા ઉમેદવાર સહારાબેન મકવાણા અને આપના સરઘસમાં ચેન કભી જોડાયા હતા. ઢોલ-નગારા અને ફટાકડા સાથે સમગ્ર વિસ્તારમાં ઉજવણી કરવામાં આવી હતી.

વોર્ડ નં. ૧૨ માં આપ તરફથી એડવોકેટ જૈનબ બેન ખફી અને કોંગ્રેસ તરફથી સહારાબેન મકવાણા પણ વિજેતા બન્યા છે. જામનગર શહેરમાં આવી ઘટના પ્રથમ વખત બની છે જ્યાં ઉમેદવારની ગેરહાજરીમાં માત્ર તસવીરો સાથે બે વિજય સરઘસ નીકળ્યા હોય. આ પરિણામે શહેરના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે.

### સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં

# પદાધિકારીઓની વરણી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી કરાશે

## ૧૫ મહાપાલિકામાં મેયર અને ૩૩ જિલ્લા પંચાયતના પ્રમુખની વરણીમાં ભાજપ જ્ઞાતિ-જાતિના સમીકરણોને ફીટ બેસાડશે: તમામ સમાજને સાચવી લેવાની નીતિ

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપનો જય જયકાર થઈ ગયો છે. તમામ ૧૫ મહાપાલિકામાં કમળ ખીલ્યું છે. ૩૪ પૈકી ૩૩ જિલ્લા પંચાયતમાં ભાજપને બહુમતી પ્રાપ્ત થઈ છે. ૮૪માંથી ૭૮ નગરપાલિકા અને ૨૬૦ તાલુકા પંચાયતમાંથી ૨૫૩ તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના આડે હવે માત્ર દોઢ વર્ષ બાકી છે. ત્યારે સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા મહાપાલિકા અને જિલ્લા પંચાયતોમાં પદાધિકારીઓની વરણી સંપૂર્ણ પણે વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ કરશે તમામ સમાજની સત્તામાં પણ ભાગીદારી વધે તેવા ભરપૂર પ્રયાસો કરવામાં આવશે.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન ખૂબજ શાનદાર રહ્યું છે. કોંગ્રેસની બેઠકો ચોકકસ વધી છે. પણ વોટશેર ઘટયો છે. આમ આદમી પાર્ટી ગાજી એટલી વરસી શકી નથી. ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમવાર આટલી મોટી ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપને અકલ્પનીય સફળતા મળી છે. જો જનાદેશનો આ ટ્રેન્ડ જળવાય રહે તો વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ ૧૮૨ બેઠકોમાંથી ૧૭૦ બેઠકો જીતી લેશે. આગામી એકાદ સપ્તાહમાં ચૂંટાયેલા તમામ જન પ્રતિનિધિઓના નામ ગેઝેટમાં પ્રસિધ્ધ થયા બાદ નવા

(અનુ. આઠમા પાને)

## રાજકોટ સહિત ૧૦ મહાપાલિકાઓમાં 'કોંગ્રેસ'ને વિપક્ષનો દરજ્જો નહીં મળે

### કુલ બેઠકોની ૧૦ ટકા બેઠકો જીતવામાં અસફળ રહેલા કોંગ્રેસને હવે માન્ય વિપક્ષ તરીકે પણ સ્વીકારાશે નહીં: સુરતમાં તો પંજા કરતા સાવરણાનું પ્રદર્શન સારૂ રહ્યું

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં ભાજપનું બુલડોઝર ફરી વળ્યું છે. કોંગ્રેસનો સફાયો બોલી ગયો છે. પરિવર્તનનો પવન ફુંકવા નિકળેલા આપનો સાવરણો પણ ચાલ્યો નથી. હવે ફાઈનલ પરિણામ બાદ રાજ્યની ૧૫ પૈકી ૧૦ મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસ કે આપને વિપક્ષનો દરજ્જો પણ મળે તેટલી બેઠકો પ્રાપ્ત થઈ નથી. રાજકોટમાં સતત બીજી વખત કોંગ્રેસ માન્ય વિપક્ષનો દરજ્જો મળે તેટલી બેઠકો જીતવામાં અસફળ રહ્યો છે. અમદાવાદ, ગાંધીધામ, ભાવનગર, કરમસદ-આણંદ અને નવસારીમાં જનતાએ કોંગ્રેસને વિરોધપક્ષ તરીકે લાયક ગણી શકાય તેટલી બેઠકો આપી છે.

ગાંધીધામ મહાનગરપાલિકાની ૫૨ બેઠકો પૈકી કોંગ્રેસ ૧૧ બેઠકો જીત્યું છે. જેના કારણે તેને માન્ય વિરોધપક્ષનો દરજ્જો મળશે જ્યારે અમદાવાદમાં ૧૯૨ બેઠકો પૈકી કોંગ્રેસને ૩૨ બેઠકો મળી છે. જ્યારે ભાવનગર મહાપાલિકામાં ૫૨માંથી ૮, કરમસદ-આણંદ મહાપાલિકામાં ૫૨ માંથી ૮ અને વાપી મહાનગરપાલિકામાં ૫૨ માંથી ૧૧ બેઠકો જીતીને કોંગ્રેસે નિયમ મુજબ માન્ય વિપક્ષની લાયકાત મલે તેટલી બેઠકો જીતવામાં ચોક્કસ સફળતા મેળવી છે. મહેસાણા મહાનગરપાલિકામાં કોંગ્રેસ ૫૨ માંથી ૫ બેઠકો જીત્યું છે. જ્યારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ૫૨ માંથી માત્ર ૧ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર બન્યા છે. રાજકોટ મહાનગરપાલિકામાં

(અનુ. આઠમા પાને)

# ભવ્ય જીતથી સરકાર - સંગઠનની જવાબદારી વધી છે: મુખ્યમંત્રી

- ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીમાં હરિફોનો સંપૂર્ણ સફાયો થશે: જગદીશ વિશ્વકર્મા
- ગુજરાતની જનતા અને ભાજપ વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બન્યો: હર્ષ સંઘવી



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયને વધાવવા કર્ણાવતી મહાનગરના ખાનપુર સ્થિત જે.પી. ચોક ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા દ્વારા વિજયોત્સવ મનાવાયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ભવ્ય વિજય બદલ સમગ્ર ગુજરાતની જનતા જનાર્દનને સહૃદય કોટી કોટી વંદન કરતાં જણાવ્યું કે આજનો વિજય જનતાના ભાજપા પ્રત્યેના

(અનુ. આઠમા પાને)

## આકરા તાપમાં ભાજપના કાર્યકરો કરેલા પ્રચંડ પુરૂષાર્થની જીત : અમિત શાહ

### મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ અધ્યક્ષને અભિનંદન પાઠવતા ગૃહમંત્રી



કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે સમગ્ર ગુજરાત અને ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપાને મળેલા ભવ્ય વિજય બદલ રાજયના તેમજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સર્વે નાગરિકોનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ અમદાવાદ મહાનગરપાલિકા ઉપરાંત કલોલ, સાણંદ અને બાવળા તાલુકા પંચાયત, કલોલ નગરપાલિકા તેમજ અમદાવાદ અને ગાંધીનગર જીલ્લા પંચાયત તમામમાં

(અનુ. આઠમા પાને)

### વિકાસની જીત, ગુજરાતની જીત: વડાપ્રધાને ગુજરાતીઓનો આભાર માન્યો



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રચંડ વિજય બદલ સૌ વિજેતા ઉમેદવારોને, પક્ષના દેવદુર્લભ કાર્યકર્તાઓને તથા પક્ષના શીર્ષ નેતૃત્વને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અભિનંદન પાઠવ્યા હતાં.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે છેલ્લા ત્રણ દાયકામાં વિકાસની

(અનુ. આઠમા પાને)

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ

# આચારસંહિતા ઉઠાવી લેવાઈ: ફરી વિકાસ 'હડી' કાઢશે

## અલગ-અલગ ત્રણ તાલુકામાં માત્ર આચાર સંહિતા અમલમાં રહેશે લોકાર્પણ અને ખાતમુહુર્ત સહિતના સરકારી કામો વેગવાન બનશે

**અબતક, રાજકોટ**

રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે ગત ૧ એપ્રિલથી અમલમાં આવેલી આદર્શ આચાર સંહિતા ગઈકાલે ચૂંટણીના પરિણામો જાહેર થતાની સાથે જ ઉઠાવી લેવામાં આવી છે. હવે વિકાસ કામોનું લોકાર્પણ તથા ખાતમુહુર્ત કરી શકાશે કોઈ પણ સરકારી કામો પણ થઈ શકશે. માત્ર ત્રણ તાલુકામાં આચારસંહિતા અમલમાં રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર મુજબ તા. ૧ એપ્રિલથી રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા ૧૧ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ ૧૩ બેઠકોની પેટા ચૂંટણી માટે આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ હતી.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ અનુસાર ૬-ચિતરીયા તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. વિજયનગર, જિ. સાબરકાંઠા, (૨) ૩-અસ્તાન તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. બારડોલી, જિ. સુરત અને (૩) ૪-દહેગામડા તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. બાવળા, જિ. અમદાવાદની ચૂંટણી માટે ચૂંટણી કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

આ ત્રણ બેઠકોના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય / પેટા ચૂંટણીઓ-૨૦૨૬ અંગેની મતગણતરી ઉક્ત ત્રણ બેઠકો સિવાય આજ તા.૨૮-૦૪-૨૦૨૬ ના રોજ પૂર્ણ થયેલ હોવાથી, તા. ૦૧-૦૪-૨૦૨૬ ના પરિપત્રથી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં અમલમાં આવેલ આદર્શ આચારસંહિતા મતગણતરી પૂર્ણ થતા ઉક્ત ત્રણ તાલુકા પંચાયત મતદાર મંડળોના વિસ્તાર સિવાયના વિસ્તારમાં આચારસંહિતા અમલમાં રહેતી નથી.

# કાલે "સ્વાગત" કાર્યક્રમ: સીએમ અરજદારોને રૂબરૂ સાંભળશે

## સવારે ૮ થી ૧૧ ગાંધીનગર ખાતે રૂબરૂ જઈ ફરિયાદ કરી શકાશે

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો - ફરિયાદોના ઓનલાઈન નિવારણનો એપ્રિલ મહિનાનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ કાલે ગુરૂવારે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ-૨૦૨૬નો રાજ્ય સ્વાગત કાર્યક્રમ તા.૩૦મી એપ્રિલે યોજવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની આદર્શ આચાર સંહિતાને અનુલક્ષીને રાજ્ય કક્ષાનો ગત તારીખ ૨૩ એપ્રિલના રોજ યોજાનારો સ્વાગત કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો હતો.

આ સ્વાગત કાર્યક્રમ અંતર્ગત એપ્રિલ-૨૦૨૬નો રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ પાંચમા ગુરૂવાર એટલે કે ૩૦ એપ્રિલ, ગુરૂવારના રોજ યોજવામાં આવશે.

નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા.૩૦મી એપ્રિલના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ આ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

# કેબીનેટ બેઠકમાં મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીને શાનદાર જીત બદલ અભિનંદન આપતો ઠરાવ

## આચારસંહિતા ઉઠતાની સાથે જ ચાર સપ્તાહ પછી કેબીનેટની બેઠક મળી: વિવિધ મુદ્દાઓ પર ચર્ચા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના કારણે છેલ્લા ૨૮ દિવસથી રાજ્યમાં અમલમાં રહેલી આંચારસંહિતા ગઈકાલે મોડી રાત્રે ઉઠાવી લેવાની જાહેરાત કરવામાં આવતાની સાથે જ આજથી સરકાર ફરી એક્ટિવ મોડમાં આવી ગઈ છે. આજે બુધવાર હોય રાબેતા મુજબ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય સરકારના મંત્રી મંડળની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સાનદાર જીત બદલ મંત્રી મંડળના તમામ સભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો હતો. કેબીનેટમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

દર સપ્તાહે બુધવારે કેબીનેટની બેઠક મળે છે. જેમાં અલગ અલગ વિષયો પર ચર્ચા કરી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવતા હોય છે. ગત ૧ એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ રાજ્યભરમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ હતી. જેના કારણે કોઈ પણ વિકાસ કામોને મંજુરી આપી શકાય નહીં કે કોઈ વહીવટી નિર્ણય લઈ શકાય નહીં ગઈકાલે ચૂંટણીના પરિણામો જાહેર થતાની સાથે જ ત્રણ તાલુકાને બાદ કરતા

(અનુ. આઠમા પાને)

# સૂર્યદેવ રાતાચોળ: ૪૩.૬ ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર

## ૪૮ કલાક ગરમીનો પારો યથાવત રહેશે પારો ૪૪ ડિગ્રીએ પહોંચે તેવી શક્યતા રાજયના પાંચ શહેરોનું તાપમાન ૪૨ ડિગ્રી કરતા વધુ નોંધાયું

### બપોરના સમયે રસ્તાઓ પર કર્ફ્યુ જેવો માહોલ

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં રાત્રિના સમયે પણ ભારે બફારાનો અનુભવ થઈ રહ્યો હતો. ખાસકરીને હાઈવે માર્ગો પર પણ રાત્રીના સમયે ઉકળાટ અનુભવાયો હતો.ગરમી અને ઉકળાટના કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. ખાસ કરીને ૧૨થી ૪ વાગ્યા દરમિયાન લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. કામકાજ માટે નીકળતા લોકો પણ છાંયો અને ઠંડક શોધતા જોવા મળ્યા હતા. ગરમીથી બચવા લોકો ઠંડા પીણાં, છાશ અને લીંબુ પાણી તરફ વળી રહ્યા છે.

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં હાલ અંગ દઝાડતી ગરમીએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ, આગામી બે દિવસ સુધી રાજ્યમાં ગરમીનો પારો સતત ઊંચો રહેશે. રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી અને અમદાવાદમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સેલ્સિયસને વટાવી શકે છે, જેના કારણે પ્રશાસન દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

બપોરે અસહ્ય ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો અને ભેજનું પ્રમાણ ઘટી જતા રાત્રે પણ બફારાનો અનુભવ થઈ રહ્યો હતો.

સૌરાષ્ટ્રનું આર્થિક પાટનગર રાજકોટ ૪૩.૬ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું હતું. તે જ સમયે અમદાવાદમાં પણ ૪૩.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સતત વધતા તાપમાનના કારણે બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, હીટવેવની આ સ્થિતિ આગામી ૪૮ કલાક સુધી યથાવત રહેવાની શક્યતા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહેવાની ધારણા છે. આ આકરી ગરમીમાં લૂથી બચવા માટે બપોરના સમયે કામ વગર ઘરની બહાર ન નીકળવા અને વધુમાં વધુ પાણી અને પ્રવાહી પીવા માટે તબીબો દ્વારા સલાહ આપવામાં આવી છે.તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરી નાગરિકોએ પોતાના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું જરૂરી બની ગયું છે.

**ક્યાં શહેરનું કેટલું તાપમાન**

| | |
|---|---|
| અમદાવાદ | ૪૩.૨ |
| ડીસા | ૪૧.૮ |
| ગાંધીનગર | ૪૨.૮ |
| વડોદરા | ૪૧.૬ |
| ભુજ | ૪૦.૦ |
| કંડલા | ૪૧.૫ |
| અમરેલી | ૪૨.૯ |
| ભાવનગર | ૩૯.૭ |
| દ્વારકા | ૩૩.૫ |
| રાજકોટ | ૪૩.૬ |
| સુરેન્દ્રનગર | ૪૨.૮ |

